રાજ્યમિત્ર પત્રના ગ્રાહકોને પ્રથમ ભેટ.

# રોમિયો

અને

# જુલિયટ.

પ્રકાશક-અધિપતિ-રાજ્યમિત્ર.

# રોમિયો અને જુલિયટ.

મહાકવિ શેક્સપિયરના "રોમિયો
અને
જુલિયટ" ના નાટક ઉપરથી વાર્તા.

લખનાર
કલ્યાણરાય વ્રજરાય દેશાઇ.
ખાડીયા દેશાઇનીપોળ—અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ચીમનલાલ હલસુખરામ નાણાવટી.
રાજ્ય મિત્રના માલેક.
ઢાળનીપોળ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.
સને ૧૯૧૩. સંવત ૧૯૭૦.

કિંમત ૪ આના.

“ શ્રી સત્યનારાયણ ” પ્રિન્ટિંગ પ્રેસમાં,
પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.
ઠે. ડીસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

# પ્રસ્તાવના.

---

કવિગુરૂ શ્રી શેક્સપિયરનાં ચિત્તાકર્ષક—અનૂપમ નાટકો અંગ્રેજી વાંચક વર્ગના જાણુવામાં છે. ગુજરાતી ભાષામાં તે પૈકી કેટલાંકના ભાષાન્તર થયાં છે, તે બધાં કેટલેક અંશે લોકોને રૂચતાં નથી. કારણુ કે તેની ભાષામાં તથા ગદ્યપદ્યમાં અંગ્રેજી ઢબ આવેલી હોય છે. તેથી તે વાર્તા રૂપમાં ગોઠવાય તો લોકોને રૂચે, એવું ધારીને હાલમાં રોમિયો અને જુલિયટનું ભાષાન્તર વાંચક સમક્ષ મૂકું છું. હું જાણુતો નથી કે વાંચનાર આ પુષ્પના વાસથી આનંદિત થશે કે કંટાળશે. નન્દન વનની પારિજાત કુસુમની સૌરભ, આ તુચ્છ વન કુસુમમાં આશા રાખવી ઘણીજ અસંભવિત છે. તોપણુ આ પુષ્પ જોઇને જો પારિજાતની એક પાંખડીનું સૌન્દર્ય પણુ વાંચનારના મનમાં ઉદય થાય તો હું મારી તક સફળ થઇ માની, સંતોષ પામીશ.

શેક્સપિયરની કવિત્વ શક્તિનું વિવેચન કરવું એ કંઇ જેવું તેવું કામ નથી. એની અલૌકિક પ્રતિભાશકિત અને ત્રિલોક વ્યાપિની કલ્પનાને અમારી અલ્પ બુદ્ધિ કેવી રીતે કળી શકે? જે અસીમ અતલ સ્પર્શ કલ્પનાના સમુદ્રમાંથી મેકબેથ, ઓથેલો, હેમલેટ, રોમિયો અને જુલિયટ, વગેરે અમૂલ્ય કૌસ્તુભ નીકળીને જગતને પ્રકાશમય કરે છે, પંડિત શિરોમણી ગેટી, શ્લેગેલાદિ વિદ્વાનો જે કવિત્વ શક્તિનો થાગ કરી શકયા નહિ, તે અમાનુષિક શક્તિનો પરિચય આપવામાં પ્રવૃત થવું એ અમારા જેવા કીટાનુકીટને ઘણુંજ સમસાહસિકતાનું કામ થાય એમાં કંઇ સન્દેહ નથી.

શેકસપિયર **મનુષ્યના હૃદયનો કવિ હતો, તેણે બહારની દુનિયામાં હાથ નાંખ્યો નથી,** તે બહારની દુનિયાને ત્રણું વજન આપતો નહતો. મનુષ્યના હૃદય ઉપર તેનું સર્વ પ્રકારે આધિપત્ય હતું. તેની આન્તર જગતપર સર્વે પ્રકારની માલકી હતી. શેકસપિયરની કલ્પના પ્રકૃતિ સમુદ્રના જેવી વિસ્તૃત અને ઉંડી છે.

પૃથ્વિમાં વર્ણન કરવા જેવી બે વસ્તુઓ છે. અંન્તર જગત-મનુષ્યનું મન, અને બહારનું જગત-નિર્મળ આકાશ, સુન્દર ફેલાયલું જંગલ, મેઘમાળાના જેવી દેખાતી પર્વતની હાર, ઇત્યાદ, આ બેમાંથી જે કંઇ સુન્દર છે. તેમાં શેકસપિયરનો હાથ નથી મનુષ્ય જાતિમાં સુન્દર સ્ત્રીઓ છે, રમણીય હૃદયમાં પવિત્ર પ્રેમ પરમ સુન્દર છે, તે પ્રેમજ એકલો બતાવવો તે સ્હેલું છે. હૃદયની વિભિન્ન પ્રવૃત્તિમાં જે માણસના મનને ખેંચે છે તે સર્વે બતાવવું સ્હેલ છે. પિતા પુત્રને ખોળામાં લઇને ચુમ્બન કરે છે, પુત્ર વનમાં જશે એ સાંભળીને પિતા રૂવે છે, કન્યા સાસરે જશે તેથી વૃદ્ધ પિતા રૂવે છે. પ્રિયતમાના અકાલ મૃત્યુથી પતિ શોકમાં ગરકાવ થયો છે, સ્વામીના અકાલ મૃત્યુથી નવ વિધવા મોહપરાયણ થઇને પડેલી છે, પ્રિયાના એકાએક વિરહથી પ્રિય ઉન્મત્ત થઇને ફરતો ફરે છે અને જેને રસ્તામાં જુવે છે તેને પ્રિયાની ખબર પૂછે છે, વેલમોરને પ્રિય સમજીને આલિંગન કરે છે. આ સર્વ મનુષ્ય હૃદયના મોહિનીમય ભાવ છે. આ ભાવ બતાવવા તે ઘણુંજ અઘરૂં છે ને તે કવિ ગુરૂ કાલિદાસ બતાવી શકયો છે તે આવા ભાવનો ખરેખરો ઉસ્તાદ છે. પરન્તુ જ્યાં દશપંદર એકમેકથી ઉલટા ભાવ એકદમ ઉદય થઇને અન્તરાકાશને અંધારામાં આણે, જ્યાં હૃદયક્ષેત્રમાં લડાઈ ચાલે, જ્યાં

ભાવ સાથે ભાવ સબંધ થવાનો યત્ન હોય, ત્યાં શેકસપિયર શિવાય બીજા કોઈ કવિની ગતિ નથી. એક તરફથી પાપની સ્મૃતિ અનુભવના બોઝાથી હૃદયને ભારવાળું કરે છે, અને તે વેળા એજ જે પાપને ઢાંકવાનાં યત્ન કરે છે, તે વેળાએ તે ભાવ છુપાવવા માટે કાર્યમાં મત્ત થઇને તે કરતો નથી, એ બહારનું ગેબ દેખાડે છે. આ સર્વ હૃદય વૃત્તિનીજ જટીલતા મનુષ્ય સ્વભાવની અસ્થિરતા આ બે વિરોધી ભાવનો એકદમ વિકાસ કરવામાં શેકસપિયરના શિવાય બીજો કોઇપણ સમર્થ નથી. શેકસપિયર મનુષ્ય ઉત્પન્ન કરી શકે છે, તમે જેવો માણસ માગશો તેવો શેકસપિયર તૈયાર કરી આપશે. ક્લિઓપેટ્રા, મેકબેથ, પોર્શીયા, ડેમકુઈકનિ વિગેરે સ્ત્રીઓ તેણે તૈયાર કરી છે. ટુંકાણમાં શેકસપિયરની શક્તિ અગાધ હતી. અને આત્માનું પ્રાધાન્ય તે સમજતો હતો. તે કાલિદાસ સીવાય કોઈ પણ કવિ તેની બરોબરી કરી શક્યો નથી.

આવી અનુપમ શક્તિ બતાવનારાં નાટકો જે કવિ ગુરૂએ લખ્યાં છે તેમાંનું એક જે પ્રેમ શું છે તે બતાવે છે, અને પ્રેમમાં ભયભીતપણું નથી એ સાબીત કરે છે. અને પ્રેમની કેવી મહીપસી શક્તિ છે, તે બતાવનાર નાટક "રોમિયો અને જુલિયટ" વાંચક વર્ગ સન્મુખ મુકવામાં આવે છે અને તે વાંચનારને રૂચે તો મારો પ્રયત્ન સફળ માનીશ.

તા. ૧૫ ડીસેંબર ૧૯૧૩.

લેખક.

# ઉપોદ્ઘાત.

ઇટાલીના અતિરમણીય વેરોના શહેરમાં જ્યાં આપણી વાર્તાની શરૂઆત થાય છે, ત્યાં કેપ્યુલેટ અને માંટેગ્યુનાં બે મુખ્ય કુટુંબો રહેતાં હતાં. વંશપરંપરાની ચાલી આવતી તકરારોને લીધે બંને કુટુંબોમાં વૈરભાવ લાંબી મુદતથી ચાલ્યો આવતો હતો. તે એટલો બધો વધી પડયો હતો, કે દરેક કુટુંબનાં માણસો એક બીજાને દુશ્મન પ્રમાણે ગણતાં હતાં. એક કુટુંબનું માણસ બીજા કુટુંબના માણસને રસ્તામાં અથવા ગમે ત્યાં સહેજ મળે તોપણ એક બીજાને મેહેણાં માર્યા વગર અથવા મારામારી કર્યા વિના રેહે નહિં. બંને કુટુંબોના નોકરો ચાકરો વિગેરે પણ જો ભુલેચુકે સામસામી મળી જાય તો લડ્યા વગર છુટા પડે નહિં. એકાએકના મેળાપોથી ઘણીવાર કજીઆ થતા, જે વેરોના શહેરના વતનીઓની સુખદાયક શાંતતાને હરકત કરતા.

આ બે કુટુંબોનું વેર દૂર કરવાને બે કુટુંબનાં બાગમાંથી બે પુષ્પો બે દિવ્ય પ્રેમી પેદા થયાં અને તેઓના દિવ્ય પ્રેમને લીધે થયેલા દયાજનક અંતથી એ બંને કુટુંબોનું વેર દબાઇ ગયું.

# રોમિયો અને જુલિયટ.

## પ્રકરણ ૧ લું.

### સુખ દુઃખની છાયા.

સૃષ્ટિકર્તાએ ઇચ્છા કરી કે પ્રકાશ ઉત્પન્ન થાય. તેથી પ્રકાશ ઉત્પન્ન થયો. તે પ્રકાશમાં દિગંત ઉદ્દભાસિત થયું, રવિ ચંદ્ર ખીલી ઉઠયા, વિશ્વસંસાર પ્રકાશિત થયો. તે વખતે તે પ્રકાશનો મહિમા સમજવા માટે, પ્રકાશની ઇચ્છા વધારવા માટે, સ્રષ્ટાએ પ્રકાશની પછવાડે અંધકારની સૃષ્ટિ કરી. પ્રકાશમાં અંધારૂં ભેળવી દીધું. સૃષ્ટિએ પ્રકાશ તેમજ અંધકાર ઓળખ્યા, પ્રકાશને માટે સૃષ્ટિ વ્યાકુલ થઇ.

તે દિવસથી પ્રકાશમાં અંધારાની છાયા પડી, સુખમાં દુઃખ છુપાઇ રહ્યું, આનંદોત્સવ આંસુથી કલંકિત થયો.

પ્રભાત, ખુશ્નુમા પ્રભાત, પ્રાણિ માત્રને આનંદ આપનાર સુંદર પ્રભાતે વેરોનાના સુંદર શહેરપર પોતાનું રાજ્ય ચલાવ્યું સુર્યદેવે તેમની સોનેરી ચાદર વેરોનાપર પાથરી, બાલસુર્યના કિરણોથી વેરોનાવાસિઓએ જાણ્યું કે પ્રભાત થયું છે. કેપ્યુલેટના ઘરમાં આજે મોટો આનંદ છે. બધા ઉત્સવમાં મત્ત છે, બધા ખુશીથી

અધીરા બન્યા છે, ખાવાની સામગ્રી ઢગલે ઢગલા તૈયાર કરીને સોનાના તથા રૂપાના વાસણમાં ગોઠવાય છે, બહારના દરવાજા ઉપર રોશનીની તૈયારીઓ થાય છે, દરવાજાના ઉપર નોબત વાગે છે, ખાવાના તથા નાચના ઓરડાને દરવાજે દરવાજે તથા બારીએ બારીએ ફુલના હાર ને તોરણો તથા જરીના પડદા ટાંગેલા છે, દિવાલપર ઓરડાની નીચે હાંડીપર ઝુમરપર બધેજ ફુલ લગાડેલાં છે, ફુલનો તો સુમારજ નથી જાણે ફુલનુંજ બધું જણાય છે, ઓરડા જાણે ફુલનાજ કરેલા હોય નહિં ! વળી ફુલની કળીઓ, વેરોનાની સુંદરીઓ સુંદર કુમારીકાઓ ત્યાંજ ઉત્સવમાં ભાગ લેવા આવશે, અને તે ફુલની કળીઓની પાછળ હજારો ભ્રમરો વેરોનાના યુવાનો તે કળીઓનું ગાન કરશે અને તેથીજ કેપ્યુલેટનું મકાન આજે આનંદમાં મગ્ન થયું છે.

પણ દુનીયામાં આનંદ ને સુખ ચિરસ્થાયી નથી. એક બાજુ આનંદ અને બીજી બાજુ દીલગીરી. સુખમાં દુઃખનું મિશ્રણ એ દુનીયાના રીવાજ મુજબ એક બાજુ આનંદ છે ત્યારે બીજી બાજુએ એકાએક રસ્તામાં ગરબડ સંભળાય છે. કોઇ કહે છે મારો, કોઇ કહે છે કાપો, કોઇ કહે છે પકડો, કોઈ કહે છે નાસો, જોતજોતામાં શહેરનો જનસ્રોત ત્યાં આવી પહોંચ્યો. જે જેને મળે તે તેને મારે છે, જેને જેવો લાગ મળે છે તેવો તે નાસે છે, કોઈ સમજીને મારે છે, કોઇ ન સમજતાં મારે છે, કોઇ છેટેથી જોઇને પડતો આખડતો નાસે છે. કેપ્યુલેટનાં માણસો માંટેગ્યુનાં માણસોને મારે છે ને માંટેગ્યુનાં માણસો કેપ્યુલેટનાં માણસોને મારે છે. મોટી ગડબડમાં કાંઇજ સંભળાતું નથી. ફક્ત એટલુંજ સંભળાય છે કે આ રહ્યો કેપ્યુલેટનો

ભત્રીજો, આ રહ્યા કેપ્યુલેટનો ભાણેજ, આ રહ્યા કેપ્યુલેટનો સીપાઇ, આ રહ્યો માંટેગ્યુનો નોકર, મારો માંટેગ્યુના ભત્રીજાને, મારો કેપ્યુલેટને.

વ્યાપાર બીજો કાંઇ નથી, કેપ્યુલેટના ભત્રીજા ટાઇબોલ્ટે અને માંટેગ્યુના ભાત્રજા બેનીવોલીયોએ પોતપોતાની ટોળીઓના માણસો લઇને રસ્તામાં આ બખેડો મચાવ્યો છે. રસ્તે જનારાઓમાંથી જેને જેમ ફાવે છે તેમ બોલે છે અને જેમ ફાવે છે તેનો પક્ષ લે છે. કેપ્યુલેટના માણસો આ માંટેગ્યુનાં માણસો છે એમ સમજીને મારે છે અને માંટેગ્યુનાં માણસો આ કેપ્યુલેટનાં માણસો છે એમ સમજીને મારે છે. કેટલાકોએ કોઇનો પણ પક્ષ લીધો નથી. તેઓને જે મળે છે તેને મારે છે, અને જે મળે છે તે તેઓને મારે છે. ઘણીજ ગડબડ થઇ રહી છે. જાણે શહેરમાં લુંટ પડી.


આ ભયાનક ગડબડ સાંભળીને એક બાજુએથી હથીયાર સજીને કેપ્યુલેટ અને બીજી બાજુએથી માંટેગ્યુ આવી પહોંચ્યા. વેરોનાનો રાજા પણ સિપાઇઓની ફોજ સાથે વિરોધની જગ્યાપર એક બાજુએથી આવી પહોંચ્યો. સિપાઇઓના મારથી માણસોની ઠઠ કાંઇ ઓછી થઇ. જેને જેવો લાગ મળ્યો તેવા તે નાસવા લાગ્યા. કલહ અટકયો, રાજાએ તરતજ કેપ્યુલેટ અને માંટેગ્યુને પોતાની પાસે બોલાવ્યા, અને ક્રોધથી યથાચિત તિરસ્કાર આપીને કહ્યું. "તમે વારંવાર મારો હુકમ તોડીને આવી રીતે શહેરમાં શાંતિનો ભંગ કરો છો, અને રાજયકાર્યમાં વિઘ્ન ઉત્પન્ન કરો છો. હું ઘણા દિવસથી તમને માફી આપતો આવ્યો છું, પણ હવે તમો બંને રાજદ્રોહી થયા છો. રાજદ્રોહીને હવે હું માફી આપી શકતો નથી. હવેથી

જે કોઇ વિવાદનો આરંભ કરશે, તેની કાંઇ પણ વાત નહિં સાંભળતાં હું તેને ફાંસી ઉપર લટકાવીશ. આ કહેવું તમારે યાદ રાખવું, મારે હવે તેમજ કરવાની જરૂર છે. આજે હું તમને અતિ સખ્ત પ્રતિજ્ઞાથી આજ્ઞા કરીશ."

ત્યાર પછી કેપ્યુલેટની તરફ મ્હોં ફેરવીને કહ્યું "કેપ્યુલેટ તમે હમણાં મારી જોડે ચાલો. માંટેગ્યુને કહ્યું. તમે મને સાંઝે મળજો.

આવો હુકમ આપીને રાજા પોતાના સિપાઇઓની સાથે ત્યાંથી ચાલ્યો ગયો. કેપ્યુલેટ ઘણો દિલગીર થતો થતો તેની પછવાડે ચાલ્યો.

વિપુલ આનંદનાં વિષાદની છાયા પડી સુખની તૈયારી કરતાં કરતાં દુ:ખ પહેલાં આવીને મળ્યું.



## પ્રકરણ ૨ જું.

### મીત્ર પાસે ભેદ.

થોડીજ વારમાં માણસોની જામેલી ઠઠ વેરાઈ ગઈ. બધા પોત પોતાને ઘેર ગયા, ફક્ત માંટેગ્યુ માંટેગ્યુની સ્ત્રી તથા બેનવોલીયો ત્યાં રહ્યાં, માંટેગ્યુ કાંઈક ચીંતાતુર હતો, તેથીજ કંઈક ગંભીર જણાતો હતો. રાજાનો હુકમ છે કે મારે આજે સખ્ત પ્રતિજ્ઞા લેવી પડશે. માંટેગ્યુએ બેનવોલીયોને પુછ્યું. "કોણે પાછી આ હોલવાયેલી આગ સળગાવી? આ વિવાદ કોણે પાછો આજે શરૂ કર્યો?"

આ સાંભળીને તુરતજ બેનવોલીયો કાંઇક ગભરાયો, પહેલાં તે જરા ગોળગોળ બોલતો જણાયો પણ પછીથી તેણે બધો દોષ કેપ્યુલેટના માણસો ઉપર મૂક્યો અને પોતાની જાતનો બચાવ કરીને સાબીત કર્યું કે તેમાં તેનો બીલકુલ વાંકજ નથી. માંટેગ્યુએ બેનવોલીયોની બધી વાત ઉપર વિશ્વાસ રાખ્યો ને તેને પુરે પુરી ખાત્રી થઇ કે આજની લડાઇની શરૂઆત કેપ્યુલેટનાં માણસોએજ કરી છે, બીજાના દોષથી પોતે સજાને પાત્ર થાય છે તેથી માંટેગ્યુ વધારે ગુસ્સે થયો.

એટલામાં માંટેગ્યુની સ્ત્રીએ આસપાસ નજર ફેરવીને ગભરાતાં ગભરાતાં પુછ્યું "બેનવોલીયો રોમીયો ક્યાં છે" મારૂં નસીબ ઘણુંજ બળવાન છે કે તે અહિં નથી. આજે શું તે તમને મળ્યો હતો ?

બેનવોલીયો જરા ગુસ્સે થયેલા અવાજથી બોલ્યો "મા તે પ્રભાતમાં હતો સુર્યોદયની પહેલાં તે મને બગીચામાં મળ્યો હતો. મેં તેને બોલાવ્યો તેણે સાંભળ્યા છતાં ધ્યાન આપ્યું નહિં; હું તેની પાસે

ગયો તે જોયા છતાં તેણે જોયું નહિ. હું તેની સાથે ચાલ્યો પણ તે બીજે રસ્તે ચાલ્યો ગયો. જે નાસી જાય છે તેની જોડે શા માટે જાઉં આ?"

માંટેગ્યુએ અતિ વ્હાલથી કહ્યું "બેનવોલીયો હું પણ તેને ઘણા દિવસથી ત્યાં જોઉં છું. મેં જોયું છે કે ત્યાં તેના આંસુથી પ્રભાતનો ઓસ વધે છે, તેના ઉષ્ણશ્વાસથી ગગનના મેઘ દિગંત છવાએલા મેં જોયા છે. તે ત્યાં ઉષાના પ્રકાશ સરખો સુંદર દેખાતો નથી મારો દીલગીર છોકરો અજવાળાથી દૂર ભમ્યા કરે છે. બંધ કરેલા તેના ઓરડામાં એકલો પોતાના મનમાં શુંનું શું બોલે છે, બારીઓ બંધ કરે છે, દિવસનું સુંદર અજવાળું આવતું બંધ કરીને બનાવટી રાત તેના ઓરડામાં કરે છે, હમણાં જો તું ગમે તે ઉપાય કરીને તેની તેવી સ્થિતી દૂર કરી શકે તો ઘણુંજ ઠીક, નહિં તો પછી હું ભવિષ્યમાં આ તેના ભાવનું પરિણામ સારૂં જોઇ શકતો નથી."

બેનવોલીયોએ પૂછ્યું "આમ થવાનું કાંઈ કારણ."

માંટેગ્યુએ કહ્યું "કંઇજ નહિં હું શી રીતે જાણું."

બેનવોલિયોએ પૂછ્યું "શું તમે કોઇને કોઇ પણ વખત આ તેની સ્થિતિ વીષે પૂછ્યું હતું?"

માંટેગ્યુ બોલ્યો "કેટલીક વખત મેં પૂછ્યું હતું. બીજાની દ્વારા પૂછાવ્યું હતું પરંતુ તેણે તેના મનની વાતો કોઇને મોઢે કહીજ નથી, તેનું પોતાનું દુઃખ કોઇને જાણવા દીધું નથી. ફૂલની ખીલતી કળીમાં ઝેરી કીડો દાખલ થયો છે. ફૂલની ખીલતી કળીમાં ઝેરી કીડો લાગ્યાથી જેમ કળી ખીલતાં પહેલાંજ ખરી જાય છે. તેમ કોઇ જાણી શકતું નથી, કોઈ સમજી શકતું નથી કે કળી શાથી કરમાઈ ગઇ, શાથી

ખરી પડી, તેમજ મારો પ્યારો પુત્ર દહાડે દહાડે કરમાઇ જાય છે, જો તેના માનસીક દુઃખનું કારણ હું જાણી શકું તો મારૂં સર્વસ્વ અર્પણ કરીને પણ હું તેનું દુઃખ દૂર કરૂં."

બેનવોલીયોયે કહ્યું "તમે મહેરબાની કરીને દૂર ખસી જાઓ રોમિયો આ તરફ આવે છે, આજ હું તેનું દુઃખ જાણીશ, નહિં તો ફરીથી કોઇ દિવસ તેને પુછીશ નહિ."

પિતા માતા જતાં રહ્યાં, રોમિયો આવ્યો, બેનવોલીયોએ તેની તરફ જોયું, રોમિયોનું મુખ સુકું છે, હોઠ સુકા પડેલા છે, આંખ જ્યોતિ વગરની છે, ચાલવાની તેનામાં શક્ત નથી, શરીર દુબળું પડેલું છે. બેનીવોલીયો અને રોમિયો બંને મળ્યા, રોમિયો ચમકીને બોલ્યો "શું હમણાં દિવસ આટલો બધો ચડ્યો છે, શું સવાર થઇ ગયું?"

બેનીવોલીયોએ કહ્યું "હા ભાઇ નવ વાગ્યા છે."

રોમિયોયે કહ્યું "હાય! દુઃખનો વખત લાંબોજ લાગે છે, હાય! આ દુઃખના દિવસ જવા ચહાતા નથી. શું હમણાં અંદર મારા પિતા ગયા?

બેનીવોલીયોયે કહ્યું "હા ભાઈ રોમિયો, ત્હારા દિવસો શા દુઃખથી લાંબા થયા છે?"

રોમિયો ઘણું થોડું બોલનારો છે, તેનો ચ્હેરો એટલો દિલગીરીવાળો ને નિરાશાયુક્ત હતો તે જોઇને બેનીવોલીઓની આંખમાં આંસુ આવ્યાં. બેનીવોલીયો તે વખતે રોમિયોના બે હાથ ઝાલીને આદર કરીને બોલ્યો. ભાઇ રોમિયો દુઃખ હવે કેટલા કાળ સુધી છુપાવી રાખશો? મને કહો કિયા દુઃખથી તમે જર્જરિત થાઓ છો?

ઘણા દિવસથી હું તમને પૂછુંછું, તમે તરેહવાર બહાનાં કાઢો છો, આજે હું તમને છોડવાનો નથી, તમારે કહેવુંજ પડશે.

રોમિયો મુંગો રહ્યો " થોડીવારે તે બોલ્યો ભાઇ તે દુઃખની વાર્તા તમારે સાંભળવી જરૂર નથી. જે આગમાં હું બળું છું તે મારામાંજ રહેવી જોઇએ. તમને શામાટે બાળું.

બેનીવોલીયો વ્યાકુલ થઇને બોલ્યો " રોમિયોભાઇ તમારા દુઃખમાં ભાગ લઇ શકવાથી પણ હું સુખી થઇશ. તમારી જોડે રોઇને પણ મને સુખ છે. શું તમે જાણતા નથી કે મિત્ર મિત્રમાં હૃદયની વ્યથા વિભક્ત થયાથી મનનું દુઃખ અડધું ઓછું થઈ જાય છે. તેજ હું તમને વિનયપૂર્વક કહુંછું કે કિયા દુઃખથી તમને આ સુખનો સમય દુઃખમય થયો છે, તે મને સ્પષ્ટ કહો. પ્રાણ આપીને પણ હું તમારૂં તે દુઃખ દૂર કરીશ.

રોમિયો દિલગીરી ભરેલા અવાજથી બોલ્યો, " ભાઈ હું મારા પોતાના દુઃખથી ભરેલો છું તમારૂં દુઃખ આવીને આ દુઃખમાં મળ્યાથી તેનો બોજો સહન કરી શકીશ નહિં. આ દુઃખની વાર્તા તમે સાંભળશો ના.

પરંતુ બેનીવોલીયોએ કોઈ પણ રીતે તેની હઠ છોડી નહીં. પેલી બાજુએ રોમિયોનું હૃદય એકદમ ભરાઈ આવ્યું હતું, હવે તે છુપાવવું ઘણું મુસ્કેલ હતું, તેથી અતિ ધીરે અને ખેદીત સ્વરથી તે બોલ્યો. " સાંભળ ભાઇ બેનીવોલીયો હું પ્રેમમાં છું. એક સ્ત્રીને મેં મારૂં હૃદય અર્પણ કર્યું છે.

બેનીવોલીયોએ કહ્યુ " તે તો તમે નહિ કહ્યું હોત તો પણ સમજાય એવું હતું. " ત્યાર પછી ?

રોમિયોએ કહ્યું ત્યાર પછી તે બહુ ખુબસુરત છે."

એનીવોલીયોએ કહ્યું " એ પણ મને સમજવાને બાકી રહ્યું નથી" પછી બીજું શું.

રોમિયોએ કહ્યું. " તમે ચતુર છો, જે સમજવાનું હતું તે તો તમે સમજ્યા છો હવે તમે જે સમજ્યા નથી. તે સાંભળો હું તેને ચાહુંછું પણ તેને પ્રાણ આપ્યા છતાં અને નામ રટન કર્યા છતાં હું તેનુ મન મેળવી શકતો નથી, તે મને ચ્હાતી નથી. મેં ઘણું સમજાવ્યું, હું ઘણો રોયો, પણ એક દહાડો એ તેણે મારી સામું જોયું નહિ. તે દરરોજ આવું એક વાકય કહેતી હતી કે, હું મારૂં હૃદય કોઇને પણ સમર્પણ કરીશ નહિ. શું સ્ત્રીઓ આટલી બધી સખ્ત હોય છે ! હાય ! "

એનીવોલીયોએ પૂછ્યું " ત્યારે શું તે સ્ત્રીએ કુંવારી રહેવાનો દૃઢ નિશ્ચય કર્યો છે ? "

રોમિયોએ કહ્યું " કદાચ તેમ હોય તો કોણ જાણે. "

એનીવોલીયો " ત્યારે તેને ભૂલી જાઓ મિત્ર. "

રોમિયો બોલ્યો " કોને ભુલુ ? શીરીતે ભૂલું તે કહો જોઇએ ? ભાઇ તેને ભૂલતાં તમે મને શીખવો.

એનીવોલીયોએ કહ્યું તમે હજુ નાના છો, બહારના દેખાવથી તમે લુબ્ધ થઇ ગયા છો. હું તમને વિનંતી કરૂં છું કે ભાઇ તમે વેરોના શહેરને ચારે તરફથી તપાસી આવો. ત્યાર પછી ભુલવા વિગેરે સંભારવાની વાત કરજો.

રોમિયોએ કહ્યું " તમે ભૂલોછો ! જેમ જેમ ઘેર ઘેર ફરીશ

તેમ તેમ કેવળ તેની મીઠાશ અને તેનો પ્રેમ વધશે. આંધળાને તમે આંખની ખોટ વધારવા કહો છો. જાઓ બેનીવોલીયો તમે કાંઇ મારૂં કામ કરી શકવાના નથી. વિસ્મરણનો મંત્ર તમે મને શીખવી શકતા નથી.

આટલું કહીને રોમિયો ત્યાંથી જવા નીકળ્યો. તેને રોકયો ને બેનીવોલીયોયે કહ્યું.

" તે મંત્ર હું તમને શીખવીશ, જો હુ તે તમને નહિં શીખવી શકું તો તેને માટે પ્રાણ આપીશ. "

આ વાત ચાલતી હતી તે અરસામાં બીજો એક માણસ ત્યાં આવીને ઉભો. તેણે રોમિયોને એક પત્રિકા હાથમાં આપીને કહ્યું કે ભાઈ આપની મતલબ મને કહો. એ કેપ્યુલેટના ઘરની નોતરાની ચીઠી હતી તેમાં નોતરેલા માણસોની યાદી હતી. રોમિયોયે નામ વાંચીને સંભળાવ્યાં પણ તેમાંનું એક નામ વાંચતાં તેનો કંઠ રૂંધાઇ ગયો.

બેનીવોલીયોયે જોયું કે તે નામ રોઝાલીન છે. તે માણસ ઉપકાર માનીને ત્યાંથી ચાલતો થયો પણ પળવાર પછી પાછો આવીને બોલ્યો કે " મહાશય આપ જો માંટેગ્યુના કુટુંબના આદમી ના હો તો આપ ત્યાં પધારી શકો છો.

રોમિયોયે કહ્યું, " હા ઠીક છે " માણુસ ગયો. બેનીવોલીયો કાંઈક વિચારમાં મશગુલ જણાયો તેના મનમાં એક નવો સંકલ્પ ઉદય પામ્યો. તેણે રોમિયોને કહ્યું ભાઇ આજે કેપ્યુલેટના ઘરમાં ચંદ્રની બજાર ભરાશે, ત્યાં તમારી રોઝાલીન પણ આવશે ત્યાં જાઓ. ત્યાં જઇને વેરોનાની ઘણી સુંદરીઓની અને તમારી રોઝાલીનની

તુલના કરી આવો કે તમારી આંખમાં આંગળી દઇને દેખાડીશ કે રાજવંશી સમજીને એક કાગડીને માટે તમે કેવા ગાંડા થયાછો.

રોમિયો ઘણો ગુસ્સે થયો. સૃષ્ટિકર્તા રોઝાલીન જેવી ખુબસુરતી બીજી એક ઘડી શકે છે.

એમ જાતે સૃષ્ટા આવીને કહે તોપણ રોમિયો તે માને નહિં તો બેનીવોલીયો શી બીસાત.

જુવાનીનો આવો મોહ છે! આવી મમતા છે! પરંતુ મારી રોઝાલીનને જોઈશ ને તેને જોઇનેજ હું સુખી થઈશ ને આનંદ માનીશ. આજે રોઝાલીન વધારે સુંદર બનીઠનીને આવશે. આ વિચાર રોમિયોના મનમાં ઘણો પ્રબળ થઈ પડયો. લોભીને લોભનો થોભ નથી તેમ રોમિયો આ લોભ રોકી શકયો નહિં. મિત્રના કહેવા પર રાજી થયો. મિજબાનીના મકાનમાં જવાનો દ્રઢ નિશ્ચય કર્યો.

બંને મિત્રો રાત્રીની વાટ જોતા વ્યાકુલ થઇને બેઠા. એક રોઝાલીનને દુનીઆની સ્ત્રીઓમાં સુંદર ઠરાવવા ચહાતો હતો અને બીજો તેને કદરૂપી ઠરાવવા ચહાતો હતે. રોઝાલીન આ જાણે તો કોની વાત રાખે તે તે જાતેજ જાણે.

## પ્રકરણ ૩ જું.

### બાળિકા કે તરૂણિ?

વેરોના શહેરમાં લોર્ડ કેપ્યુલેટ મોટો ધનવાન માણસ છે. કેપ્યુલેટને સંપતિમાં માત્ર એક કન્યાજ હતી ને તેને તે અતિ વહાલથી ચહાતો હતો. તેનું નામ જુલિયટ હતું. તેની ઉમર ચઉદ વર્ષની હતી.

આ ચઉદ વર્ષની છોકરીના શરીરમાંથી બાલપણનું રાજયત્વ ચાલ્યું ગયું છે. બાલ્યાવસ્થા ચાલી ગઈ છે, તોપણ નવો રાજા યૌવન હજુ સુધી આવી પહોંચ્યો નથી. રસ્તાની વચમાં કેવળ બંનેની મુલાકાત થઈ છે. તેથી રાજયમાં જરા ગેરબંદોબસ્ત થયો છે. જરા ગડબડ ચાલે છે. તેની સાથે શહેરના માણસોમાં પણ કંઇક ગડબડ મચી છે. કોઇનું રાજય સારી રીતે ચાલી શકતું નથી. તેથીજ જુલિયટને કોઇ કહે છે કે તે બાળીકા છે અને કોઇ કહે છે કે તે તરૂણી છે.

કળી ઉઘડી છે પણ હજુ ખીલીને ફુલ થયું નથી. કળી કે ફુલ ઓળખાતું નથી. કોઇ કળી જુએ છે અને કોઇ ફુલ જુએ છે.

જુલિયટ ઘણી સુંદર તથા અતુલ ઐશ્વર્યની અધિકારિણી છે. રૂપ તથા ધન એકત્ર છે. કહેવું પડે એમ નથી કે ઠેકઠેકાણેથી વિવાહનાં માગાં આવવાં લાગ્યાં, કેપ્યુલેટે વેરોનાના રાજકુલના સંબંધી પારીસ નામના એક પરમ સુંદર જુવાનને રોશન પરણાવવી એવું પોતાના મનમાં નક્કી કર્યું હતું. પારીસ પણ સાંજસવાર કેપ્યુલેટના

ઘરમાં આવવા જવા લાગ્યો. કેપ્યુલેટે કન્યાનું મન જાણ્યા પછી સ્પષ્ટ કહીશ એવું પારીસને વચન આપ્યું પારીસ પોતાનાં રૂપ ગુણ તથા કુલમર્યાદાનો મનમાં ને મનમાં વિચાર કરતો કરતો ઘરમાંથી ગયો.

કેપ્યુલેટે તો વાત ઘણી સહેલમાં કરી નાખી, પણ કામ તેની પાસે તેટલું સહેલું જણાયું નહિ, તેથી હમેશના રીવાજ પ્રમાણે પોતાની સ્ત્રીની મદદ લેવાને ગયો. બાયડી એકતો ગૃહાધિકારિણી છે, તેમાં વળી તાલેવનની સ્ત્રી છે અને તેને વળી સ્વામીની ઉપર એક હાથ દેખાડવાનો મોટો લાગ હાથમાં આવી પડ્યો છે. તેથી શેઠાણી એકીવારે આતુર થઇને સગર્વથી કન્યાના મકાનમાં આવી.

બગીચો ઘણો વિશાળ છે. ચારે બાજુએ વૃક્ષોની હારો છે. વચમાં મનોહર બંગલો છે. બંગલાની ચારે બાજુઓ અતિ સુંદર છે, સુગંધ પુષ્પનું હસવું છે. બંગલામાં પુષ્પને પણ ટકર મારે તેવી કાંતિ છે. અનિંદ્ય મનોહર સુંદરી રોશનનો અનુપમ રૂપરાશિ છે. વાંચનાર અત્યાર સુધીમાં જાણીતા થયા હશે કે આ ઘર જુલિયાનો બંગલો છે. આવા ઘરમાં આવીને માતાએ પુત્રીને બોલાવી.

છોકરીએ આવીને પૂછ્યું, " માં શામાટે મને બોલાવી " માએ મો ઉઘાડ્યું, પરંતુ બોલાયું નહિ. કહેવાના બદલામાં છોકરીને ચુંબન કર્યું. ખીલેલા કમળની પાસે જાણે એક નવી કળી પાણીની નીચે માથું ઉપાડીને નીકળી હોયને !

છોકરીએ ફરીને પૂછ્યું. " મા મને કેમ બોલાવી? " મા આ વખતે બોલી. પણ તે છોકરીને કંઇ બોલી નહિં. છોકરીની ચાકરડીને કહ્યું, " તું અહિંથી જા, " ચાકરડી નિશ્વાસ મુકીને જવાને તૈયાર થઈ. વળી કંઇ વિચાર કરીને કહ્યું, " હા તે તને કંઇ સાં-

ભળવામાં હરકત નથી, શું તું જાણુતી નથી ? જઇશ ના," ચાક-રડી ગઇ નહિ.

તે વેળાએ માએ છોકરી તરફ જોઇને પછી ચાકરડીની તરફ ફરીને કહ્યું, " મારી જુલિયાની ઉમર હમણાં કેવી સુખની છે ? ચઉદ વર્ષ પણ હજુ પુરાં થયાં નથી. "

ચાકરડી આ વખતે ખરો લાગ આવેલો જોઇને, જુલિયા કિયા વારે, કિયા મહિનામાં, કિયા સમયમાં અવતરેલી હતી, વેળાએ વરસાદનું ભારે તોફાન થયું હતું, ધરતીકંપ થયો હતો વીગેરે હજારો વાત કહીને ત્યાર પછી વળી સુવાવડનો ઓરડો, જુલિયાની ધુળની રમત, તેનું કાલું કાલું બોલવું, ઢીંગલીઓની સાથેની તેની રમત, ઇત્યાદી વાતો એકીટસે કહેવા લાગી, તેની સાથે જરા રોઇને પોતાના મંદભાગ્યને ગાળો દીધી, વળી બહુ વખત પર તેના મરેલા ધણીને સંભાર્યો, જુલિયાની સરખી ઉમરનો તેનો એક પુત્ર હતો, તે દશ વર્ષ ઉપર મરી ગયો હતો તેને સંભાર્યો વિગેરે વિગેરે વિચીત્ર જીભપુરાણો ઉકેલ્યાં અને પછી મા અને છોકરી બંનેએ ઘણા કષ્ટથી તે વાતનો અંત આણાવ્યો.

ડોસી તે વેળાએ આંખ લોહીને નાક સાફ કરીને નિશ્વાસ મૂકીને બોલી. " હવે કાંઇ ઇચ્છા નથી ફક્ત મારી જુલિયટનો વિ-વાહ જોઇને મરૂં એજ ઇચ્છા છે "

હવે માને પણ લાગ મળ્યો ને બોલી " હા દિકરી રોશન હું પણ તેજ ઇચ્છું છું ને કહેવા આવીછું. કહે જોઇએ બહેન, હમણાં તને વિવાહ કરવાનું મન થાય છે કે નહિં ? "

હવે છોકરી ગભરાઇ, તેનો ચેહરો લાલ થયો જુલિયટ જમીન તરફ તાકીને બોલી "મા મેં તો સ્વપ્નામાં પણ આવિષે બીલકુલ વિચાર કર્યો નથી.

માએ કહ્યું, "બ્હેન જો તેં વિચાર કર્યો ના હોય તો હવે વિચાર કર તારા કરતાં જેઓ ઘણીજ નાની છે તેમના ખોળામાં સોનાના ચંદ્રમા હસે છે, અમને શું તે જોવું નહિં ગમતું હોય? હું તો ચૌદ વરસે મા થઇ હતી. હવે તું ખરી વાત જે હું કહેવા આવી છું તે સાંભળ. પારીસને તો તું સારી રીતે ઓળખે છે? તું સુંદર પારીસ તરફ ચાહ રાખે છે? તારા પિતાએ પણ એક રીતે કબુલ્યું છે. હવે બેન તારો તે માટે શો મત છે?"

આટલું કહીને માએ છોકરીના મોં સામું જોયું. છોકરીએ મો નીચું કર્યું.

ડોસીનું જીભપુરાણ પાછું શરૂ થયું "તે ખુશ થઇને પાછી બોલી, "કીયો પારીસ શેઠાણી? તે પારીસ? તે મીણનું પુતળું? પારીસ નહિ એતો પરી છે!

શેઠાણીએ કહ્યું "વેરોનામાં તેવાં બે ફુલ નથી." ડોસી આનંદીત થઇને બોલી. "ફુલ હા ફુલજ છે! વીણેલું ફુલ છે."

આથી માએ છોકરીની તરફ મોં ફેરવીને કહ્યું. "જુલ તું શું મોગરો છે! શું તને પારીસ પસંદ પડે છે? કુળમાં, શીલમાં, રૂપમાં, તથા ગુણમાં જેવો જોઇએ તેવો હું બીજા કોઇને જોતી નથી."

છોકરીએ માની વાતનો કાંઇ જવાબ દીધો નહિં. પણ ડોશીએ છોડી નહિં, તે અવાચક થઇને ગાલપર હાથ મૂકીને બોલી,

"નાની શેઠાણી? નાની નહિ મોટી શેઠાણી પરણવાથી છોકરાં થાય છે."

તે વેળાએ માએ આદર કરીને બે હાથથી છોકરીનું મોં ઝાલીને ફરી ચુંબન કરીને કહ્યું "કહે, હા કે ના? એક શબ્દ કહે. શું તને પારીસ ગમે છે કે નહિં?"

છોકરીનું મોં આ વખતે ઉઘડ્યું, અતિ મૃદુ, અતિ કોમળ સ્વરથી બોલી, "તે જોઈશ મા, જોઈશ જો સારો લાગશે તો."

માએ ધાર્યું કે સર્વ સમજી, છોકરીએ ધાર્યું કે મેં બધું કહ્યું છે. તેથી હવે મુંગીજ રહી. મા છોકરીનું મુખ ચુંબન કરીને ત્યાંથી ગઈ. છોકરી ઓસીકામાં મોં છુપાવીને સૂઇ ગઈ.

પેલી બાજુએ કેપ્યુલેટની સ્ત્રીએ એક જાળ પાથરી. કાળ વિલંબ નહિ કરતાં તે દહાડે રાતે તેઓએ પારીસને અને તેની જોડે વેરોનાના ઘણા યુવાન તથા યુવતીઓને પોતાના ઘરમાં નોતર્યાં, તે નોતરવાની મતલબ એ હતી કે, જુલિયા અને પારિસ બંને મળે તથા બંનેનાં હૃદય અરસપરસ આકર્શાય.

વેરોનાના સઘળાને નોતરવામાં આવ્યા પણ ફક્ત માંટેગ્યુને ત્યાં નોતરૂં દેવામાં આવ્યું નહોતું તે વાંચનાર પહેલાંજ જાણી ગયા છે.

આખા વેરોનામાં કેપ્યુલેટનું કુટુંબ માંટેગ્યુના કુટુંબ સાથે ધન, માન તથા સત્તામાં બરોબરી કરતું પણ બંને કુટુંબો વચ્ચે કદી દુશ્મનાવટ હતી.

## પ્રકરણ ૪ થું.

---

### મળી દૃષ્ટાદૃષ્ટ.

કેપ્યુલેટને આજે રાજાના હુકમથી સખ્ત પ્રતિજ્ઞા લેવી પડી છે કે ફરીથી કોઇ પણ વખત ટંટો થાય નહિં. પણ આ પ્રતિજ્ઞા લેવાથી તેને દીલગીરી સાથે આનંદ પણ છે કારણ કે મોંટેગ્યુ પણ આવી પ્રતિજ્ઞામાં બંધાયો છે. કેપ્યુલેટે ધાર્યું કે "આજે માંટેગ્યુને મોટી સજા થઇ છે."

પોતાની હાની થાય તો ભલે થાય પણ સાથે બીજાની પણ થજો એ વિચાર મનુષ્યનો કુદરતી છે. પોતાનું ખરાબ ઇચ્છીને બીજાનું ભલું ઇચ્છનાર થોડાકજ છે. પણ બીજાનું ખરાબ ઇચ્છીને પોતાનું ભલું ઇચ્છનારા ઘણા છે. એવા માણસોને શું કહેવું તથા કીયો શબ્દ એમને માટે વાપરવો તે સુજતું નથી અને શબ્દ કોષમાંથી પણ તે શબ્દ જડવો મુશ્કેલ છે.

અતિ સુંદર દિવાનખાનું છે. વેરોનાનાં ઘણાં યુવાન તથા યુવતિઓ, ફુલ તથા ભ્રમરો ટોળે ટોળામાં ત્યાં પ્રવેશ કરે છે. લોર્ડ કેપ્યુલેટ બધાને આદર દે છે. બે મિત્રો બેનીવોલીયો ને રોમિયો છુપા વેષમાં શત્રુના ઘરમાં પ્રવેશ કરે છે.

યુવક યુવતિનું મધુર હસવું, ફુલનો મધુર વાસ, વાજીંત્રોના મધુર સુર, સુંદરીઓનું મધુર ગાયન, ભ્રમરોનો મધુર ગુંજારવ, સર્વ મધુર જણાતું હતું તેમજ નૃત્યનો ઓરડો સર્વથી મધુર હતો.

મોટા પૈસાદાર માણસને બગીચો બનાવવો તે સહેલ છે તે

ફક્ત એકજ દિવસમાં સઘળી જાતનાં પુષ્પો એકત્ર કરી શકે છે તેમજ કેપ્યુલેટે પણ આજે વેરોનાનાં બધાં પુષ્પો જુઇ, ગુલાબ, મોગરો, ચંબેલી જેવાં જીવંત પુષ્પો ભેગાં કરીને તેના દીવાનખાના રૂપી બગીચામાં પ્રસ્ફુટિત કર્યા છે.

પૃથ્વિમાં કોણ સુખી છે ને કોણ દુઃખી છે? ઘણા તત્વવેત્તાઓએ તથા વિદ્વાનોએ આ સંબંધી વિવાદ કર્યા પણ કોઇ તેનો ખુલાસાવાર જવાબ મેળવી શકયા નહિ. પરંતુ આ સંસારોદ્યાનમાં માળીના જીવન કરતા સુખી જીંદગી બીજા કોઈની નથી.

રહેવા દો, માલિ તથા માલિનીની વાત કરવાનો આ વખત નથી. ફુલની તથા ભ્રમરની વાત હમણાં કરવાનો વખત નથી. વનના પક્ષિઓએ ગાવું બંધ કર્યું ને માળામાં પેઠાં. બાલકોએ રોવાનું બંધ કર્યું ને નિંદ્રાને આધીન થયાં. ગગનનો ચંદ્રમાં ગગનમાં હસ્યો. કેપ્યુલેટના દિવાનખાનામાં મધુર વાજાં વાગ્યાં. તરૂણ તરુણીઓ બેઠાં કેટલાંક ફરવા લાગ્યાં. કોમળ ધ્વની અને તરૂણીઓનું કોમળ બોલવું એક થયું અને દિવાનખાનું પણ સાથે કોમળ થયું. તે કોમળાંગીઓના કોમળ આંખોના કટાક્ષથી પુરૂષોનાં વજ્ર જેવાં હૈયાં પોચાં થયાં.

આ વખતે એકદમ રોમિયોના પગ સ્તંભિત થયા. રોમિયોનું ચિત્ત પરવશ થયું, તેની આંખો અંજાઇ ગઇ! એક અપ્સરા એક સુંદરી એક મધુર મૂર્તિ તેનો હાથ ઝાલીને ચાલી ગઇ.

તે સ્ત્રી આંખથી દૂર થઇ ત્યારે રોમિયોનું મન ઠેકાણે આવ્યું. આ વખતે રોમિયોયે પાસેના સિપાઇને સુંદરી વિષે પુછપરછ કરી.

તે સિપાઇ તે સુંદરીને ઓળખતો નહોતો તેથી ઓળખાણ આપ્યા વગરજ તે ત્યાંથી દૂર ગયો.

રોમિયોગે વિચાર કર્યો " આ સુંદરીના મુખના ચંદ્ર જેવા શીતળ અજવાળાથી દીવાનું અજવાળું ઝાંખું પડયું છે. આ સુંદરતા ભોગને માટે નથી માટે આ પૃથ્વિની સુંદરતા નથી. કાગડાઓનાં ટોળામાં જેમ કોઇ હંસ હોય તેમ રમણી સમાજમાં આ કુલરાસી છે. મારા જીવનું થવાનું હોય તે થાય, પ્રાણ જાય તો ભલે જાય પણ એક વખત એજ હાથે તેને સ્પર્શ કરીને મારા હાથને ધન્ય કરીશ! મારા આત્માને સાર્થક કરીશ! હૃદય તારો મોહ ભાંગ્યો! આંખ વૃથા તને આટલા દિવસ સુધી ધારણ કરી છે. આજે તું સાર્થક થઇ, માધુરી શી વસ્તુ છે તે આજે તેં જાણ્યું."

બસ વિચાર અટકયાને તેની સાથેજ અડચણ આવી, બુરખાને લીધે આટલી વાર સુધી રોમિયોને કોઇએ ઓળખ્યો નહોતો. શત્રુના ઘરમાં આકારથી અગર ચાલથી તેને કોઈ પણ ઓળખશે તો તેનો પ્રાણ બચશે નહિં એટલું રોમિયો સારી રીતે જાણતો હતો. હમણાં ચિતની ભ્રમણાથી તેની સાવધાનતા દૂર થઇ જીવનમરણ વિષે તેના મનમાં જગા રહી નહિં.

ટાઇબોલ્ટ આ વખતે રોમિયોને બોલવા પરથી ઓળખી ગયો ને ગુસ્સાથી ગર્જી ઉઠયો. સારા નસીબે વૃદ્ધ કેપ્યુલેટ ત્યાં આવી પહોંચ્યો ને ટાઇબોલ્ટને ઠપકાના શબ્દો કહ્યા, નહિં તો ત્યાં મારામારી થાત.

વૃદ્ધે ગુસ્સાથી કહ્યું " આમ બરાડા શાને માટે પાડે છે! "

ટાઇબોલ્ટે કહ્યું " દૂરાત્મા રોમિયોયે આપણા ઘરમાં છુપા વેશે પ્રવેશ કર્યો છે. હું તેનો હમણાંજ શિરચ્છેદ કરીશ.

કેપ્યુલેટે કહ્યું " ટાઇબોલ્ટ, રોમિયોયે આજે કંઈ ખરાબ ચાલ

ચલાવી નથી. તે મારો અતિથી છે, તુ શાંત થા, મેમાનનું અપમાન કરવું તે યોગ્ય નથી.

ટાઇબોલ્ટ આટલું કહ્યા છતાં પણ બોલ્યો "આવા અતિથીને ગરદન મારો"

કેપ્યુલેટે કહ્યું "બસ ચૂપ કર કુલાંગાર ટાઇબોલ્ટ, મારા ઘરનો હું માલીક છું. જો તારે મારી આજ્ઞાનો અનાદાર કરવો હોય તો મારૂં ઘર છોડીને દુર થા."

ક્રોધથી કંપતો ટાઇબોલ્ટ દિવાનખાનું છોડી ગયો. અશાંતીને બદલે શાંતી પથરાઈ.

આટલીબધી ગડબડ થઇ ગઇ પણ રોમિયોનું મન તો પેલી સુંદરીમાં લુબ્ધ થએલું હોવાથી આ સઘળાથી અજાણ હતો. રોમિયોએ અતિ સાવધાનતાથી તે રમણીના કોમળ હાથને સ્પર્શ કર્યો, રમણી તે સ્પર્શથી કાંપવા લાગી તે વખતે રોમિયો અતિ કોમળ અવાજથી બોલ્યો, "દેવિ જો આ અપવિત્ર હસ્તનો મેં સ્પર્શ કરીને તમારૂં પવિત્ર તિર્થ કલંકિત કર્યું હોય તો મને તેની યોગ્ય શિક્ષા આપો. મારા આ યાત્રી સ્વરૂપ બે હોઠને ચુમ્બન દઇને સજા આપો."

એ સુંદર મધુર ધ્વનિ રમણીની હૃદય વીણામાં વાગ્યો. રમણીએ પ્રેમથી ઉભરાઇ જતા કંઠથી જવાબ આપ્યો" સાધુયાત્રિ, તમારા બે હાથોની તમે પોતાની જાતેજ ઘણી અવમાનના કરી છે.

યાત્રિના જે હાથો છે, તેજ દેવતાના હાથને અડકવા માટે છે, ચુમ્બન પણ તેઓના હાથમાં જ થાય છે."

રોમિયો બોલ્યો, "દેવિ, હાથમાં વળી શામાટે ! હોઠ હોવા છતાં હાથોમાં શા સારૂ ? હોઠ દેવતાના છે અને યાત્રિના પણ છે."

રમણી બોલી, " યાત્રિના પણ છે, પણ યાત્રિના હોઠ તો યાત્રિ છે, કેવલ પ્રાર્થનાને માટે છે. "

રોમિયો બોલ્યો, " ત્યારે દેવિ, આ હોઠ આજે મારા હાથનું કામ કરે તેની પ્રાર્થના ગ્રહણ કરો, "

રમણીએ કહ્યું, " યાત્રિ પ્રાર્થના દેવતા ગ્રહણ કરે છે, પરંતુ પ્રાર્થનામાં કદિ વિચલિત થતા નથી. "

રોમિયોએ કહ્યું, " ત્યારે દેવિ, મને પ્રાર્થનાનું ફળ આપવામાં વિચલિત થશો ના, હોઠના સ્પર્શથી મારા હોઠને પવિત્ર કરો. "

દેવતા વિચલિત થયો નહિ. યાત્રિની વાંચ્છના પૂર્ણ થઇ. હોઠે હોઠ મળી ગયા. હોઠના જેઓ અધિકારી છે, તેઓએ વિચાર કર્યો કે આ સ્વર્ગ કે પૃથ્વિ ! સ્વપ્નું છે કે સત્ય છે, નિદ્રા છે કે જાગ્રતાવસ્થા છે ? "

એકદમ તે સુખી સ્વપ્નું જતું રહ્યું, દાસીએ આવીને રમણીને માતા બોલાવે છે તેવા સમાચાર જણાવ્યા; રમણી ગભરાતી ગભરાતી ત્યાંથી ગઇ.

ઉમ્મર એક વખતે બધાની હતી ત્યારે જેઓની ઉમ્મર જતી રહી છે, તેઓ તે ઉમ્મરની મત્તતા કેમ સમજી શકતા નથી ? પાણીના બે ટીપાં એક થાય ત્યાંજ તેઓ આવીને વચમાં શા માટે પડતાં હશે ? આંબાની આસપાસ વેલી પ્રેમથી ચડે તે તોડવા કેમ તેઓ તૈયાર થતા હશે ? શું તેઓ જાણતા નથી કે તેમ કરવામાં તેઓ અઘોર પાપ કરે છે. શું તેમને ખબર નથી કે પ્રેમની સાંકળ મજબુત છે. હજારો વિજળીના બળથી પણ પ્રેમની સાંકડી સાંકળ બે શબ્દની ટચુ-

કડા શબ્દ પ્રેમની સાંકળ તુટવી મુશ્કેલ છે. એક લાખ ટનની લોઢાની સાંકળ એક મીનીટમાં સંયુક્ત બળથી તોડી શકાય પણ તેવાં લાખો કરોડો બળો એકત્ર કરવાથી પણ ખરાં દિવ્ય સ્વર્ગિય પ્રેમની સાંકળ તુટવી મુશ્કેલ છે. ત્યારે મિથ્યા લોકો શા માટે વચ્ચે પડતા હશે ? શું તેઓ જાણતા નથી કે મૃત્યુ પ્રેમનો અંત છે. મૃત્યુ એ પ્રેમની રમત છે.

પ્રેમની પરિક્ષા છેવટે એક બીજાને માટે પ્રાણ આપવામાંજ થાય છે. આપણે મૃત્યુના નામથી ભયભીત થઇએ છીએ ત્યારે દીવા ઉપર ઉડતા પ્રેમી પતંગીઆને જુવો, અરે એ તો દિવામાં ઝંપલાઈ ગયું, બળી ગયું, ભસ્મ થઈ ગયું છતાં એક શબ્દ પણ બોલ્યું નહિં. ન હાલ્યું કે ન ચાલ્યું. વાહ પતંગ તારો પ્રેમ! પ્રેમના કુંડમાં બળી મરવું એજ પ્રેમનો ધર્મ, પ્રેમીઓની ખરી ઉમ્મરમાં તેઓ જ્યારે સુખે ભેગાં થાય ત્યારે કેમ વચમાં લોકો પડતા હશે ! તે હજુ સમજાતું નથી. ઉમ્મર જો હમેશાં રહેતી હોત, તો આવું થાત નહિં. હાય ઉમ્મર ! હાય પ્રેમ !

રમણી જતી રહી. રોમિયોએ આકુલ બનીને દાસીને પૂછ્યું. " આ કોણ છે, આ અપ્સરાની માતા કોણ છે ? "

દાસીએ અહંકારથી જવાબ આપ્યો, " શું તમે ઓળખતા નથી ? કેપ્યુલેટની સ્ત્રી, અમારી શેઠાણી, એ તેની છોકરી જુલિયટ છે. વળી મને ડોસી જેવી જુઓ છો, તે મેં એને ઉછેરીને મોટી કરી છે."

દાસી જતી રહી. રોમિયો મંત્ર મુગ્ધના જેવો થઇ રહ્યો, થોડીવાર પછી પોતાના મનમાં બોલ્યો, " કેપ્યુલેટ ! હા વિધાતા શત્રુના હાથમાં હું આજે પ્રાણ હવાલે કરીને જાઉં છું !

એટલામાં એનીવોલીયો, આવીને બોલ્યો "ભાઇ રોમિયો, ગીત પૂરાં થયાં છે. ચાલો હમણા ઘેર જઇએ, હવે અહિં રહેવું જોઇએ નહિ, આ દુશ્મનનું મકાન છે.

રોમિયો ઉંઘમાંથી ઉઠેલાની પેઠે બોલ્યો, " દુશ્મનનું મકાન છે.

પછી એ મિત્રો ઘરમાંથી નીકળીને જતા રહ્યા.

જુલીયા પથ્થરની મૂર્તિના જેવી થઇને ઉભી રહી. લાંબી મુદ્દતના ઓળખીતાના પ્રમાણે તે અજાણ્યા માણસની તરફ એકી ટસે જોવા લાગી, જોતાં જોતાં દાસીને પૂછ્યું, " દાઇ પેલો કોણ છે ? "

દાશી બોલી " ટાઇબિરિયોનો પુત્ર ! "

જુલિયટે ફરીથી પૂછ્યું, " ત્યાર પછી પેલો કોણ ?"

દાસીએ જવાબ આપ્યો " પેટ્રસિયો. "

જુલિયટે પૂછ્યું ! " ત્યાર પછી પેલા કોણ છે, એઓ કેમ છુપા આવ્યા છે ! તે શું તું જાણે છે ?

દાસી બોલી, " બેટા હું તે શીરીતે જાણું ? "

જેના વિષે વાતચીત ચાલતી હતી ને એટલામાં નજર બહાર થઇ ગયો, તેથી જુલિયા દિલગીર થઇને બોલી, " જા દાઈ જલદી જા એનું નામ જાણી આવ " પછી તે હળવેથી બોલવા લાગી " દેવતા, તમારે પગે પડું છું, મારી રક્ષા કરો, વિવાહિત એ ન હોય, એ વિવાહિત જો હોય તો મારો વધ કરીને મને દાટજો. "

દાસીએ તે વેળાએ કહ્યું, " બેટા તેનું નામ જાણવાની કંઈ જરૂર નથી. નામ શું છે, તે હું શું જાણતી નથી ? એ માંટેગ્યુનો

છોકરો રોમિયો છે. એ કુલમાં એ એકનો એક છોકરો છે. તમારો એ મોટો શત્રુ છે.

જુલિયટે આ સાંભળીને આંખ મીંચીને કહ્યું. "મોટો દુશ્મન છે" પછી તે પોતાના મનમાં બોલાવા લાગી, હું ધિક્કાર યુક્ત પ્રેમપાશમાં ફસાઈ છું, અજાણતાં હળાહળ ઝેર પીધું છે ને પીધા પછી જાણ્યું છે કે તે હળાહળ ઝેર છે. હવે જાણીને નીરાશા સાથે આંસુ પાડું છું હૃદયમાં પ્રવેશ કરીને શત્રએ વૈર લેવા માટે પ્રાણની ચોરી કરી છે.

ડાસી બોલી "આ શું મારી જુલ ! તું શું લવે છે, તે વે-ળાએ જુલિયા બોલી" એ તો મારી એક સખીએ મને એક વખતે ગાયન શીખવાડયું હતું તેનો સાર છે.

ડાશી બોલી, "હવે શીખી શીખી રાખ, હું કેટલા ગીત જાણું છું તે તને ખબર છે, લખી રાખ્યાથી એક મોટો ચોપડો થાય."

જુલિયટે વિચાર કર્યો "આ ડોસી તું કેમ મરતી નથી."

એકદમ મીજલસના દીવાનખાનાની શોભા બદલાઇ ગઇ. પ્રકાશ જાણે જ્યોતિ વિનાનો, થયો, પ્રકાશવાળું દિવાનખાનું અંધારૂં થયું. જુલિયટ ત્યાંથી ચાલી ગઇ.

## પ્રકરણ ૫ મું.

### પ્રેમી હૃદયો.

મિત્રની સાથે રોમિયો શત્રુના ઘરમાંથી નીકળ્યો, પરંતુ હૃદય તેના દુશ્મનના હાથમાંજ રહ્યું. તેની આંખ પોતાના જવાના રસ્તા ઉપર રહી નહી. તેના ચરણ હવે ઘર તરફ ચાલ્યા નહિ. રોમિયો કૌશળથી રાતના અંધારામાં છૂપાઇ ગયો. મિત્ર પોકારી પોકારીને થાક્યો અને અંતે મૂગો મૂગો ઘેર પાછો એકલો ગયો. પ્રેમોન્મત્ત રોમીયો તે વેળાએ જુલીએટના બગીચાની દિવાલ ઓળંગીને આંગણામાં ગયો.

જુલિયટ તે વેળાએ નવા પ્રેમની નવી વ્યથાને ટાઢી પાડવા માટે હાથમાં ગાલ રાખીને બારીમાં ઉભી હતી. માથા ઉપર ચંદ્રનું હસવું છે, પગ તળે ફૂલનો વાસ છે; ચંદ્રમાનું હસવું અને ફૂલનો વાસ બેના ઐકયથી બેની વચ્ચે જુલિયા ઉભી અને તેના પ્રેમનો ભીખારી રોમીયો બન્ને ઉન્મત્ત થઇ ગયાં."

ઉન્મતે જુલિયટને જોઇને ધાર્યું, "કદાચ નવીન રવિ રાતે આવીને તેની સામે ઉદય થયો છે. તે રવિના કિરણથી ચંદ્રનાં કિરણ આંખને ઝાંખાં દેખાય છે. જુલિયા ગાલ ઉપર હાથ મૂકીને ઉભી રહી. ગાંડા રોમિયોયે ધાર્યું "હાય પેલા હાથનું એક મોજુ શામાટે રહ્યું નહિ ? તેમ હોત તો ગાલપર સ્પર્શ કરી શકત."

તે નિર્જન રાત્રિએ, તે નિર્જન ઓરડામાં, જુલિયા એકલી છે. જુલીયાનું હૃદય આવેગ પૂર્ણ છે. આજે તેનું હૃદય ખુલ્લું થઈ ગયું.

પ્રાણુનો આવેગ મુખને રસ્તે બહાર નીકળ્યો, જુલિયા દિલગીરી ભરેલા અવાજથી બોલવા લાગી, રોમિયો તમે શા માટે રોમિયો થયા છો, રોમિયો તું રોમિયો શાને કહેવાયો ? એ નામ રોમિયો તમે જવાદો અને મારા ઉપર દયા કરો ને તમારો બાપ જે મારા બાપનો વૈરી છે તેનું નામ મૂકી દો. રોમિયો તમે પિતાને ભૂલી જાઓ, તમારૂં નામ તમે ભૂલી જાઓ નહિ તો પ્રાણાધિક એકવાર કહો, તમે મને ચાહો છો ? હું હવે કેપ્યુલેટના ઘરમાં રહીશ નહિ. ”

રોમિયો આ સાંભળીને બોલવાનું કરતો હતો પણ આગળ જુલિયા શું બોલે છે તે સાંભળવાના હેતુથી ચૂપ રહ્યો. જુલિયટે ફરીથી પોતાના મનનો ઉભરો કાઢવો શરૂ કર્યો “ઓ રોમિયો તુંજ મારો દેવ છે, તેંજ મને પ્રેમનો પાઠ શીખવાડ્યો છે. હા દિવ્ય પ્રેમ, તારી શક્તિ અકળ છે, તું ઘણી શક્તિવાળો છે. હા દિવ્ય પ્રેમ ! તારામાં દિવ્ય શક્તિ છે, તારામાં ઘણી સત્તા છે, ઘણી વિચિત્રતા છે.”

દૈવ વાણીના પ્રમાણે આ મધુર વાણી રોમિયોના કાનમાં ગઈ, આનંદના ઉલ્હાસથી રોમિયોનો પ્રાણુ તરફડીયાં મારવા લાગ્યો, રોમિયો નિશ્ચિન્ત ભાવથી ઉભો રહ્યો. જુલિયાયે ફરીથી કહ્યું “રોમિયો પ્રાણાધિક, તમારૂં નામજ મારો શત્રુ છે. તમે મોંટેગ્યુના પુત્ર ના હોત તો તમે તે તમેજ રહો. ઓ! ત્યારે તમે કીયું નામ ગ્રહણુ કરશો? નામ એ કંઈજ નથી પ્રાણાધિક! જે ફુલને ગુલાબ કહીને બોલાવું છું, ગુલાબ નહિ કહેતાં પણ તે તે પ્રમાણેજ સુગંધ આપશે, તે પ્રમાણે મધુરજ રહેશે. તેની ખુબી તેવીને તેવીજ રહેશે. ગુલાબ તે નામમાંજ બદલાશે પણ ગુણુમાં નહિ. રોમિયો કહિને ન બોલાવ્યા છતાં પણ રોમિયો તમે મારા તેવાજ મધુર તેવાજ મનને ગમતા

રહેશો ? હૃદય સર્વસ્વ તમારૂં નામ ત્યાગ કરો. તુચ્છ નામને બદલે મારૂં સર્વસ્વ ગ્રહણુ કરો."

રોમિયો હવે ચિત્તનો આવેગ થોભાવી શક્યો નહિ, ને તેથી એકદમ બોલી ઉઠ્યો, પ્રિય કહીને એકવાર મને બોલાવો. પ્રિયે ! હું હવે રોમિયો રહીશ નહિ."

જુલિયા ચમકીને બોલી, "તમે કોણુ છો, આ રાતના અંધારામાં છુપી રીતે મારી છુપી વાત સાંભળવા આવ્યા છો ?" તરત ફરી તેણે કહ્યું, "હવે કહેવું પડે તેમ નથી. જે કંઠથી આ હૃદય વીણા વાગે છે, તે મધુર કંઠ કેવી રીતે ત્યાગું ?

દરવાજા પર પહેરેદારો છે, ચારે બાજુએ દિવાલ છે, આ દુશ્મનના ઘરમાં તમે કેમ આવ્યા પ્રાણાધિક ! કોઇ જો જોશે તો હમણાં તમને મારી નાંખશે."

રોમિયોએ દિલગીરી ભરેલા અવાજથી કહ્યું.

"જીવન મરણુ ! જીવન મરણુ આજે પ્રિયે, તમારા હાથમાં છે. તમને જો ન મેળવું તો પછી જીવવાથી વિશેષ શું છે ? તમને મેળવી હું મરવાને પણ દિલગીર નથી. આ શત્રુપુરી તે શા બીસાદમાં છે. તમે તો સમુદ્રરૂપ છો, હું કીનારા વિનાના સમુદ્રમાં કુદકો મારી શકું છું."

રોમિયોએ આકાશ તરફ હાથ ઉંચો કરીને કહ્યું, અવિશ્વાસ પ્રાણાધિકે ! માથા ઉપર પેલો ચંદ્રમા હસે છે, એ ચંદ્રમાના સોગન— "ના પ્રાણાધિક," જુલિયા વચમાંજ બોલી, "ના, પ્રાણાધિક ચંદ્રના સોગન તમે ખાશો ના. એક મહીના સુધી ફક્ત જે સ્થિર રહી શકતો નથી, તેના સોગન તમે ખાશો ના."

રોમિયાના હાથ પ્રાણાત્મિકના હાથ બાળકના હાથની માફક પેલા ચંદ્રમાની તરફ સ્થિર થઇ રહ્યા. કંઠ ગદ્દગદ્દ થઈ ગયો. સોગન ખવાયા નહિ. થોડીવારે તેનો હાથ નીચો પડયો. પાછી જીભ ઉપડી.

રોમિયોએ કહ્યું " કહો પ્રિયતમે, ત્યારે કીયા દેવતાના સોગન ખાઉં તે કહો ? "

પ્રિયતમા બોલી, " સોગન તમે ખાશો ના, પ્રિયતમ ! જો તમે સોગન ખાવા ઇચ્છતા હો તો તમે તમારાજ સોગન ખાઓ, તમેજ મારા દેવતા છો, હું બીજા દેવતાને જાણતી નથી."

રોમિયો ઘણો ગાંડો થયો છે, સોગન ખાઇને સોગન લેવડાવવા માટે તે ઘણો વ્યાકુલ થયો.

જુલિયા તે વેળાએ અતિ ધીર, અતિ સ્થિરભાવથી બોલી. પ્રાણા. ધિક્ સોગન જો તમે લ્યો તો આજ ખાતા ના. કાલે હું તમારી પાસે દૂતી મોકલીશ. લગ્ન કરવામાં જો તમારૂં મન હોય તો મને ખબર આપજો. જયારે જયાં કહેશો ત્યાં આ\તાને હું તમને પ્રાણ સોંપીશ. "

રોમિયો ઉભો રહીને વિચાર કરવા લાગ્યો. આ ગંભીર રાતે આ શું મારૂં સ્વપ્નું છે ?

રાત્રિ ઘણી ગુસ્સે થઇ. ઘણી વારથી તે જાઉં છું જાઉં છું કરતી હતી, તે હવે રહી નહી. ઝાડપરના પક્ષીઓ પણ બહુ આરડવા લાગ્યા. બગીચાના ફુલની કળીઓ હસતી હસતી ખીલી પડી પ્રેમિકા રોતાં રોતાં છુટાં પડયાં.

## પ્રકરણ ૬ ઠું.

### પ્રેમ દૂતી.

વેરોનામાં લોરેન્સ નામનો પાદરી છે. તે ઘણો પ્રતિષ્ઠાવાળો છે. તે વૃદ્ધ તથા ધાર્મિક છે, નાના મોટા બધા તેને ઘણું ચાહે છે. તે પાદરી બધાના ઉપર સ્નેહ રાખે છે તેની પાસે માંટેગ્યુ ને કેપ્યુ- લેટનનો ફરક નથી તે એક કુલનો હિતેચ્છુ છે, એક કુલનો સન્મા- નિત છે. વૃદ્ધ રોમિયોને ઘણો ચાહતો હતો. રોમિયો પણ તેને અકપટતાથી તેની મનની ભાવનાઓ તેને જણાવતો હતો. ઉમ્મરમાં છેટું હોવા છતાં આ વૃદ્ધ અને આ જુવાન વચ્ચે ઘણી દોસ્તી હતી.

રાત પુરી થઇ ને પ્રભાત થયું છે. પરંતુ રવિના કિરણો હજી ગિરિશિખર છોડીને, દેવલના શીખર છોડીને નીચે આવ્યાં નથી. ઝાડે ઝાડે પક્ષિઓ જાગ્યાં છે, પરંતુ હજી એકપણ ડાળી છોડીને ઉડયું નથી. ઘેરઘેર લોકો જાગ્યા છે પરંતુ કોઈ પથારીમાંથી ઉઠયા નથી. કેવળ ફક્ત પાદરી લોરેન્સ એકલો ઉઠીને ઇશ્વરોપાસના કરતો હતો. તે વેળાએ એક જુવાને આવીને તેને સલામ કરી.

વૃદ્ધે જુવાનની સામે જોયું. પછી તે બોલ્યો, " રોમિયો, રાતે શું તમે બિછાના ઉપર શરીર નાંખ્યું નહોતું ? શા માટે વૃથા દેહ છોડવા બેઠા છો ? જે તમને ચાહતી નથી, તેનો વિચાર હવે કેટલો વખત કરશો ? તેની આશા ત્યાગો. રોઝાલીનને તમે ભૂલો.

વાંચનાર સમજ્યા હશે કે વૃદ્ધ રોઝાલીનના સંબંધી બધો વૃત્તાંત જાણતો હતો.

રોમિયો ઘણોજ ધીરેથી પણ સ્પષ્ટરીતે બોલ્યો, "આખી ઉમ્મરને માટે હું રોઝાલીનને ભૂલ્યો છું."

વૃદ્ધે વિચાર કર્યો. "આ બકવું છે."

રોમિયો તે વેળાએ વૃદ્ધની ઘણી પાસે આવીને બેઠો ને બીજાઓ ન સાંભળે એવી રીતે ઘણાંજ ધીરા અવાજથી જુલિયટના પ્રેમનો બધો વૃત્તાંત પહેલેથી માંડીને અકપટથી તેને કહ્યો.

વૃદ્ધ સાંભળીને મનમાં ને મનમાં બહુ ખુશ થઇને બોલ્યો. રોમિયો, યુવક યુવતિઓનું ચહાવું શું કેવળ આંખ મળવાથીજ થતું હશે? તેઓને ચાહતાં પણ એક પળ લાગતી નથી, ભૂલતાં પણ એક પળ લાગતી નથી.

રોમિયોએ કહ્યું "આંખે આંખે કે પ્રાંણે પ્રાંણે આપ જરા કૃપા કરો તો તે આજે આપને દેખાડી શકુંછું."

લોરેન્સે પૂછ્યું, "મારે શું કરવું પડશે?"

રોમિયોયે કહ્યું "આજેજ અમને વિવાહિત કરો."

લોરેન્સે કહ્યું "આજેજ."

રોમિયો બોલ્યો, "આજેજ હમણાં. હમણાં.

પાદરી એવુંજ ઇચ્છતો હતો. જેમ બને તેમ જલદીથી લગ્ન થાય એવી પાદરીની પણ ઇચ્છા હતી. મનમાંને મનમાં બહુ આનંદિત થયો. તેણે પોતાના મનમાં વિચાર કર્યો, "આટલી મુદતે કેપ્યુલેટના અને માંટેગ્યુના વૈરભાવનો અંત આવશે." તે વખતે રોમિયોની દઢતા સમજી લેવા માટે હોયકે, પોતાના અભ્યાસને લીધે હોય.

લોરેન્સે જરા શીખામણ આપવાનો આરંભ કર્યો. રોમિયો આથી બહુ કંટાળ્યા જેવો થયો. વિરક્તિથી બહુ વ્યાકુલ થયો.

વૃદ્ધે તે વખતે જરા આસપાસ જોઇને ધીરેથી કહ્યું " આજે તમને પરણાવી આપવાનું હું કબુલ કરૂં છું."

રોમિયો ને તે જાણે તેની છાતી ઉપરથી એક પથ્થરનો બોજો ગયો હોય એમ લાગ્યું.

તેમ થાય તો શું વળનારૂં છે? રોમિયોના મનમાં હવે એક વિચાર થયો. જુલિયાની દૂતી હજી સુધી આવી કેમ નથી? એકવાર આશા, પાછી નીરાશા, કેટલો ભય, કેટલા વિચારો આવીને ચિત્તને ઘેરવા લાગ્યા. " ડોશી શું ભુલી પડી હશે? શું રાતનો બનાવ ખોટો હશે? શું તે સ્વપ્નું હશે?" તે રસ્તેથી પુષ્કળ માણુસો આવતાં હતાં, સેંકડો ચાલ્યાં જતાં હતાં. રોમિયો જેની રાહ જોતો હતો તે બુઢી તે જુલિયાની ડોશી હજુ સુધી આવી નહિં.

વાટ જોતો જોતો રોમિયો બહુ વ્યાકુળ થઇ પડ્યો. બેસી બેસીને તે ઉભો થયો. ઉભો રહી રહીને ઘરમાંથી નીકળવા લાગ્યો. તથાપિ ડોશી દેખાઇ નહિ. હાય ડોશી! ડોશી ક્યાં છે! વખત તું કેવો છે, એકવાર જેની કોઈ દરકાર કરતું નથી તેની બીજી વાર ગરજ પડે છે. કહેવત છે કે 'ગરજસમ બીજી કોઈ ચીજ ગણી નથી.' તેમજ આ ડોશી કદરૂપિ, કુત્સિત બોલનારી ડોશી સમયના ગુણથી દુર્લભ વસ્તુ થઈ પડી. રોમિયોના મનથી એક તરફ દુનિયાનું રાજ્ય અને બીજી તરફ પેલી કુત્સિત બોલનારી ડોશી છે.

રોમિયોયે હાથ જોડીને દેવનાની પાસે ડોશીના આવવાની પ્રાર્થના કરી. દેવે તે પ્રાર્થના સાંભળી. દેવોએ યથા સમયે ડોશીને સશરીરે પાદરી લોરેન્સના ઘરમાં પહોંચની કરી, રોમિયોના જીવમાં જીવ આવ્યો.

ડોશી ઘણી ગુસ્સે થઇને આવી હતી. આવતાંજ તેણે જુલિયાના કલ્યાણને માટે એક લાંબું ભાષણ કર્યું. એક રાતમાંજ ફક્ત મારી જુલ ગાંડી થઇ ગઇ છે. પ્રેમમાં અલમસ્ત બની છે. જુલિયાનો રંગ સોનેરી હતો તે કાળો મેશ થઇ ગયો છે, તે વખતસર ખાતી નથી, આગળના જેવી નહાતી નથી, કોઇની જોડે વાત કરતી નથી, હસતી નથી, રમતી નથી, કેવળ એકલી બેસીને કંઇનો કંઇ વિચાર કરે છે, પોતાના મનમાં શુંનું શું બોલે છે, વિગેરે ઘણી વાતો તેણે કહી. તેની જોડે રોમિયોને પણ નિષ્ઠુર, કઠણ પુરૂષજાતિ કહીને કંઇક મીઠા ઠપકો દીધો.

આખરે ડોશીએ તે વાત છોડી, પણ છોડીને રસ્તાપરના મુસાફર ઉપર હવે ડોશી ચીડાઈ ને તેણે આશા રાખી કે "આવતી કાલે તેઓ કોઇ પણ સૂર્યનું મોં જોશે નહિ."

ડોશીની આ આશા કેટલી ફલીભૂત થઇ હતી, તે અમે જાણતા નથી. વળી મુસાફરોએ તેને કોઇ રીતે કંટાળો આપ્યો હતો કે નહિ તે પણ અમે જાણતા નથી. પરંતુ ડોશી ઘણી ગુસ્સે થઇને આવી હતી.

મૂર્ખ મુસાફરો જાણતા નહોતા કે ડોશી દેવી નથી. સ્વરૂપ વર્ણનમાં તે સંતોષાશે નહિ. પરંતુ તેઓ કદાચ તેને ફરેસ્તોજ જાણતા હતા. ડોશીને ડોશી કહીને બોલાવતા હતા. તેથીજ ડોશીને આટલો ગુસ્સો ચઢયો હતો. ડોશી આટલી ગરમ થઈ હતી.

ડોશી ઘણું બબડી, તેણે ઘણું કહ્યું. રોમિયોએ ઘણી મુસ્કેલીથી તેના તે અસાર વાક્યમાંથી જરૂરનો સાર લીધો, અને બપોરે જુલિયાને પાદરીના દેવળમાં આવવાનું સમજાવીને ડોશીને રૂખસદ કરી.

પરંતુ રજા આપવાનું કેવળ કહ્યાથી ચાલવાનું નથી. તેની જોડે કંઇક જોઇએ, તે રોમીયો મનમાં આવ્યું નહિ. તેને રજા આપવાથી શું થનારૂં છે, ડોશી ગઇ કે ! તે બીજી ઘણી વાતો કરવા બેઠી.

રોમિયો જાણે વીંછીના ડંખ સહન કરતો હોય એવો જણાવા લાગ્યો મનમાં ને મનમાં ધારવા લાગ્યો કે, "ડોશી વિલંબ કરીને બધી ખરાબી કરી નાંખશે."

આખરે ગમે તે રીતે ડોશી ત્યાંથી ગઇ.

વિચાર હવે પુરા થતા નહોતા. એકદમ એક વિચાર રોમિયોના મનમાં આવ્યો. એ રાતનો વિચાર.

રોમિયોએ ડોશીને પાછી બોલાવી, અને જુલિયાની સાથે એક રવૈયાની દોરી લેતા આવવા કહ્યું. ડોશી કબુલ કરીને ત્યાંથી ગઈ.

## પ્રકરણ ૭ મું.

### આશાના માર્ગમાં એક પગલું આગળ.

અડધા કલાકમાં ત્રણ કલાક ચાલ્યા ગયા તોપણ જુલિયાની દાઇ પાછી આવી નહિ. જુલિયા ઘણી વ્યાકુલ થઇ, પરંતુ ચંચળ થઇ નહિ. દાઇનો વિચાર, દાઇની શક્તિનો વિચારજ તેના હૃદયમાં ઉદય થયો. રોમિયોને માટે તેણે એકવાર પણ વિચાર કર્યો નહિ. રોમિયોના ઉપર તેનો અટલ વિશ્વાસ હતો. જે વિશ્વાસ પ્રેમના ઝંઝાવાયુથી વિચલિત થનારો નથી, તેને પંખાની હવાથી શું થવાનું છે ? તેથીજ અમે કહેતા હતા કે જુલીઆ વ્યાકુલ થઈ પણ ચંચળ થઇ નહિ.

આટલું જેના હૃદયનું બળ છે, તે રમણીને અબળા કહીને, જેઓ રસ્તા ઉપરનો પેલો મજુર બે મણનો બોજો માથા ઉપર લઇને જાય છે, તેને બધી વાત કહે છે. રણક્ષેત્રમાં પેલો યોધ્ધો હજારો માણસોના જીવ લેછે, તેને વીર કહે છે. તેઓ જો માણસ છોડીને પશુના રાજ્યમાં જઇને વસાયત સ્થાપે, તો આ અબળાઓ ઘણી આનંદિત થશે.

પરંતુ ડોશી તો હજુસુધી આવી નહિ. જુલિયા ઘણી ગુસ્સે થઇ. તે ગુસ્સો ડોશીના ઉપર નહોતો, પણ વૃદ્ધપણાના ઉપર હતો જુલિયટે વિચાર કર્યો, ડોશી જો વૃદ્ધ ન થતાં જુવાન હોત, તો તે રોમિયોના સમાચાર આટલી વારમાં દસ વખત આવીને કહેત.

જુલિયટે તે પ્રમાણે ધાર્યું. પરંતુ અમારા જેવાનો તે વિષયમાં ઉંડો સંદેહ છે.

ગમે તેમ હો, જુલિયા બુઢાપાના ઉપર બહુ ગુસ્સે થઇ. તેણે વિચાર કર્યો, " જે ઉત્સાહ, ઉદ્યમનો નાશ કરે છે, ઝડપનો નાશ કરે છે. એક કલાકની જગાએ ત્રણ કલાક લાગે છે, એવો કાળો કાળ શામાટે વિધાતાએ ઉત્પન્ન કર્યો હશે? " જોતાં જોતામાં વિચારમાંને વિચારમાં સૂર્ય માથા ઉપર આવ્યો.

ડોશી આવી. જુલિયાના જીવમાં જીવ આવ્યો. બીજા જાણતા હતા કે ડોશીને જવા આવવાને એક કલાક લાગ્યો નથી, પણ જુલિયટ જાણતી હતી કે તેને એક યુગ બાર વર્ષ લાગ્યા છે. ગમે તે લાગો જુલિયટના જીવમાં જીવ આવ્યો.

જુલિયાના જીવમાં જીવ આવ્યા છતાં પણ રોમિયો આવ્યો નહિ. હાશ આવી ખરી, પરંતુ તેનું આગના જેવું મોં જોઇને જુલિયાનો

પ્રાણ ઉડી ગયો હોય એવું ભાસવા લાગ્યું. તે ઘણી ગભરાતી બોલી, "શી ખબરદાઇ ? ઓ પ્રભુ! તું કેમ ઉદાસ છે ! શીખબર સાંભળીને આવી છું ? જો ખબર ખરાબ હોય તોપણ મને જલદી કહે, દાઇ તને આટલી બધી વાર કેમ થઇ."

દાઇ મો ચઢાવીને બોલી " જરા સબુરકર બેટા, જરા ઉભી તો રહેવા દે; અમે ગરીબ માણસ હોઇને શું અમને જરા વિશ્રામ બિશ્રામ નહિ જોઇએ ? " મારાં હાડકાં દુ:ખે છે, મારા ટાંટીઆ થાકથી ભરાઇ ગયા છે.

જુલિયા બોલી " દાઈ તારે પગે પડું છું, પહેલાં મને કહે તું શી ખબર લાવી છું. ?"

દાઇએ મોં વાંકું કરીને કહ્યું, " અડધો ગાઉનો રસ્તો છે, એકવાર જવું અને એક વાર આવવું. આમશું બીજું કાઇ કરી શકે ? કેવળ હુંછું તેથીજ જાઉં છું. આટલી જલદીથી શામાટે પૂછે છે બેટા ? એકવાર શ્વાસ તો લેવા દે."

જુલિયા ઘણી જવાલંત થઇ, તે બોલી " દાઇ એક વાત નહિ બોલવા માટે તું આટલી વાત કહી શકે છે તો શું તે વાત કહેતાં તને માથાની વ્યથા થતી હોય એમ જણાય છે. સમાચારા સારા છે કે ખરાબ છે તેજ ફક્ત કહે બીજું કંઇ તને પૂછતી નથી.

ડોશીએ વિચાર કર્યો, "હું પગથી ચાલતી આવી છું. આ એક ગાઉનો રસ્તો છે. એકાદમે ચાલતી ગઇ, ત્યાંથી પાછી કંઇ પણ નહિ ઉભી રહેતાં આવી. તેતો એકવાર પણ મને પૂછ્યું નહિ, અને તેમનીજ વાત તું પૂછે છે. પહેલાં તો તું હાવી નહોતી."

ડોશી ઘણી ભુલાવામાં પડી હતી તે તેણે જાણવું જોઇતું

હતું, જુલિયાને આદર તેને માટે નહોતો, તેના પ્રિયતમના સમાચારને માટે હતો, તે સમાચાર મોટા આદરના સમાચાર છે. તે આદરના સમાચાર લાવી આપશે તેથીજ તેને આદર મળશે. સમાચારની પહેલાં આદરનો હક પહોંચતો ન હતો, તે સમાચારની પહેલાં ડોશી આદર મેળવવા કેમ ઇચ્છે છે ?

ડોશી આ બધાનો વિચાર કરીને જરા ગંભીર બની અને જરા મોટાઇ દેખાડીને કહ્યું, "બેટી તું જેવી બેદરકારવાળી તેવી તારી પસંદગી છે. સોનાનો ચંદ્રમા પારીસ બે વખત આવીને ચાલ્યો જાય છે. તેતો તને પસંદજ નથી. આ જે સાત પેઢીનો શત્રુ ક્યાંનો રોમિયો મળ્યો છે તેને માટે આટલી આતુરતા, આટલું રોવું ! તેનું મુખ આંખ સુંદર હોય તોપણ ખરેખર સુંદર નથી. હાથ પગ શરીર સુંદર હોય તોપણ તે સુંદર થતો નથી, ચરિત્ર સુંદર હોય તોજ તે સુંદર છે. ભદ્રતા અભદ્રતાનો વિચાર તો જરા જોઇએ." જુલિયટે પોતાના મનમાં ધાર્યું કે "ડોશી કેમ મરતી નથી ?"

પરંતુ મર્યાથી તો પછી તે પોતાના રોમિયોના સમાચાર કહી શકશે નહિ તેથી જુલિયા હમણાં તે વાસના ત્યાગી. ગુસ્સે થઇને તે બોલી, "તે વિષે કહેવાની તારે જરૂર નથી, હમણાં વિવાહની વાત શું સાંભળા આવી તે તું કહે. તું શું ગુસ્સે થઇ છે ?"

ડોશીને એજ જોઇતું હતું. કોઇ રીતે આંખમાંથી એક આંસુનું ટીપું પાડવાનો પ્રસંગ આવે તો સારૂં તે પ્રસંગ મળ્યો કે ન મળ્યો પણ તેણે આંખમાંથી આંસુઓ પાડયાં.

જુલિયાએ ઘણું સમજાવ્યું, વિનય દેખાડયો પણ ડોસીનું રોવું બંધ થયું નહિ. તેનું માથું દુખવા લાગ્યું, તે રોવા લાગી,

તે વેળાએ જુલિયાએ પોતાને ખરાબીમાં આવેલી જોઇને સમજાવવા ફોસલાવવાના કરતાં કંઇક વધારે ચાહવાની વસ્તુ તેના હાથમાં આપી. ડોશીનું માથું દુખતું બંધ થયું.

હવે બુઢી રડતી બંધ થઇ–તે બોલી " ઓરે માથું કેવું દુઃખતું હતું, મારૂં શું થશે ! યમને હવે મારી આંખે જોઇશ નહિં."

ત્યાર પછી જરા હળવેથી બોલી " બેટા આજે બહાર જઇ શકાશે, કંઇ યુક્તિ છે ?"

જુલિયા સાંભળવા ઇચ્છતી હતી, બોલવાનો તેને વખત નહોતો તેથી તે ફક્ત એટલુંજ બોલી, " ઉપાય મેં કરી રાખ્યો છે."

ડોશીએ તે વેળાએ તેના કાનની તરફ મોં લઇ જઇને, આસપાસ જોઇને હળવે હળવે કહ્યું " સાંજે પાદરીના દેવળમાં જજે, ત્યાં રોમિયો પણ તારે માટે બેસશે. લગ્ન આજ થશે."

આવું કહીને ડોશીએ જરા માથું હલાવ્યું ત્યાર પછી વળી કહ્યું, " મને પણ આવવાને કહ્યું છે, હેતને માટે એક વલેણાની દોરી લાવવા કહ્યું છે."

ત્યારપછી જરા મોટે અવાજે બોલી, " મેં બંદોબસ્ત કરવામાં શું કંઈ ઓછાપણું રાખ્યું છે ? હું તો કેવળ તે શોધીને લાવીશ પણ તે તારે ઉપાડીને લઈ જવી પડશે."

આવું બોલીને ઝડપથી ચાલી ગઇ. ડોશી ઘણી દુષ્ટ છે.

## પ્રકરણ ૮ મું.

### લગ્ન.

ઉત્કંઠા સુખની છે, દુઃખની છે. જે દુઃખના ભયથી ઉત્કંઠિત છે, તેના દહાડા જતા રહે છે. જે માનવીને સુખની આશા છે, જે સુખનાં સ્વપ્નાં જુએ છે, જે સુખની આશામાં ઉત્કંઠિત છે, તેના દિવસ જતા નથી. તેથીજ રોમિયો અને જુલિયટના દિવસ આજે જતા નથી. સાંઝ આવતી નથી. ત્રણુ કલાક ચાલ્યા જાય છે તોપણુ એક કલાક વાગતો નથી.

ગમે તેમ હોય સાંઝ રોજ રોજ જેમ વખતસર આવે છે તેમ આજે પણ વખતસર આવી જુલિયા ભયભીત ઉત્કંઠિત અને આશાવાળી થઇ, ગાડીમાં બેસીને પાદરીને ઘર જવા નીકળી.

રોમિયો પોતાને ઘેર જઇ શક્યો નહિ. પાદરીના ઘરમાંજ તે આજે આખો દિવસ બેઠેલો છે, કોણુ જાણે જુલિયા આવીને પાછી ફરે !

પાદરી નવ પ્રેમીક તથા નવ વિવાહિત ઉપયોગી યુવાવસ્થાની ફરજો વિષે સેંકડો સેંકડો ઉપદેશથી રોમિઓને શીખામણ આપે છે. વિદ્યાર્થિ ગુરૂની કંઇ વાત સાંભળતો નથી. રોમિઓનું ધ્યાન તો તેની જુલિયટમાંજ છે. મૂગો મૂગો બારીની પાસે બેસી દરેક પળે જુલિયાની આવવાની રાહ જુએ છે.

ધીરે ધીરે ગુરૂની શીખામણુનો ભંડાર ખુટી પડયો. ઉપદેશકે વિચાર કર્યો કે " શિષ્ય મારા ઉપદેશનો મર્મ ગ્રહણ કરીને ઘણો ખુશી થયો છે " શિષ્ય પોતાના મનમાં વિચાર કરતો હતો કે 'ઉપદેશકના માથા ઉપર સમડી કેમ પડતી નથી ?'

પૃથ્વી પરના ઉપદેશકો ! ધંધાની ખાતર નહિ કરતાં, વિદ્યા-પ્રકાશ કરવાનો યત્ન નહિ કરતાં, દેશ, કાળ, પાત્ર સમજીને ઉપદેશ આપવા માટેજ કેવળ ઉપદેશ આપો.

રોમિયોએ જોતાં જોતાં જોયું કે જુલિયા આવી લોરેન્સે જગદીશ્વરને ધન્યવાદ આપ્યો.

પાદરી જાણતો હતો કે " આજે તે પોતે અથવા રોમિયો. જુલિયાને માટે જેવા આતુર છે, તેમ જગદીશ્વરે પણ બરાબર તેનાથી વધારે આતુર થઇને જુલિયાને વગર હરકતે લાવીને તેના ઘરમાં પહોંચાડી છે " તેથી જગદીશ્વરને જરા વધારે ધન્યવાદ આપ્યો.

પાદરી લોરેન્સે તે વખતે તે ઉન્મત યુવક યુવતીનો ઉન્મત ભાવ અનુભવીને તેઓને તરત વિવાહિત કરવાની જરૂર સારી રીતે સમજીને ઇશ્વરને સાક્ષી રાખીને ઇશ્વરના પવિત્ર ઘરમાં, ઇશ્વરના દૂતે, દંપતિના બે હાથ એક પ્રેમસૂત્રથી બાંધ્યા. બે પ્રાણ બંને હૃદયો, આંખો અને વેલ તેની રાહ ન જોતાં પહેલેથીજ એકત્ર થયા હતા તથાપિ તેઓના ઉપર પણ તેણે જરા વધારે તાણીને બાંધવાનું ઓછા-પણું રાખ્યું નહોતું. નીરવિઘ્ને અતિ છુપી રીતે યથા વિધિ વિવાહ-કાર્ય થઇ ગયું. યુવક દંપતી પાદરીને પ્રણામ કરીને પોતાના મકાન તરફ વળ્યાં.

ઘરમાં ગયા પણ કોઇએ કોઇને કંઇ કહ્યું નહિ, તેઓ કહી શક્યા નહિ. જીભ પરના શબ્દો ઘણો કાલ થયાં પુરાં થયા હતા. વખત ઘણો પસાર થઇ ગયો હતો. તે વેળાએ પ્રાણ ચાહતો હતો કેવળ પ્રાણને વધારે ભાગમાં દેહનું છેટાપણું પણ હમણાં સહન થતું નહોતું.

આ પ્રમાણે અતિ નિભૃતથી, અતિ છુપી રીતે વેરોનાના સર્વથી મોટા ધનવાનના પુત્ર તથા ધનવાનની પુત્રીનો વિવાહોત્સવ થઇ ગયો. પુષ્પ અને ભ્રમર બંને ભેટી ગયાં—એક થઇ ગયાં—મળી ગયાં. નિભૃતમાં છુપી રીતે વળી ઉત્સવ શામાટે કહીએ છીએ? ન્યાતવાળા કુટુંબિયો અથવા જોનારની વાત કહેતા નથી. દંપતીને આનંદિત કરવી એજ જો ઉત્સવની મતલબ હોય તો આવા વિવાહોત્સવ પૃથ્વિમાં ઘણુંજ ઓછા દીઠામાં આવે છે. આજ આ દંપતીના મનમાં જેટલો ઉલ્લાસ, જેટલી આશા. જેટલો ચાહ છે, પૃથ્વિના અતિ મોટી ધામધુમના વિવાહના વરકન્યાના મનમાં જો તેનો એક કણ પણ સ્થાન મેલવત તો આ પૃથ્વિ અન્તઃ મનુષ્ય નીવાસ ભૂમિ થાત!

તેથીજ અમે કહેતા હતા કે જો કે વિવાહ નિભૃતથી છુપી રીતે થયો પણ તે વિવાહોત્સવ થઇ ગયો.

---

## પ્રકરણ ૯ મું.

—*—

### લગ્નમાં વિઘ્ન.

રોમિયોનું ચિત્ત આજે બહુ ઉત્ફુલ્લ છે, તેને સુખનાં સ્વપ્નાં આવે છે, તે મોટી આશાથી પૂર્ણ છે, ફક્ત થોડાજ કલાકમાં રાત પડશે અને રાત પડતાંજ તે તેની પ્રાણથી પણ અતિ વહાલી સુકોમળ વહાલી જુલિયાને મળશે, હમેશનો તૃષિત પ્રાણ પરિતૃપ્ત થશે, તે સુખની કલ્પના કરતો હતો, તે સ્વપ્નું જોતો જોતો રોમિયો આજે એ દહાડે પોતાના ઘરમાં પાછો આવ્યો.

વિધાતાનું કેવું વિચિત્ર વિધાન છે! હૃદયની જે અધીશ્વરી છે,

ધર્માનુસારે જે ધર્મ પત્ની છે, જે તેની વહાલી દેવી છે, તેની પાસે જતાં આજે રોમિયોને પાપીના પ્રમાણે ચોરના પ્રમાણે છુપી રીતે જવું પડે છે, રાતના અંધારા માટે રાહ જોવી પડે છે.

પરંતુ રસ્તામાં આટલું વિઘ્નન હોત, આટલી મુશ્કેલી તેના મોં તરફ જોતી ન રહેત, તો આટલી ઉત્કંઠા, આટલી સુખની કલ્પના પણ થવી મુશ્કેલ પડત. મહારત્નને માટે ગિરિ ગવહ્વરમાં અથવા અમુલ્ય-મોતિને માટે સિંધુના પાણીમાં નહિ ડુબ્યાથી રત્નને માટે અગર મોતિને માટે આટલો આદર થાત નહિ! અકલેશે મહા રત્ન હાથમાં મેળવવાને કોણ ઇચ્છે નહિં! મુશ્કેલી વગર જુલિયા મેળવવા કિયો રોમિયો ઇચ્છા ન કરે?

રોમિયોના આટલા સુખમાં પણ દુઃખની છાયા હતી. જ્યાં સુખ છે ત્યાંજ દુઃખ છે, જ્યાં જેટલું સુખ છે, ત્યાં તેટલું દુઃખ હોય છે; સુખને માટે દુઃખની પણ જરૂર છે. દુઃખજ સુખને મધુર કરે છે. સતત સુખના લ્હાવા લેવાને માટે દુઃખ જરૂરનું છે.

હમણાં આ સુખ દુઃખનું સ્વપ્નું જોતો જોતો રોમિયો અન્ય મનથી ઘરમાં જાય છે, જે જેનો ડર રાખે છે, દૈવના તેને તેજ ડર ઉત્પન્ન કરે છે. રોમિયો કંઇક આગળ વધીને જોવા લાગ્યો કે તેના મિત્ર એનીવેલિયો તથા મારકુઇટારની જોડે ટાઇબોલ્ટને મોટો વાદવિવાદ શરૂ થાય છે. આ વિવાદ મટાડવા માટે રોમિયો દોડતો ત્યાં ગયો પરંતુ સારૂં કરતાં ખરાબ બન્યું. ટાઇબોલ્ટ તેને જોઇને વધારે ગર્જી ઉઠયો. ગઇ રાતનો બનાવ કહીને તે રોમિયોને નાના પ્રકારથી તિરસ્કાર આપવા લાગ્યો. આખરે તેને દ્વન્દ્વ યુદ્ધમાં લડવા બોલાવ્યો.

પરંતુ રોમિયો હવે પહેલાંનો રોમિયો નહોતો. કેપ્યુલેટ હવે તેના દુશ્મન નથી. જુલિયાએ બધું ઉલટાવી મુક્યું છે. કેપ્યુલેટ કહ્યા-થીજ તેને હવે જુલિયા સાંભરી આવે છે. હવે તેના મનથી કેપ્યુ-લેટો દુશ્મનનથી. જુલિયા તેની અર્ધાંગના છે ને તેથી કેપ્યુલેટો તેને હવે પ્રિય છે. તેથીજ ટાઇબોલ્ટ ગમે એટલો દુર્જન હો પણ તે કેપ્યુલેટ છે ને જુલિયા પણ કેપ્યુલેટ છે ને તેથીજ ટાઇબોલ્ટના શરીરમાં હથિયાર ફેંકવામાં રોમિયોના હાથ લાંબા થયા નહિ.

ટાઇબોલ્ટ ગરમ હતો, રોમિયો નરમ હતો. ટાઇબોલ્ટ ગાળો આપતો હતો, રોમિયો વિનય દેખાડતો હતો ટાઇબોલ્ટ વિવાદ ક-રવા ઇચ્છતો હતો, અને રોમિયો તે તોડવાને ઇચ્છતો હતો. એક બાજુએ ક્રોધ તથા ઇર્ષા, બીજી બાજુએ શાંતિ તથા વિનય હતાં. ટાઇબોલ્ટ વધારે ઉંચો નીચો થઈ પડયો. ટાઇબોલ્ટ તે રોમિયોનો આ વિનય, આ મૃદુતાનું કારણ તે શું સમજે? તે શું જાણે કે કેપ્યુલેટ અને માંટેગ્યુનાં પુષ્પો એક થયાં છે. અમે કહીએ છીએ કે પૃથ્વીના ટાઇબોલ્ટ લોઢાને જુલિયારૂપ પારશમણીનો સ્પર્શ કરાવીને કાંચન કરવાની કંઇ તદબીર રોમિઓ છે કે શું?

બે હાથ વિના તાળી પડતી નથી. એક નરમ અને ગરમ એક હોય તો ઝગડો થતો નથી. બે જણા સરખા નહિ થવાથી ઝગડો થતો નથી. વિવાદ કરવા માટે કેપ્યુલેટ ચહાતો હતો અને માંટેગ્યુ પણ ચહાતો હતો. પરંતુ રોમિયો તો હવે માંટેગ્યુ નથી. રોમિયો હમણાં કેવળ કેપ્યુલેટ છે, તેથી વિવાદ થયો નહિ.

માંટેગ્યુની ખોટ વધારે વખત સુધી રહી નહિં.

રોમિયોનો આજનો ભાવ જોઇને બેનીવોલીયો તથા માર-

કુઇટો ઘણાજ ગુસ્સે ભરાયા. ગુસ્સાથી વધારે ઉત્તેજિત થયા; માર-કુઇટાથી હવે સહન કરી શકાયું નહિ. તે તરવાર મ્યાનમાંથી કાઢીને ટાઇબોલ્ટની સામે આવ્યો; બેઉ વચ્ચે મોટી લડાઇ શરૂ થઇ. પરંતુ રોમિયો પથ્થરની મૂર્તિની પેઠે અચલ ભાવથી ઉભો રહ્યો.

જોત જોતામાં ટાઇબોલ્ટની તરવારના ઘાથી મારકુઇટો જમીન ઉપર પડી ગયો. મિત્ર રોમિયો તેની નાના પ્રકારની સેવા ચાકરી કરવા લાગ્યો. પરંતુ મારકુઇટો ફરી ઉઠવા પામ્યોજ નહિ, મારકુઇટો મરણ પામ્યો.

મુમુર્ષુ મરતી વેળાએ મિત્રના મોં સામું મોઇને બોલ્યો, "રોમિયો તમારા હાથમાં હથિયાર હોવાં છતાં તમારી સામે આજે ટાઇબોલ્ટના હાથથી મારૂં મરણ નીપજ્યું!"

મુમૂર્ષુનું આ દિલગીરી ભરેલું કહેવું રોમિયોની છાતીમાં તીરના જેવું લાગ્યું શોકથી અનુતાપથી રોમિયો ઉન્મતના જેવો થઇ ગયો. હમણાં ટાઇબોલટ કયાં છે.

ટાઇબોલ્ટે પળને માટે હથિયાર ત્યાં ગયાં હતાં. માત્ર આજ ઉત્સાહથી તે ઉન્મત્તના જેવો છે. લોહી ચાખેલા વાઘ પ્રમાણે આવીને તેણે તરત ફરી રોમિયોને ઘેર્યો

હોલવાયલી આગ લાકડાં ઉશ્કેર્યાથી બળી ઉઠી કયાંથી એક પ્રબળ સ્રોતે આવીને કેપ્યુલેટ જુલિયા સર્વને એકીવારે એક પળને માટે રોમિયોના હૃદયમાંથી દૂર કર્યાં તે સ્રોત ટાઇબોલ્ટ સહન કરી શકયો નહિ, ટાઇબોલ્ટ પડયો, મર્યો પરંતુ મારકુઇટો બચ્યો નહિ. રોમિયો વિજળી પ્રમાણે ત્યાંથી નાઠો.

ખરાબ ચોઘડીએ આજે બેઉનો ભેટો થયો. જે ઇચ્છયું નહોતું,

જે ધાર્યું નહોતું, જે મનમાં નહોતું તે વિધાતાના ચક્રથી તેજ થયું. પળમાં વધુ ખરાબ થઇ ગયું.

શહેરમાં મોટો હોહાકાર થઇ ગયો.બાલ વૃદ્ધ સ્ત્રિપુરૂષો સર્વે તે જગાપર આવ્યાં ને જેમ જેને ફાવે તેમ બોલવા લાગ્યાં. કોઈ કહેવા લાગ્યાં કે ટાઇબોલ્ટ મરી ગયો, કોઇ કહેવા લાગ્યા કે રોમિયો હવે નથી. કોઇ બોલવા લાગ્યો કે બેનિવોલીયો પડ્યો છે, બેની-વોલીયો ત્યાંજ ઉભો હતો તેને કોણ જુએ? બધાં પોતાનું કહેવું ઉપર રાખવાં ઇચ્છતાં હતાં. બેનાં મરણથી લોકોની વાતોમાં ચાર પાંચ જણ મર્યા ગણાયા. ગપગેઝેટમાં રજનું ગજ થયું.

ધીરે ધીરે કેપ્યુલેટ, માંટેગ્યુ અને આખરે વેરોનાનો રાજા તથા સઘળા શહેરીઓ ત્યાં આવી પહોંચ્યા, ભીડ ભરતીવાળી નદીના પ્રમાણે વધતી ગઈ. તે વેળાએ વ્યાપાર શું છે તે જોવામાં આવ્યું, સમજાયું. બધાએ જાણ્યું કે મારકુઇટોનું અને ટાઇબોલ્ટનું મૃતદેહ પડી રહેલું છે.

આ જોઇને કેપ્યુલેટ તથા તેની સ્ત્રી શોકથી હાહાકાર કરી ઉઠયાં બધાં કહેવા લાગ્યાં કે આ કામ રોમિયોનું છે. રોમિયોએજ ટાઇબોલ્ટને મારી નાખ્યો છે.

તે વેળાએ રાજકાર્યનો આરંભ થયો. હત્યાકારીને મારી નાખવો એ રાજાનું કામ છે, તે કામની તૈયારી થવા માંડી સાક્ષીઓ લેવાની ધુમ મચી, રાજાએ પૂછ્યું " કલહનું મૂળ કોણ છે? કોણે વિવાદનો આરંભ કર્યો ?"

તે વેળાએ બેનીવોલીયોએ ટાઇબોલ્ટની લડવાની શરૂઆત, તેનો પહેલો હુમલો, મારકુઇટોની હત્યા, રોમિયોની લડાઇ કરવાની

અનિચ્છા પણ ટાઇબોલ્ટની ઉશ્કેરણી, ટાઇબોલ્ટનું પડવું ઇત્યાદિ બધો વૃતાંત અથથી ઇતિ સુધી રાજાની આગળ કહ્યો.

કેપ્યુલેટની સ્ત્રીએ રોમિયોના મિત્ર બેનીવોલીયોના કહેવા પર જરા પણ વિશ્વાસ રાખ્યો નહિ, અને રાજા પણ તેના પર વિશ્વાસ ન રહે તેવી કરૂણ પણ કંઇક સક્રોધ વિનંતિ કરવા લાગી. તેની બહુ ઇચ્છા હતી કે પોતાની જુલીયાના પ્રાણના પ્રાણ રોમિયોને તે વેળાએજ ગરદન મારવો.

એ ઇચ્છા સંપૂર્ણ રીતે પૂર્ણ થઇ નહિ, પણ એકીવારે અપૂર્ણ પણ રહી નહિ રોમિયો વેરોનાથી દેશનિકાલ થયો. રાજાએ હુકમ આપ્યો "હવે જો રોમિયો શહેરમાં જોવામાં આવશે તો તેને ગરદન મારવામાં આવશે.

વૃદ્ધ માટે માન્ટેગ્યુંએ મેહેરબાનીની ઘણી વિનયપૂર્વક વિનંતિ કરી પણ રાજાજ્ઞા કોઇ પણ રીતે પાછી ખેંચવાની રાજાએ મરજી દર્શાવી નહિ રાજાએ કહ્યું. "હત્યાકારીના ઉપર દયા કરવી એ પોતાને હાથે ખુન કર્યા બરાબર છે. મારા હજારો વખત હુકમ છતાં ન્યાયનું ઉલ્લંઘન થયું છે, શહેરની શાંતીનો ભંગ થયો છે, ખુન થયું છે, ખુનીને યોગ્ય શિક્ષા થઇ છે.

ખરાબ ખબર ફેલાતાં વાર લાગતી નથી. રોમિયોને દેશ નિકાલ થવાના ખબર શહેરમાં તરત પસર્યા. શહેરના રહેવાસીઓ વૃદ્ધ માન્ટેગ્યુંની દશા જોઇને આંખ લોતાલોતા ઘરમાં પાછા ફર્યા.

## પ્રકરણ ૧૦ મું.

### અમૃતમાં ઝેર.

"ઘણો મોટો બગીચો છે, ચારે બાજુએ ઝાડની હારો છે, વચમાં મનોહર બંગલો છે." તે વૃક્ષોથી શોભિતા બગીચાવાળા એકાંત બંગલામાં જુલિયા એકલી બેઠી છે. આજે જુલિયા પોતાને સુખની પરિસિમાએ પહોંચેલી જાણે છે. તેથી તે ઘણી ચંચળ થઇ છે. જુલિયા પોતાના મનમાં વિચાર કરે છે, "સૂર્ય હજી સુધી અસ્ત કેમ થતો નથી! " પ્રકાશ હજી સુધી કેમ હોલવાતો નથી? હજુ કેમ રાત્રી પડતી નથી? રાતનો અંધકાર રોમિયોને જુલિયાના હૃદયમાં શા માટે લાવતો નથી.?"

વળી વિચાર કરે છે. "રાત્રિતો અંધારાનું રાજ્ય છે. શું આ અંધારામાં મારો રોમિયો રસ્તો શોધી કાઢશે? હા, તે કંઇ અઘરૂં નથી, રાત્રિના અંધકારમાં રોમિયો જુલિયાને હૃદયમાં ધરશે. અંધકારમાં તે હસવું, તે બોલવું, વધારે સુંદર જણાશે, દીઠામાં આવતું નથી તેથી વધારે સારૂં દેખાય છે. વળી મન્મથ જો આંધળો હોય તો તે અંધ રાજાનું રાજ્ય પણ ત્યારે અંધારામાંજ છે."

"ત્યારે મુઇ હજુ રાત કેમ પડતી નથી? પ્રાણ આપીને જો પ્રેમના ઘરનો પાયો ચણ્યો તો પછી તેમાં રહેનાર કોણ? પારકાને માટે જો આત્મ સમર્પણ કર્યું તો પછી તે પરકાની સેવામાં રહેનાર કોણ?"

આવી રીતે ઘણા વિચાર કરવા લાગી પણ તે વિચારનો છેડો આવ્યો નહિ.

સમય પૂરો થયો. સૂર્ય દેવ અસ્તાચલ ઉપર જવાની તૈયારીમાં છે, રાત્રિ નજીક આવી છે, પરંતુ જુલિયાની દાઇ તો હજુ સુધી આવી નહિં, જુલિયા પાછી વિચારવા લાગી, વિચાર કરતાં કરતાં દાઇ આવી, જુલિયાએ ગભરાતાં પુછ્યું, "દાઇ કેમ તારૂં મોઢું ઉદાસ છે?"

દાસી રડવા લાગી જુલિયા ઉભી થઇ, અતિ વ્યાકુળ, અતિ વ્યસ્ત થઇને પૂછ્યું, "દાઇ! તું કેમ રૂવે છે?"

દાસી કંઇ બોલી શકી નહિ. પણ મોટેથી વધારે રોવા લાગી રોતાં રોતાં તે બોલી, 'તે હવે નથી? ગયો છે, આખી ઉમ્મરને માટે તને છોડીને ગયો છે."

જુલિયટ સ્થિર છે, ઘણીજ સ્થિર છે. તે સ્થિર અવાજથી બોલી. "દેવતા શું આટલો સખ્ત થાય, દાઇ?"

દાસી બોલી, "બેન દેવતા તો સખ્ત નહિં થાય પણ રોમિયો થઇ શક્યો છે."

'શું કહ્યું રાક્ષસિ! જીવ મારો જાય છે. રોમિયો શું જીવતો નથી?"

આટલું કહીને જુલિયાએ દાઇના મુખ સામું જોયું. તે જોવાથી જણાતું હતું કે આંખમાંથી તેના પ્રાણ નીકળી ગયા હોયને! તે વખતે દાસી રોતી રોતી બોલી, "લોહીની નદી વહે છે! મોં ફીકું થઇ ગયું છે, તે શરીર ધુળમાં રોળાય છે. મારૂં બળેલું કપાળ છે કે તે હું જોઈ આવી! હાય, હાય, કેમ મારૂં મૃત્યું થયું નહિ?

જુલિયા ઉભી હતી તે બેસી ગઈ. તે રોતી રોતી બોલી, હૃદર તું ચીરા! આંખ તું બંધ થા! ચેતના તું નાસી જા! જે માર્ગપર રોમિયો ગયો છે, હું પણ તે રસ્તે જાઉં.

આ પછી જીભ ઉપડી નહિ. જુલિયા જમીનપર પડી ગઇ.

તે વેળાએ ડોશી "હાય ટાઇબોલ્ટ? ક્યાં ટાઇબેલ્ટ ગયો? ક્યાં ગયો તું ટાઇબોલ્ટ! તું શું હવે મળશે નહિ? તને હવે શું જોવાશે નહિં! આવું બોલીને વિલાપ કરવાનો તેણે આરંભ કર્યો.

જુલિયા ઉઠીને બેઠી, રોતી રોતી તે બોલી, "કહે દાઈ શું થયું છે? રોમિયો નથી કે ટાઇબોલ્ટ નથી? સ્વામી મર્યો છે કે ભાઇ મર્યો છે? કે બેઉ મર્યા છે? પૃથ્વિમાં તારે કોણ જીવતો છે, દાઇ?

દાઇ હાંફતી હાંફતી બોલી, "ટાઇબોલ્ટ જતો રહ્યો છે. રોમિયોના હાથે ટાઇબોલ્ટનો પ્રાણ ગયો છે. રોમિયો દેશનિકાલ થયો છે! વળી દાઇ રડવા લાગી

આવા અસહ્ય અને સામટા દુઃખથી ભાઇનું મૃત્યુ અને સ્વામિના દેશનિકાલના સમાચાર સાંભળીને જુલિયા ઉન્માદિના જેવી થઈ ગઇ. ટાઇબોલ્ટ મર્યો છે, તે વળી રોમિયોના હાથે મર્યો છે. તેના વહાલાના હાથ ટાઇબોલ્ટના લોહીથી કલંકીત થયા છે, એનો વિચાર કરીને જુલિયાનું હૃદય ચીરાવા લાગ્યું. રોમિયોના ઉપર તેને બહુ ગુસ્સો તથા ઘણું અભિમાન થયું. થોડીક પળને માટે તેણે જ્ઞાન છોડયું. તેનું ધૈર્ય લોપ થયું. તે વેળાએ જુલિયાએ રોમિયોને સંબોધીને તિરસ્કારથી કહ્યું "હાય, આવું સુંદર શરીર આવું ઝેરનું રહેઠાણ છે? વિધાતા શું તમે રોમિયોનું સુખ પુષ્પથી બનાવીને

હૃદય તેનું ઝેરથી બનાવ્યું છે ? ભૂતપ્રેતનું શરીર શું દેવતાની આકૃતિથી ઘડ્યું હતું ? ઘેટાના હૃદયમાં શું વાઘની હિંસા પૂરી નાંખી હતી ? આવા શરીરમાં પણ જો પિશાચનો આત્મા, આવા સ્વર્ગમાં પણ જો પાપનું રાજ્ય હેયતો નરકનો માર્ગ કેટલો દૂર હોય ? "

દાઈ જરા ગુસ્સાથી બોલી, " બેન જુલિયા પુરૂષપર જે વિશ્વાસ રાખે છે, ભરૂસો મૂકે છે, તે મૂર્ખ છે. પુરૂષ, શઠ ને ધુર્ત છે. રોમિયોના મુખપર કાળી ટીલી પડી છે.

જુલિયા બેઠી હતી તે ઉભી થઇ. દાઇને જાણે હમણાંજ મારી નાંખવા જતી હોય નહિ, એવો તેનો દેખાવ થયો. આંખ લાલચોળ થઇ, હોઠ ધ્રુજવા લાગ્યા.

તે વેળાએ ગર્વિત સિંહના પ્રમાણે ડોક ઉંચી કરીને ઉભી રહીને બોલી, " શું કહ્યું દાઇ, રોમિયોના કપાલમાં કલંકનો ડાઘ છે ? પૃથ્વીનો રાજમુકુટ જે માથા ઉપર યોગ્ય છે તે શીર પર કલંક ? હું પાપિયણ છું, મેં મારા પોતના મોંએ રોમિયોની નીંદા કરી ? માફ કરો રોમિયો, હું પાપિયણ છું. "

દાસીએ જરા ગુસ્સે થઇને મશ્કરીના અવાજથી કહ્યું " ભાઇનું ખુન કરનારનાં ત્યારે શું હું વખાણ કરૂં ? "

" ત્યારે શું હું મારા સ્વામિની નિંદા કરૂં ? " જુલિયાનું હૃદય અનુતાપથી દગ્ધ થતું હતું, અનુતાપથી મળેલા ફરીયાદીવાળા અવાજથી તે બોલી, " સ્વામિની શું ત્યારે હું નિંદા કરૂં ? " આટલું કહીને દાઇના મોં સામું જોયું, તે જોવાનો ભાવ સમજીને દાઇ ભયથી થરથર કાંપતી રોવા લાગી. તે વેળાએ જુલિયાએ પોતાના મનમાં કહ્યું " હા પ્રાણાધિક ! હા વ્હાલાં રોમિયો ! એક પ્રહર

પણ ગયો નથી, મને અર્ધાંગના કરી છે, એટલામાંજ હું તમને કલંકીત ઠગવવા બેઠીછું. તમારી જુલિયા જ જો તમને કલંકીત ઠરાવશે તો પછી દુનિયામાં તમારૂં કલંક કાણુ ભૂસાડશે? પરંતુ રોમિયો તમે કઠિન ટાઇબોલ્ટને શામાટે મારી નાંખ્યો ! ઓ ! નહિ ! નહિતો કઠિણુ ટાઇબોલ્ટ તમને મારી નાખત ! અશ્રુ તમે મારા શોકનાં આંસુ નથી પણ સુખના આંસુ છો. મારો રોમિયો જીવતો છે. ટાઇબોલ્ટના હાથથી રોમિયોનો પ્રાણુ ગયો નથી ! ટાઇબોલ્ટ મર્યો છે ! રોમિયોને તે મારી શકયો નથી ! ત્યારે હું શા માટે રોવુંછું ? ટાઇબોલ્ટ શું મર્યો છે ! તે શું મર્યો છે ?

" નહિ ત્યાર પછી જે થયું છે તેનાથી તો હુંમરીછું ! " ટાઇબોલ્ટ મૃત થયો છે, રોમિયો દેશનિકાલ થયો છે? " આ એક વાકયથી મારૂં સર્વસ્વ જતું રહ્યું છે? આ એક વાકયથી તો મને સેંકડો ટાઇબોલ્ટના મૃત્યુના સરખું થયું છે ! "

આટલું બોલતાં બોલતાં જુલિયાની નજર પેલી રોમિયોની દોરડી ઉપર ગઈ, જુલિયાએ બુમ પાડી અને પેલી દોરડી તેની છાતી સરસી ચાંપી અને રોતી રોતી બોલી " આવ દોરડી આજે તુંજ મારૂં ધન છે, રોમિયોને તું લાવી શકીશ નહિ પણુ હવે તું મને મૃત્યુ લાવી આપ. "

દાઇએ બાળિકાના હાથમાંથી દોરડી ઝુંટાવી લીધી, બાળિકા રોતી રોતી બોલી. " દાઇ ? "

દાઇનું હૃદય પીગળ્યું, તે બાળિકાને દિલાસો આપીને બોલી, " તું રોઇશ નહિ જુલ ! હું હમણાં તારા રોમિયોને આણી આપુંછું."

દાઈ ઉઠી, બાળિકાના મૃતદેહમાં, બાળિકાના જીવમાં જીવ

આવ્યો. તે વેળાએ તે બાળિકાએ આંગળીમાંથી વીંટી કાઢીને દાઈના હાથમાં આપીને કહ્યું, "દાઈ! આ વીંટી તેને આપજે, અને તું કહેજે કે વેરોના છોડીને, જુલિયાને છોડીને દેશાંતર જવાની પહેલાં એકવાર તારી જુલિયાને મળી જજે."

બાળિકા વધારે બોલી શકી નહિ. દાઈ વીદાય થઈ. જુલિયા પથારી ઉપર પડી, સૂતા સૂતા વિચાર કરવા લાગી, "સુખને માટે આ ઘર બાંધ્યું હતું તે આગથી સળગી રાખ થઇ ગયું. અમૃતના સાગરમાં ન્હાવાનો વિચાર કર્યો હતો, પણ તે બધું ઝેર થયું."

## પ્રકરણ ૧૧ સું.

—×—

## વ્હાલીનો વિયોગ.

રાત વીતી ને પ્રભાત થયું. ઝાડ ઉપર કોયલ બપૈયા કોયલડી ઇત્યાદી પક્ષીઓ આરડવા લાગ્યાં. પૂર્વ આકાશમાં લાલ છાયા દેખાઇ. રોમિયોને વેરોના છોડીને, જુલિયાને છોડીને દેશનીકાલ જવાનો વખત થયો. રોમિયો જવાની રજા માંગે છે, જુલિયાનું રોમિયોની છાતી ઉપર માથું છુપાવી તે નીરવે રૂવે છે, અને મનમાં ને મનમાં રાતને ઘણું સમજાવીને કહે છે, "રાત્રી દેવિ, રહો, જરા થોભો, હું હવે જરા વાત કહી લઉં, વળી એકવાર જોઇ લઉં."

રાત્રિ હસી, તે હસવાનો અર્થ એ છે કે હું સાંઝથી છું, તેમાં તારી વાત પૂરી થઈ નહિ તેથી તારી જોવાની ઇચ્છા પૂર્ણ થઇ નહિ. હવે એકપળ શા માટે માગે છે? તારે વાત કરવી હોય,

હજુ જોવાનું બાકી હોય તો જો, પણ ત્હારે અંધારામાં જોવું હોય તો હું સાંઝે આવીશ ત્યાં સુધી થોભ.

રાત્રિ રાક્ષસી આટલું કહી ચાલી ગઇ. પાછુંવાળીને જોયું પણ નહિ, ઉભી રહીને એકવાર પણ જોયું નહિ. તેણે કહ્યું " જુલિયા રોયતો છો રોતી, તેમાં મારૂં શું જાય છે, રોમિયો વિદાય થાયતો છો થાય તેમાં મારે શું. સંસારમાં હજારો જુલિયા શું હસવું રોવું જોવા ગયાથી મારૂં શું ચાલવાનું હતું ?

રાત રહી નહિ. રોમિયો વળી જવાની રજા માગવા લાગ્યો. જુલિયા રોતી રોતી બોલી. " શામાટે પ્રાણાધિક ? રાતતો હજી ગઇ નથી ને પરોઢીયું થયું નથી. આ સવારની કોયલ નથી, અંધારાનાં તમરાં બોલે છે. કોયલનો અવાજ હું ઓળખું છું. તે ઘણો મીઠો, ઘણો મધુર છે. આતો તમરાં છે.

" નહિ જુલિયા આ તમરાં નથી. એ સવારની કોયલ છે, નજર કરીને જો, પૂર્વ આકાશ લાલ થઇ ગયું છે. દીવાની જ્યોત ઝાંખી થઇ ગઈ છે. સૂર્ય મને ઝાલવા માટે પહાડપરથી ડોકીયાં કરે છે. હવે જાઉં છું પ્રાણાધિકે ? રહેવાને હવે કહેશો ના, રહીશ તો જીવ રહેશે નહિ. "

આવું કહીને રોમિયોએ પ્રભાતના પદ્મ જેવા ભીના ભીના હોષ્ઠને ચુમ્બન કર્યું. પદ્મ વધારે ભીંજાયું. તે વેળાએ પીલું ભીંજાયલું પદ્મ ભીંજાયલા અવાજથી બોલ્યું " આ દિવસનું અજવાળું નથી પ્રાણાધિક, ચંદ્રની જ્યોતિ છે ! ચંદ્રરાતના અંધકારમાં તમને મેણ્ટુયા જવાનો માર્ગ દેખાડવા માટે રસ્તામાં આવીને ઉભો છે. રાત હજુ પુરી થઇ નથી. થોભો જરા થોભો, જાઉં જાઉં હવે બોલશો ના, વીદાય હવે માગશો નહી. "

રોમીયોએ આથી વીદાય થવા ચાહ્યું નહી, ચાહી શક્યો નહી. દીલગીરી ભરેલા અવાજથી બોલ્યો, "તેથીજ જુલિયા સૂર્યનું અજવાળું નથી. ચંદ્રની ચાંદની છે. કોયલ નથી એ તમારાનો અવાજ છે. રાત વીતી ને હજુ પ્રભાત થયું નથી. તમે નહિ કહ્યાથી શું રાત પ્રભાત નહિં થાય જુલ ? તમને છોડીને હું જનાર નથી. રજા હવે હું માંગીશ નહિ, ત્યારે આવ મૃત્યુ, જુલિયા મને છોડતી નથી. કેમ જુલ ત્યારે શા માટે તને છોડું ? રાત વિતી ને હજુ પ્રભાત થયું નથી.

"થયું છે; રોમિયો, થયું છે પ્રભાત, એ કોયલનો બેસુરો અવાજ, એ સૂર્ય ઝાંખુ અજવાળું થયું, જુઓ, આંખનું અજવાળું મને હરવા આવ્યું છે, દિવસનું અજવાળું આવીને બારીમાં ઉભું છે! હવે નહિ પ્રાણાધિક, હવે તમને રાખવા ચહાતી નથી.

આટલું કહીને પેલી બાળકી નાની છોકરીની માફક રડવા લાગી રોમિયોએ બાલીકાના આંસુવાળા મોંની પાસે જવાની રજા માંગી. આંસુવાળા મ્હોંએ જવાની રજા આપી. પરંતુ તે રજા આપવી લેવી હવે પુરી થતી નથી. એકવાર, બેવાર, ત્રણવાર, સોવાર જેટલીવાર રોમિયો જવાની રજા માંગવા લાગ્યો, તેટલીવાર આંસુવાળા મુખે રજા આપી, તોપણ તે રજા પુરી થઇ નહિ. આંસુવાળા મુખોનું વિદાય આવુંજ હશે ?

જ્યારે આવી રીતે રજા લેવાનુ ચાલતું હતું ત્યારે દાઈ આવીને બોલી, "સૂર્યનું અજવાળું થયું છે. શેઠાણી હમણાં આવશે, હવે વખત નથી."

તે વેળાએ દાઇનાં વચન સાંભળીને રજા આપનારી અને રજા

લેનારને શુદ્ધી આવી. જુલિયા રોતી રોતી કહેવા લાગી. "ત્યારે મેળ્ણુયાથી મને દરરોજ કાગળ લખજે."

રોમિયો બોલ્યો "ઠીક છે, હું લખીશ."

જુલિયાએ સાંભળ્યું, "ઠીક છે, હું લખીશ." પછી બોલી "આવજે, આવજે, વ્હાલા રોમિયો! વહેલો પાછો વળજે."

દેવતા તને તું જ્યાં હોઉ ત્યાં સુખી રાખે.

પછી આંખથી જુલિયા જોઇ શકી નહિં. એકદમ જુલિયાની આંખ નજર વગરની થઇ. ઘણીવારે જ્યારે તેને ફરી જોવાની શક્તિ આવી ત્યારે જોયું કે તેના નયનનો મણી જતો રહ્યો છે.

---

## પ્રકરણ ૧૨ મું.

## વિપત્તિનું વાદળ.

---

જોતાં જોતામાં મા આવીને દીકરીના ઓરડામાં હાજર થઇ. છોકરીએ ઉઠવાની કોશેશ કરી, પણ ઉઠી શકી નહી. વાળની લટો બાંધી, પરંતુ વાળ બંધાયા નહી. આ જોઇને માએ કહ્યું, "આમ રોવાથી શરીર કેટલા દહાડા રહેશે? રોવાથી શું પાછો ટાઇબોલ્ટ મળશે."

માશું આટલું જાણે છે! તે બીચારી શું જાણે કેગરીબ જુલે આજે એક મણી ગુમાવ્યો છે, તે ક્યારે જડશે તે નક્કી નથી. જુલિયટે આજે તેના હૃદયનો હીરો ખોયો છે.

દીકરીએ કહ્યું "મળશે નહિ તેથી શું હું રોવું નહીં?"

છોકરી ફરી રોઇ.

મા બોલી, જો મળનાર નથી તો તે રોવાનું ફળ શું ?

છોકરીએ કહ્યું, " રોવુંજ ફળ છે. રોવુંજ હમણાં મારૂં ધન છે."

તે વેળાએ માએ છોકરીને ખુશી કરવા માટે કહ્યું. "ટાઇબોલ્ટ તો મરણ પામ્યો છે પણ હમણાં જો પેલા દુરાત્માને ટાઇબોલ્ટનો સાથી બનાવું તો તું ખુશી થઇશ જુલ ? "

છોકરીએ વ્યાકુલ થઇને પુછ્યું, " કયો દુરાત્મામા ? " મારો હાથ ઉંચા કરી દેખાડતી હોય એમ કહ્યું, " પેલો દુરાત્મા, પેલો રોમીયો. "

છોકરીએ પોતાનું માથું નીચે કર્યું. મનમાં ને મનમાં તેણે કહ્યું, "દુરાત્મામાં અને તેમાં ઘણું છેટાપણું છે. "

માએ ફરી કહ્યું, " તેને માટે તું ચીંતા કરીશ ના બેટા, રોમીયોનું મુડદુ—

" આ શું કહેવાય મા ? " માના વાક્ય પૂરા ન થતામાંજ છોકરીએ કહ્યું, " આ શું કહેવાય મા ? "

તે વેળાએ રાક્ષસી માએ કહ્યું. " મેષ્ણુયામાં તેની પછવાડે માણુસ લગાડીશ, તે માણુસો તેને એવું હળાહળ ઝેર આપશે કે ટાઇબોલ્ટની પાસે જવામાં તેને એક પળ પણ થોભવું પડશે નહી. તું બેટા નિશ્ચિંત રહે. "

દીકરી સાંભળીને કંપાયમાન થઇ. વ્યાકુલ થઇને બોલી, " મા, હું હવે કોઇના ઉપર ભરૂસો રાખતી નથી. ઝેર હું પોતે મારે હાથે આપીશ. મારા ઝેરથી રોમિયો—રોમિયો.

દીકરીના મુખથી વધારે વાક્ય નીકળ્યાં નથી.

તે વેળાએ માએ તે દુરાત્માને થોડીવારમાં ટાઇબોલ્ટની પાસે મોકલવાની આશા રાખી અને દીકરીને પણ તેવી આશાવાળી તેણે ધારીને કહ્યું, " બ્હેન ઝેર એકઠું કર; માણસને હું મુકરર કરીશ. બીજી એક સારી ખબર સાંભળ. "

દીકરી જરા ભયભીત થઇ, જરા ગભરાયલી થઇને ઝડપથી તેણે પુછ્યું. " દુઃખની વખતે શુભ સમાચાર શેના મા ? "

મા આથી એકદમ જરા ગંભીર થઇને બોલી. " જુલ તું તારા બાપની કેવી લાડકી દીકરી છે. તેથી બેટા, તારૂં દુઃખ તે જોઈ શકતા નથી. તારૂં રોવું જોઇને તે પોતે રૂવે છે. તેથી તેના મનમાં આવે છે કે આજકાલ શુભ કામ કરવું તેનાથી તારૂં દુઃખ જાય, તને સુખી કરીને તે જાતે પણ સુખી થાય. "

" મા તે શું છોકરીએ કહ્યું " " મા તે શું ? ક્યારે ? " મા પહેલા જેવી ગંભીરાઇથી બોલી, " કાલેજ, કાલે પારીસની જોડે તારૂં લગન થશે. "

માના મોંપર જરા ગર્વનું હસવું જણાયું, દીકરીનું મોં વધારે લેવાઈ ગયું. માએ વિચાર કર્યો કે " દીકરીને આકાશમાં ચઢાવી છે. " દિકરીએ વિચાર કર્યો કે " મારા માથા ઉપર આકાશ તુટી પડયું છે. " દીકરી થોડીવાર બ્હાવરી બની ગઇ. પછી તેણે ઉતાવળથી પુછ્યું " શા માટે મા તે કામમાં આટલી બધી ઝડપ કરો છો ? તારે પગે પડું છું. હમણા પિતાજીને કહીને મારૂં લગ્ન મુલત્વી રખાવ. હું હમણાં મારી પોતાની નથી, રોમિયો હમણાં કેવો મારો દુશ્મન છે તે તું જાણુતી નથી મા ? હમણાં મારે પારીસ હોય કે બીજો ગમે તે હો, બધા મારે રોમિયો છે."

મા જરા ગુસ્સાથી બોલી, "બેન તને કહ્યાથી તું રોઇને ગાંડી થાય છે, અને તારા બાપને કહ્યાથી તે બળીને આગ જેવા થાય છે, બેઉમાં મારે સુડી વચ્ચે સોપારી જેવું થવું છે. હવે મારે કંઇ કહેવાની જરૂર નથી. તારા પિતા એ પેલા આવે છે, તારે જે ઇચ્છા હોય તે તેમને કહે."

કહેતાં કહેતાંમાં કેપ્યુલેટ આવી પહોંચ્યો તેથી લેડી કેપ્યુલેટ ઉઠીને તેના પાસે ગઈ ને ધીમેથી તેના કાનમાં ઉપરની બીના કહી જેથી લોર્ડ કેપ્યુલેટ બહુ ગુસ્સે થયો. જુલિયાની મા દસ કદમ દુર જતી રહી. એક તો શેઠ ને વળી વૃદ્ધ તે શું કરે તે કોણ જાણે ?

શેઠ તે વેળાએ શેઠાણીની તરફ જોઇને ઘણાજ ઉગ્ર સ્વરથી બોલ્યા "નહિ તેમ થનાર નથી."

શેઠાણી હળવેથી બોલી "હા કે ના જુલિયા કંઈ પણ કબુલ કરતી નથી."

કેપ્યુલેટ પહેલાંનાજ પ્રમાણે ઉગ્ર સ્વરથી બોલ્યો, "કંઈજ નહિ? કંઇ પણ તે કબુલ કરતી નથી ? આશ્રયને માટે જરા ઉપકાર પણ નહિ ? એ લાભને માટે જરા અહંકાર પણ કરતી નથી ?"

જુલિયા અતિ વિનીત, અતિ દિલગીર થઇને બોલી, "પિતાજી, અહંકાર કોને કહે છે તે હું જાણતી નથી, કૃતજ્ઞતા એકવાર શા માટે સેંકડો વાર કબુલ કરૂં છું. જે ચાહતી નથી તે લઇને શી રીતે અહંકાર કરૂં ? તોપણ સ્નેહ કરીને આપવા ચાહો છો તેથી કૃતજ્ઞ છું."

કેપ્યુલેટ ગુસ્સાથી તેમજ મશ્કરીમાં બોલ્યો "વાહ તર્કશાસ્ત્રી એકદમ શું થયું ? અહંકાર, કૃતજ્ઞતા, આ કૃતજ્ઞતા એ શું બકે છે ? અને તો પણ કહે છે કે અહંકાર કોને કહે છે તે હું જાણતી

નથી? તે તું જાણુ કે ન જાણુ. અહંકાર હવે તારે કરવો પડશે નહી. શું કરવું પડશે તે તું સાભળ, જો તને હું સાફ કહી દઉં છું. કાલે ને કાલે તારે પરીસની જોડે લગ્ન કરવા પડશે. તેની જોડે દેવળમાં જઇને સોગન ખાવા પડશે. ઇચ્છાથી ન જઇશ તો અનીચ્છાથી જજે, તો પણ નહી જઇશ તો હું મોકલીશ. અભાગણી નીર્લજ ! તારૂ હજી મરણુ નીપજ્યું નહી ?

વૃદ્ધ ગુસ્સાથી થરથર કાંપવા લાગ્યો. તે વેળાએ " બસ બહુ થયું. તમે તો ગાંડા થયા છો " આવું કહીને શેઠાણીએ આવીને તેનો હાથ ઝાલ્યો. તેથી કેપ્યુલેટ જરા ટાઢો થયો.

માને જોવાથી બધાને હીમ્મત અવે છે જુલીયાને પણ તેમ થયું તે વેળાએ જુલીયા ગુઠણુ ઉપર પડીને હાથ જોડીને બોલી, " પીતાજી ધીરજ રાખીને મારી એક વાત સાંભળો. "

પીતાજીએ કહ્યું "નીર્લજ હમણાં પણ તારૂં મરણુ થયું નહી ! મારી વાત જો સાંભળે, મારી આજ્ઞા પાલે તો સારૂં છે. નહી તો હું આખા જન્મારામાં તારૂ મોં જોઇશ નહી. "

ત્યાર પછી શેઠાણીને બોલાવીને કહ્યું " આટલાં છોકરાં મરી ગયાં, આં ખરાબ છોકરી શા માટે મરી ગઇ નહી ? તેઓએ મરીને મને જે દુઃખ આપ્યું છે તેના કરતાં સોગણું દુઃખ મને આ જીવતી રહીને આપે છે. પહેલાં હું દેવતાની પાસે જુલીયાના જીવન માટે પ્રાર્થના કરતો હતો, હવે તેના મરણુને માટે કરૂં છું. આ આપદ ગયાથીજ મારો બચાવ થશે અને હું બચીશ. "

દાઇ ચુપ થઇને આ બધું સાંભળતી હતી, હવે તે સહન કરી શકી નહિ. જુલિયા જીવથી જશે તે તેનાથી ખમાયું નહી. તે

રોઇને બોલી, " નહી શેઠ એવી વાત જીભ ઉપર લાવતા ના. શા માટે તમે મારા બેટાને મરવા કહોછો ? "

શેઠે આંખ ફેરવીને કહ્યું " ચુપ રહે પાપિષ્ટ "

પાપીષ્ટે કહ્યું, " શેઠ મેં પાપ શું કર્યું છે ? "

શેઠ વધારે ક્રોધાયમાન થઇને બોલ્યો "મારી સામે જવાબ?"

ડોશી થરથર કાંપતી બેસી ગઈ.

તે વેળાએ ફરીને "શું આટલો બધો ગુસ્સો કરવો જોઇએ?" આવું કહીને શેઠાણી શેઠની પાસે જઇને ઉભી રહી. શેઠ જરા નરમ પડયા.

લોકો કહે છે, ક્રોધ અને આગ બેઉ સરખાં છે. લાકડાં નહી મળ્યાથી આગ બળતી નથી, ક્રોધીની વાતનો જવાબ નહી મળ્યાથી, ક્રોધી પણ ગર્જનો નથી. ક્રોધનો વેગ ઠંડો પડયો છે. કુપ્યુલેટ જરા થાક્યો છે. જરા ઠંડો પડયો છે તેથી કંઇક નરમ અવાજે તેણે કહ્યું, " શું હું ગુસ્સે જાણીજોઇને થાઉંછું, હું જાણુંછું કે હું ગાંડો થયો છું. રાત દહાડો સવાર સાંઝ મને એકજ વીચાર આવ્યા કરે છે, કન્યાનો વીવાહ, કયાંથી સુજન મેળવું, કયાંથી સુપાત્ર મેળવું, તે વીચારમાં મારે ખાવું નથી, ઉંઘ નથી, શોક નથી, દુઃખ નથી, આનંદ નથી, ઉલાસ નથી, કંઇ નથી. હમણાં જ્યારે આટલી મહેનતે, આટલી કોશેશે જ્યારે સુપાત્ર વર મળ્યો છે તો કન્યા કહેછે કે હું લગ્ન કરીશ નહી, તેને હું ચાહી શકીશ નહી અને ક્ષમા કરો, લગ્ન કરવાની હજી મારી ઉમ્મર થઈ નથી, આ અભાગણીએ શું કરમને એકીવારે જળાંજલી આપી છે ?

" ઠીક છે, મેં તને ક્ષમા કરી, તું લગ્ન પણ કરીશ ના. આજનો દહાડો તને વિચાર કરવાને માટે આપું છું. જો તું મારી હોય, મારૂં બધું તારૂં હોય તો મારૂં કહ્યું સ્વીકારજે, જો તું મારી ન હોય, જો મારૂં બધુ તારૂં ન હોય તો રસ્તામાં જઇને ભીખ માંગી ખાજે. તું મારી ત્યાગ કરેલી છોકરી છે. તું મારી દોલતમાંથી એક કોડી પણ પામીશ નહીં, હું બોલુંછું તેજ કરૂં છું.

લોર્ડ કેપ્યુલેટ આટલું કહીને તરતજ ત્યાંથી ચાલ્યો ગયો.

વિપત્તિમાં મા છે. જુલિયા માને બાઝી પડીને રોઇ અને રોતાં રોતાં બોલી " મા, તું મને હડસેલી કાઢી મૂકીશ ના. એક મહિનો, નહિતો એક અઠવાડીયું થોભાવ મા. "

મા બોલી, " તું રડ નહિં બેન, તેં જોયું તો ખરૂં. તેં તારી આંખે તો જોયું. કે મારે કહેવાને શું બાકી જેવું રહ્યું છે તે કહે જોઇએ ? "

આટલું કહીને મા જતી રહી.

જતી રહી, છોકરીને ભોળવવાની વાતથી કંઇક ભોગવીને ગઇ. પરંતુ આપણે તેનાથી શામાટે ભોળવઇએ. શેઠ ક્રોધી વિરાગી કે ગમે તેવા હોય, શેઠ એટલેજ તે શેઠાણીના તાબેદાર છે. વિષેશ કરીને કન્યાના વિવાહમાં તેથી જો શેઠાણી ઇચ્છા કરત, તો કંઇ ઉપાય કરી શકતી. પરંતુ તે પણ તેવુંજ ચાહતી હતી, તેથી તે કેમ કરે ?

જેમ પાણીમાં ડુબતો માણુસ બધી આશામાં નિરાશ થઇને આખરે નાના ઘાસને પુળીઆને વળગે છે, તેમ માબાપના સ્નેહથી

વંચિત થઇને જુલિયાએ પણ હમણાં દાઇનું શરણ લીધું. તે રોઇને બોલી " દાઈ હવે કાંઇ તદબીર બતાવ. ટાઇબોલ્ટ મરણ પામ્યો છે તે ખમાયું છે, રોમિયો દેશ ત્યાગી થયો છે, તે સહન થયું છે, રોમિયોના મરવાના સમાચાર જો આજે મેળવું તો તે પણ પ્રાણ સહન કરશે એવું જણાય છે. પરંતુ આટલું હવે સહન થઈ શકતું નથી. વિચાર કરતાં હું ઘેલી થઇ જાઉં છું. રોમિઓ! પ્રાણાધિક! તમારી પાસે હું અવિશ્વાસીની થઇશ, દેવતાએ હજુ આ શરીરમાં પ્રાણ રાખ્યો છે ? "

બાલિકા આનાથી વધારે બોલી શકી નહિ. રમવાની ઢીંગલી ભાંગી જતાં જેમ નાની બાલિકા જમીન ઉપર પડીને રૂવે છે, તેમ તે બાલિકાના પ્રમાણે મ્હોટેથી શ્વાસ લેતી રોવા લાગી. રોવાથી અંતરની જ્વાલા કંઇક ઓછી થઈ. વળી કહ્યું, " શું કંઈ તદબીર નથી દાઇ ? "

દાઈ જરા ગંભીર થઇને બોલી, તદબીર કેમ ન હોય બેટા ? ઘણી તદબીર છે, હું શું કહુંછું તે સાંભળ. જે ગયો છે તે તો ગયો છે. તેને માટે જે છે તેની આશા શામાટે છોડેછે ! રોમિયોની આશા તને આખા જન્મારાને માટે છોડવી પડી છે. તે તારી પાસે મરવા જેવો છે. તે જીવતો રહે તોપણ કંઇ કામમાં આવશે નહિ. તે મરેલો નહિતો શું ? તેથી કહુંછું કે તું માબાપની વાત સાંભળ, પારીસની જોડે તું લગ્ન કર, હું તને ખરૂં કહુંછું કે એમાં તારે લાભ છે પણ નુકશાન થનાર નથી. રોમિયો રોમિયો કહીને હવે માથું કુટતી ના. "

જુલિયા બોલી " શું તે બરાબર તારા મનની વાત કહી ?

દાઇ બોલી, " મનની નહી તો શું મોંની ! મારી પાસે બેટા, એવું નથી. મારા મનમાં જે છે તેજ મુખમાં પણ છે."

જ્યારે દાસી આવી રીતે પોતાની પ્રશંસા કરવામાં લાગી હતી, ત્યારે જુલિયા અધીરી થતી હતી કે દાસીના મુખ ઉપર લાત મારીને તેને નરકમાં પાડી નાખું. જુલિયા તે ઇચ્છાને ઘણી મુસ્કેલીથી રોકીને બોલી, " જો દાઇ, પિતાની આજ્ઞા લોપીને હું આજે ઘણી અપરાધી થઇ છું. તે અપરાધનું પ્રાયશ્ચિત કરવામાં હું પાદરીના મઠમાં જાઉં છું. માને આ વાત કહેજે."

દાઇએ વિચાર કર્યો, "દેવતાએ તને સારી બુદ્ધિ આપી છે." બીજું કાંઇ ન બોલતાં તરત ત્યાંથી ઉઠીને ચાલતી થઈ.

આ ચઉદ વર્ષની અનાથ બાલિકા તે વેળાએ આંખને લોહતી લોહતી લોરેન્સની ઝુંપડી તરફ જવા લાગી, રસ્તામાં જતાં જતાં વિચાર કરવા લાગી. " હવે કંઈ ન થાયતો મરી તો શકાશ. "

## પ્રકરણ ૧૩ મું.

### યુક્તિ.

શહેરને છેડે, જ્યાં જનસંઘ નથી, માણુસની ગડબડ નથી, ઘોડા, ગાડીની દેડાદોડ નથી, ધૂળ રેતીની રેલમ છેલમ નથી, ઘરની જોડે ઘર મળેલાં નથી, ત્યાં એક સ્વચ્છ શાંતિપૂર્ણ મકાન છે. ઘરની નીચે એક ઋષિ તુલ્ય પ્રશાંત મૂર્તિવાળો વૃદ્ધ માણુસ બેઠો છે. વળી તે વૃદ્ધ પુરૂષના પગ આગળ એક લાવણ્યમયી બાલિકા

પડેલી છે. બે સુંદર છે, બે હૃદય સ્નિગ્ધકર છે. વૃદ્ધના મોંપર વૃદ્ધપણાનું ગંભીર સૌન્દર્ય છે, નવીનના મુખપર યૌવનનું ઝલકતું સૌંદર્ય છે. બે સૌંદર્યે એક થઇને તે સ્થાનને અનુપમ સૌન્દર્યમય કરી મૂકયું છે. જાણે મહાગિરિના પાદ દેશમાં એક ન્હાની નદી લહેરોને તોડતી વહી જાય છે. આ વૃદ્ધ પાદરી લૅારેન્સ છે, આ બાલિકા જુલિયા છે.

લૅારેન્સ વાત કહેતો નથી, માથું નીચું ઘાલીને જાણે કંઇક વીચાર કરતો હોય એમ દેખાય છે. જુલીયા રોતી નથી, ઉપર મ્હોં કરીને કોઇને જાણે બોલાવતી હોય તેમ ભાસે છે. વૃદ્ધની છાતી સુધી લાંબી દાઢી છે, નવીનના પગને ચુમ્બતા કાળા વાળ ઉપર દાઢીના વાળ પડયા છે. પવીત્રતા અને મધુરતા જાણે ભળી ગયા હોયને ! સ્વર્ગ અને પૃથ્વી જાણે એકમેકને આલિંગન કરતા હોયને !

થોડીવારે વૃધ્ધે માથું ઉપર કરીને કહ્યું, “ જે કરવાનું હોય તે આજે જ કરવું પડશે ? ”

જુલીયા બોલી “ શું કરવું પડશે પીતાજી કહો, જે કહેશો તે હું કરવાને તૈયાર છું. આપનું અગાધ જ્ઞાન સર્વત્રગામીની બુદ્ધી જો મારો બચાવ કરી ન શકે તો હું મારી તદબીર પોતેજ કરી આવી છું. આજ્ઞા આપો પીતા, તે ઉપાયનો પ્રયોગ હું કરૂં. ”

બાલીકાએ આવું કહીને કપડામાંથી એક તીક્ષ્ણ છુરો બહાર કાઢયો અને વૃદ્ધની સામે મૂકયો. આથી વૃદ્ધ કંપાયમાન થયો.

બાલિકાએ ફરી કહ્યું, “ જગદીશ્વરે જે હૃદયને રોમિયોના હૃદયમાં મેળવ્યું છે, પિતા આપે રોમિયોના હાથમાં જે હાથ સોંપ્યો છે, તે હૃદય હું કોને સમર્પણ કરૂં ? તે હાથથી હું કોનો

હાથ સ્પર્શ કરૂં ? રોમિયો અને જુલિયા બેઉની રક્ષા કરવાનો જો આપની પાસે કંઇ ઉપાય નહી હોય તો કહો પ્રભુ, હું જુલીયાને મારીને રોમિયોને બચાવું."

છોકરીએ છુરો હાથમાં લીધો. તરત વૃધ્ધે બાલીકાના હાથમાંથી છુરો ઝુંટાવી લીધો.

તે વેળાએ વૃદ્ધ ઘણા ધીર, ઘણા ગંભીર, અતી કરૂણા પૂર્ણ અવાજથી બોલ્યો, "ઠીક છે બહેન, તદબીર મ્હારી પાસે છે. પ્રાણ અને માન બે તારાં બચશે. રોમાયો અને જુલીયા બંને રક્ષા પામશે. હું જાણું છું કે આ પાપ લજ્જાના હાથથી છુટવા માટે તું આત્મઘાત કરવાને તૈયાર થઇ છે. તે તું વગર હરકતે કરી શકીશ, તારા મનમાં એવું બળ પણ છે. જો હીમ્મત હોય તો કહે, હું આ મૃત્યુ તુલ્ય કંઇ ભયાનક ઉપાય તને કહું, જેથી તારો પ્રાણ અને માન બેઉ સચવાશે."

"કહો પીતા." જુલીયા જલદીથી બોલી, "કહો પીતા જલદી કહો, જે કહેશો તે હું કરીશ, સમુદ્રમાં કુદીશ, આગમાં પ્રવેશ કરીશ, સાપના દરમાં હાથ નાંખીશ, રીંછના કોતરમાં હું ચાલતી જઇશ, સર્વ હું કરી શકીશ, જો રોમાયોની સતી સ્ત્રી રહીને મરી શકું તો."

તે વેળાએ વૃદ્ધ અતી ગંભીર તે છતાં આશા ઉત્પન્ન કરે એવા અવાજથી બોલ્યો, "વ્યાકુળ થઇશ ના બહેન, જે કહું છું તે સાંભળ. ઘરમાં પાછી જઇને સંતુષ્ટ રીતથી વિવાહ કરવાને રાજીથા. તેની પહેલાં આ ઔષધ લે. રાત્રે છુપી રીતે આ ઔષધ

લેજે. એથી તારો શ્વાસ બંધ થશે, ફેફસાં ચાલતાં બંધ થશે, આંખ મીચાશે, ચેતના લોપ થશે, મૃત્યુનાં બધાં લક્ષણ જણાશે, પરંતુ તું મરીશ નહી. લગભગ આવીજ હાલતમાં તું એક દહાડો ને રાત રહીશ. પછી શુદ્ધી આવશે. તારો બાપ મરેલી જાણીને તને દાટશે, એટલામાં હું મેણ્ણુયામાં રોમીયોને બધો વૃતાન્ત જણાવીશ. ત્યાર પછી હું અને રોમીયો તને તે સમાધીના ખાડામાંથી કાઢીશું. તે વેળાએ છુપી રીતે વગર ભયથી તું રોમીયોની જોડે મેણ્ણુયામાં જઈ શકીશ. કોઈ જાણશે નહી કે તારૂં શું થયું. આ તદબીરથી તારો જીવ અને પ્રાણથી વહાલું સતીત્વ બેઉની રક્ષા થશે. જો આમ કરવામાં હીમ્મત આવતી હોય તો લે આ ઔષધ."
દીન થઇને જુલીયાએ વૃદ્ધના હાથમાંનું ઔષધ લઇને પોતાના કપડામાં છુપાવ્યું.

વૃધ્ધે ફરી કહ્યું. " સાવચેત રહેજે બેટા, ડર્યાથી પ્રાણ અને માન બેઉ જસે. "

જુલીયા જરા હસી. તે હસવાનો અર્થ વૃદ્ધ સમજ્યો. ગદ્દગદ્દ કંઠથી બાલીકાને આશીરવાદ આપ્યો. આશીર્વાદ આપતાં રોઇ પડયો.

બાલીકા આશા રાખીને ઘરમાં ગઈ તો પણ એકવાર વીચાર કર્યો, " હૃદયમાં મારૂં દુઃખ રહી ગયું છે. મરણની વેળાએ મેં વહાલાનું મોં જોયું નહી. "

# પ્રકરણ ૧૪ મું.

---

## સર્વનો હર્ષ.

લોર્ડ કેપ્યુલેટ આજે કંઇ ગર્વિત છે, મનમાં ને મનમાં કંઇક પોતાની બડાઇ મારવામાં મશગુલ છે. તે પોતાના મનમાં ધારતો હતો કે મીઠા વચનથી સંસાર ચાલતો નથી, સંસાર ચલાવવા માટે કડવાં વચન કહેવાની જરૂર છે. પોતાના શરીરમાંથી ઉત્પન્ન થયલાં છોકરાંને મીઠાં વચનથી વશીભૂત રાખી શકાતાં નથી. મીઠાશ ખાવામાં રૂચીકર થઇ શકે છે, પણ કાર્યકર નથી. ઉલટી કાર્ય નાશક છે. કામ કરવું હોય તો તીખાનો વ્યવહાર કરવો જોઇએ. મીઠાસ વ્યાધી ઉત્પન્ન કરે છે. તીખાસ તે આરોગ્ય કરે છે. મીઠું જીભને મીઠું લાગેછે ખરૂં પરંતુ જીવનને માટે તે તીખું છે. તીખું જીભને માટે તીખું છે ખરૂં, પરંતુ જીવનને માટે ઘણું મીઠું છે. મીઠાસ ઉત્પન્ન થાય છે માટે તીખાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જોતજોતામાં તીખાએ મીઠાસનું બળ પ્રયત્યક્ષ દેખાડ્યું.

જ્યારે પિતા આવી રીતે તીખા મીઠાના ગુણ અવગુણના વિચારમાં લાગેલો હતો, ત્યારે કન્યાએ આવીને તેને પગે લાગીને કહ્યું, "પિતાજી, છોકરીનો અપરાધ ક્ષમા કરો, આપની આજ્ઞા હું માથે ચઢાવું છું."

પિતાની ઘણી ઇચ્છા થઇ કે કન્યાને એકીવારે ખોળામાં લઇને તેનું મુખ ચુંબન કરે પરંતુ તેમ થયું નહિ. સવારની હકીકત પોતાના મનમાં ઘણી આવતી હતી, તેથી જરા સંકુચિત રહ્યા છતાં

કેપ્યુલેટ કન્યાના ઉપર મનમાં ને મનમાં ઘણો ખુશી થયો, માત્ર બહારથી તે જણાવવા દીધુ નહિ તે બોલ્યો, "ઠીક છે હમણાં પારીસને ખબર આપવા જોઇએ."

કન્યાએ માથું નીચું ઘાલીને કહ્યું, "તેણે એ ખબર જાણ્યા છે."

કેપ્યુલેટે ફરી કહ્યું "ઠીક."

કન્યા વિદાય થઇ. પિતા કંઇક ગંભીર થયો. આજે કેપ્યુલેટ બહુ થોડું બોલનારો થયો છે. સંસારની રીતજ આવી છે, જ્યાં સુધી કન્યાને પરણાવી ન શકે ત્યાં સુધી પિતા વિવાહ. વિવાહ કહીને ઘણો આતુર, ઘણો ચિંતાતુર રહે છે. લગ્ન નક્કી થયાથી પરણાવવાનો દિવસ આવ્યાથી અતિ યત્નથી પાળી પોષેલી કન્યા આજથી પારકી થશે એનો વિચાર કરીને તે ઘણો દિલગીર થાય છે. દિલગીર થયા છતાં પણ તે દિલગીરી હર્ષમય હોય છે. તેથી કેપ્યુલેટ આજે ખેદિત હોવા છતાં પણ હર્ષવાળો છે.

પછી એક પછી એક શૈશવ, બાલ્યુ, કૌમાર, પછી યૌવન બધી અવસ્થા કેપ્યુલેટના મનમાં આવવા લાગી. વિવાહ યાદ આવ્યો. વિવાહમાં અનિચ્છા યાદ આવી. આખરે પારી.. યાદ આવ્યો. પારિસ રૂપમાં ગુણમાં અતુલ્ય છે, ત્યારે જુલિયા પહેલેથી તેની અનુરાગિણી કેમ થઈ નહિ? કેપ્યુલેટ કંઇક વિચારમાં પડ્યો. આખરે તેણે નક્કી કર્યું, કન્યાની જાતનોજ દોષ છે. સારૂં નરસું તેઓ સમજી શકતાં નથી. સારૂં કરીને આપ્યાથી પણ તે સારૂં તેઓ લેવા ઇચ્છતાં નથી. ઘણીજ અકૃતજ્ઞ જાતિ છે."

આતો પિતાનો વિચાર થયો. કન્યા વિચાર કરે છે, "હૃદય જેને ચહાતું નથી, હું જેને પ્રેમ કરવા ચહાતી નથી, પ્રાણ જેને

માટે આતુર થતો નથી, શા માટે પિતા મને જબરદસ્તીથી તેને ચહાવા કહે છે? હૃદય તેને સોંપવા કહે છે? પ્રાણને તેને માટે મત્ત થવા કહે છે? તે પણ શું થતું હશે? પિતા, પિતા થઇને છોકરાંના ઉપર આટલો જુલમ? હાય?"

હવે દોષ કોનો? પિતાનો કે પુત્રીનો? અમે કહીએ છીએ કોઇનોજ નહિ. મન્મથ નામનો એક ઘણો દુષ્ટ માણસ છે. તે સારાં નરસાંનો વિચાર કરવા દેતો નથી. સુંદર કદરૂપો સમજવા દેતો નથી, સુજન દુર્જન ઓળખવા દેતો નથી, પિતાનો પણ નહિ, કન્યાનો પણ નહિ, દોષ તેનોજ છે. તે દોષ ગમે તેનો હોય પણ કેપ્યુલેટ આજ બહુ હર્ષવાળો છે.

શેઠાણીને તો આજે હર્ષ સમાતોજ નથી. એક તેનું કારણ એ છે કે કન્યાનું લગ્ન થવાનું છે તેથી સુખી છે, તેના ઉપર વળી તે કન્યાને સસરાના ઘરમાં જવું પડશે નહિ. જુલિયા પોતાની પાસેજ રહેવાની છે. માતાને વળી એ ઉપરાંત ખુશીનો બીજો શો વિષય હોય? પરંતુ પોતાની પુત્રવધુની માતાને આવું સુખ જોવાને તે ઘણીજ નારાજ છે.

ત્યાર પછી સુખી દાઇ છે. દાઇ પોતાના મનમાં ધારે છે કે મૂર્ખ છોકરી? રોમિયો રોમિયો કરીને બધું ખરાબ કર્યું હતું! કેવળ મારી બુદ્ધિના બળથી સર્વ બાજુએ રાખવામાં આવ્યું છે, આવી મૂર્ખ છોકરી અકલમંદ થઇ છે, કયાંથી પેલા રોમિયોને છોડીને પારીસમાં મત્ત થઇ છે, કેવળ હું છું તેથીજ, નહિ તો કેપ્યુલેટનું આ રાજ સંસાર આજે ધુળધાણી થઇ જાત."

ત્યાર પછી અથવા કોઇની પછી નહિ, ઉલટો સર્વથી પહેલાં

સુખી પારીસ છે, પારીસ જેને માટે ઘેલો થયો છે, તે પારીસની તરફ ફરીને જોતી નહોતી પારીસ જેને ચાહે છે તે પારીસને ધિક્કારે છે, પારીસ જેનો થવા ચાહે છે તે પારીસને લેવા ચહાતી નથી. જેના ચાલીને જવાથી પારીસની છાતીમાં વ્યથા લાગે છે, જેનું મો ફીકુ જોવાથી પારીસ જગત સંસારને અંધારૂં જુએ છે, જેના ગાલ ઉપર હસવું જોવાથી પારીસ પળમાં સ્વર્ગમાં ચઢે છે તે તેની તરફ કેવળ બેદરકાર છે.

પુરૂષને અથવા પારીસને એના કરતાં બીજો ભારે દુઃખનો વિષય શો હોય ? આ દુઃખથી પારીસ આટલા દહાડા દિલગીરીમાં હતો, આજે તે દિલગીરી જતી રહી છે. આજે તેને પોતાના હાથમાં સ્વર્ગ મળ્યું છે. જેને લેવા ઇચ્છતો હતો તેને તે આજ મેળવશે. થોડી પળની અગાઉ પારીસ પોતાને બધા માણસના કરતાં દુઃખી સમજતો હતો. હમણાં તે વિચાર કરે છે કે પૃથ્વિમાં હું એકલોજ સુખી છું. તેથીજ અમે કહીએ છીએ કે બધાની પહેલાં સુખી પારીસ છે.

બધા સુખી છે, શેઠથી લઇને દાસ દાસી અને રસ્તાપરના માણસો સર્વ સુખી છે. ભવિષ્યના જમાઇના ગુણનો વિચાર કરીને શેઠ સુખી છે, શેઠાણી કન્યા પરણીને પણ સર્વદા પોતાના ઘરમાં રહેવાની તેનો વિચાર કરીને સુખી છે. દાઇ પોતાની બુદ્ધિનો વીચાર કરીને સુખી છે, દાસદાસીઓ ચોરી કરવાનો લાગ આવેલો જોઇને સુખી છે. રસ્તાપરના માણસો કેવળ વિવાહ ધારીને સુખી છે. ત્યારે એક જણ શું સુખી નથી ? જેના સુખથી બધા સુખી છે તેજ કેવળ શું સુખી નથી ? નહી, તે પણ સુખી છે, જુલિયા સુખી છે

રોમિયોને યાદ કરીને, રોમીયોની રહીને.

સુખમાં સુખનો દહાડો પૂરો થયો. સુખનો દહાડો શું ગયો ? રવિ ડૂબ્યો, પ્રકાશ હોલાયો અંધારૂં આવીને ખડું થયું. ખુશી ખુશાલીનો ગોંધાટ, કામની તત્પરતા, ધીરે ધીરે ઓછી થઇ, ધીરે ધીરે રાત ગાઢી થઇ. પેલી વિશાળ ગડબડવાળી પુરી નિસ્તબ્ધ થઇ ગઇ. દરવાજાપર પહેરદારો મોટા હોકારા કરવા લાગ્યા. તે હોકારાએ રાતની નિસ્તબ્ધતાનો ભંગ કરીને રાત્રીને વધારે ભયંકર કરી નાંખી. આસપાસનાં તમરાંએ અવાજ કાઢયો. મકાન ઉપર કોયલ બોલી. જુલિયા બીછાના ઉપરથી ઉઠી ને બેઠી થઇ. બાલિકા જુલિયા હાથ જોડીને ઉપર મોં કરીને બોલી "હે પ્રભુ હે અનાથના આશ્રય, ભયથી પ્રાણ કંપાયમાન થાય છે, દુઃખીની છોકરીને અભય આપો, કાર્યમાં તેને મદદગાર થાઓ."

બાલિકાના બંને કોમલ ગાલ પરથી અશ્રુની ધારા વહેવા માંડી. તે વેળાએ પીતા, માતા, સ્વજન, મિત્રોની પાસેથી એક એકના પછી મનમાં રજા લીધી. "આવ્ય તું હમણાં ઔષધ" આવું કરીને બાલિકાએ ધ્રુજતા હાથથી ઓષધની ડાબડી લીધી મનમાં એકવાર અવિશ્વાસ ઉત્પન્ન થયો, વળી પછી ડર ઉત્પન્ન થયો જુલિયા પોતાના મનમાં કહેવા લાગી, ઠીક છે, ઔષધથી જો મારી ચેતના લોપ નહિ થાય, ઔષધથી જો હું મરણ નહિ પામું તો સવારના પહોરમાં પારીસની જોડે પરણવું પડશે ! નહી નહી તેમ થનાર નથી ! ઔષધથીજ હું મરીશ. ઔષધજ મને જીવાડશે ? ત્યારે જા હથિયાર ! તારી હવે મને કઇ ગરજ નથી."

આવું કહીને બાલિકાએ પોતાના કપડાંમાં છુપાવેલું હથિયાર

જમીન ઉપર ફેંક્યું. હથીયાર જુલિયાની તરફ જોતું જોતું ઝકઝક કરતું ચમકવા લાગ્યું. જાણે કહેતું હોયને કે, "આજે રહેવા દે. વળી એક દહાડો કામમાં આવીશ."

"આ ઝેરતો નથી ?" બાલિકાના મનમાં ડર ઉત્પન્ન થયો,

"આ ઝેરતો નથી ? પોતાનું માન રાખવા માટે મારૂં માન બચાવવા માટે પાદરીએ મને ઝેર તો આપ્યું નથી ? ઝેરજ જણાય છે ? કેવી દુર્મતી સુઝી ? ઝેર શા માટે મને આપે ? તે સાધુ છે, જેના ઉપર હું આટલી ભક્તિ કરૂં છું, આટલો વિશ્વાસ રાખું છું, તે શું મને ઝેર આપે ? વળી ઝેર હોય તો તેમાં ભય શા માટે કરૂં ? તેથી સતીત્વ તો રહેશેજ. રોમીયો તો રહેશેજ. જેટલા દિવસ સતીત્વ છે, તેટલા દહાડા સ્વામી છે. જેનું સતીત્વ છે, તે વિધવા થવા છતાં પણ પતિ શાલિની છે, જેણે સતીત્વ ગુમાવ્યું છે તેણે સ્વામીને ગુમાવ્યો છે, સ્વામીના પ્રાણનો તેણે વધ કર્યો છે."

ત્યાર પછી ભય ઉત્પન્ન થયો, "ઠીક છે, હું તો જાગીશ, રોમિયો આવવાની પહેલાંજ જો હું જાગી ઉઠું તો મોટી પંચાતી ! રોમિયો આવે તો પણ હું જીવી શકીશ નહિ ! શ્વાસ બંધ થયાથી તો હું પહેલાં મરી જઈશ ! તો રોમીયોને જોવા પામીશ નહી, વળી જો નહી મરૂં, જો જીવતી રહી, તોપણ કેટલો વખત ? મરનારનાં મુડદાં, રાતનો તે ગાઢો અંધકાર વળીને વિજન ઘોર, આ બધું જોયાથી શું હું જીવીશ ? ટાઇબોલ્ટ કદાચ હજી સુધી ત્યાં આંખ તાકીદે જોતો હશે ! કેટલાં ભૂત, કેટલાં પિશાચ ત્યાં નાચતાં ફરતાં હશે, કેટલાં ભૂત ખડખડ કરીને હસતાં હશે, કેટલાં ભ્રકુટિ કરતાં હશે ! હાય તેઓને જોયાથી તો હું બચીશ નહી ! ભયથી તરત

મરી જઇશ ! જો જીવતી રહીશ તો તેઓના શરીરનો વાસ સૂંઘીને તેઓના અવાજો સાંભળીને તરત હું ગાંડી થઇ જઇશ ! વળી તેઓના પ્રમાણે નાગી, તેઓની પેઠે હાડકાને એક મોંમાં લગાડીને, તે વેળાએ તેઓની પેઠે નાચતી ફરીશ ! હાયરે ટાઇબોલ્ટ, જો મારા અવાજથી જાગી ઉઠે, વળી સાંભળે કે હું રોમિયોને માટે અહીં આવીછું, તો શું તેમને બચાવશે ? તે વેળાએ મને મારી નાખશે ? આ શું પેલો ટાઇબોલ્ટ તો નથી ? હથિયાર હાથમાં લઇને કોને શોધે છે ? રોમિયોને ? નહી મને ? થોભ ટાઇબોલ્ટ થોભ, રોમીયો હું આવીછું. રોમીયો ? પ્રાણાધિક તમારે માટે આજે ઝેર હું પીવું છું "

આવું કહીને બાલિકાએ ઘેલીના જેવી થઇને તે ઔષધ પીધું. ઔષધે ઔષધનું કામ કર્યું. બાલિકા ઉંઘી ગઇ.

---

## પ્રકરણ ૧૫ મું.

---

### અચેતન જુલિયા.

ખુશી ખુશાલીની ગડબડમાં રાત ગઇ અને પ્રભાત થયું. કેપ્યુલેટના ઘરમાં આજે આનંદ સમાતો નથી. આટલા મોટા પૈસાદારની એકની એક કન્યાનો આજે વિવાહ થનાર છે. શેઠ, શેઠાણી ચાકર ચાકરડીઓ આજે કામમાં લાગેલાં છે. સગાં વહાલાં મિત્રોથી ઘર પરીપૂર્ણ થયું છે. સૃષ્ટિના માણસો જાણે આજે કેપ્યુલેટના ઘરમાં આવીને એકઠાં થયેલાં હોયને એવું જણાય છે. કોઇ કહે છે, લાવો, કોઈ કહે છે, આણો, કોઈ કહે છે નહી જોઇએ. મોટી ગડબડ મચી

ગઇ છે. કોઇ વસ્તુ દશવાર માગ્યા છતાં એક વખત મળવી મુશ્કેલ પડે, કોઇ વસ્તુ એકવાર માગ્યાથી તેને બદલે દશ વસ્તુ આવે છે. આવી રીતે શું વિવાહમાં થતું હશે !

કેપ્યુલેટ પોતાની સ્ત્રીના હાથમાં કામ કરવાનો ભાર સોંપીને નોતરેલા માણસોને આવકાર આપવા માટે બહાર ઉભો છે ? શેઠાણી પદ્મવનમાં ગર્વિતા હંસના જેવી નાચતી નાચતી ભંડારમાં, રસોડામાં, ખાવાની જગાએ ખબર રાખતી ફરે છે. તે ખબર રાખવામાં કંઇ કામ થાય છે તેમ નહોતું તોપણ શું ખબર રાખવી જોઇએ ? તોપણ શું થાય છે તે જાણવા માટે, કામને માટે નહિ.

જોતાં જોતાંમાં જરા વખત થયો. પરંતુ જુલીયા કેમ ઉંઘમાંથી જાગતી નથી ? શેઠાણીએ જુલીયાને બોલાવવાને માટે દાઇને હુકમ કર્યો.

દાઈ જુલીયાના બંગલા તરફ દોડી. દરવાજાપર જઇને જોયું તો જુલીયા હજુ ઉઠી નથી. ઘરમાં જઇને જાણ્યું કે જુલીયા જાગી નથી. દાઇએ બુમ પાડી, જુલીયાએ જવાબ આપ્યો નહી, ફરી બુમ પાડી, વળી બુમ પાડી, ઉતર મળ્યો નહી ત્યારે "જુલ" "જુલ" "જુયેલ" વગેરે તેનાં જેટલાં વહાલના નામો હતાં તે એકના પછી એક બધાં નામ દઇને બુમો પાડી તોપણ જુલીયાએ જવાબ આપ્યો નહી. પહેલાં મૃદુ પછી જરા મોટે, મોટેથી વળી જરા મોટે અને અન્તે અતી મોટે અવાજે બુમો પાડી. તથાપિ જુલીયાએ જવાબ આપ્યો નહી.

આ વખતે દાઈ કંઈ ગભરાઇ. જલદીથી પલંગની પાસે જ-

ઇને મચ્છરદાની ઉઘાડીને જોયું, તેથી તેના માથા ઉપર વજ્રઘાત થયો. તેણે જોયું કે આંખના ડોળા ઉપર ગયા છે, હોઠ ફીક્કા પડયા છે. ગભરાતાં ગભરાતાં તેના શરીર ઉપર તેણે પોતાનો હાથ ફેરવ્યો, શરીર ટાઢું કઠણુ થયલું જોયું. છાતીપર હાથ મૂક્યો, પણુ છાતી ધડકતી નહોતી. નાકને હાથ અડકાવ્યો, શ્વાસ બંધ જોયો.

ત્યારે શું જુલીયા મરણુ પામી છે? ત્યારે શું જુલીયા આ લોકમાં નથી? દાસી રોતી રોતી બહાર નીકળીને જમીન ઉપર લોટતી રોવા લાગી. દશ જણુ દશ દીશાપરથી આવીને ત્યાં એકઠાં થયાં. દાસીનો ચીત્કાર, લોકની ગડબડથી શેઠાણીએ બહુ ગુસ્સે થઇને પુછયું. 'શામાટે એટલી ચીસો પાડે છે? આજ શુભ દીવસે આવું મરવાના જેવું શામાટે કાળા મુખી રૂવે છે?'

કાળામુખી રોઇને બોલી, "મરણુ, મરણુ, શેઠાણી! જુલીયા! જુલીયા જુલીયા—

દાસી વધારે બોલી શકી નહી.

લેડીકેપ્યુલેટ દોડતી જઇને મચ્છરદાની ઉઘાડી. મચ્છરદાની ઉઘાડીને જમીનપર પડી ગઈ.

પેલી બાજુએ પારીસ તથા પાદરી લોરેન્સ આવી પહોંચ્યા હતા. વરકન્યા સજોડે હમણાં દેવલમાં જઇને ઉપાસના કરશે, સોગન ખાશે પરંતુ જુલીયા હજી સુધી બનીઠનીને આવી નથી. તેથી કેપ્યુલેટને બહુ ગુસ્સો ઉપજ્યો. મનમાં ને મનમાં સંદેહ ઉપજ્યો કે હુકમ ન માનનારી છોકરી વળી કંઇ બહાનું કાઢીને બેઠીછે કે શું?

કેપ્યુલેટે દોડતાં આવીને પોતાની સ્ત્રીને ગુસ્સાથી કહ્યું, "ઓ-

ટલા ઉપર વર અને પાદરી સાહેબ આવ્યા છે. તમે હજી સુધી જુલિયાને લાવી શક્યાં નહીં. ”

સ્વામીનો અવાજ સાંભળીને શેઠાણી ઉન્માદિનીના જેવી દોડતી આવીને બોલી, “ જુલિયા, જુલિયા, જુલિયા હવે આ દુનિયામાં નથી, જુલિયા ગઈ છે, જુલિયા મરણ પામી છે. ”

શેઠાણી આટલું કહીને મૂર્ચ્છિત થઇને જમીન ઉપર પડી.

“ ક્યાં જુલિયા ? ક્યાં જુલિયા ! ” આવું કહીને કેપ્યુલેટે દોડતાં જઇને કન્યાના શરીર ઉપર હાથ મૂક્યો. તેણે જોયું કે શરીર ટાઢું થયું છે મુખપર ફીકાસ આવી છે. આંખ મીંચાયલી છે, શ્વાસ રૂંધાયલો છે, પ્રાણપંખી ઉડી ગયુ છે. કેપ્યુલેટ નીચે બેસી ગયો.

આવતાં વાર થયલી જોઇને લોરેન્સ તથા પારીસ ત્યાં આવ્યા. તેઓ પહેલા દેખાવથી કેપ્યુલેટને ઓળખી શક્યા નહિ. આ એક પળમાં કેપ્યુલેટ આટલો વૃદ્ધ થઇ ગયો ! બધા સ્થિર, નિર્વાક થઈ ગયા. પાદરીએ કેપ્યુલેટની સામું જોઇને પૂછ્યું. “ શું કન્યા હમણાં દેવળમાં જશે કે ?”

કેપ્યુલેટે ગદગદ અવાજથી કહ્યું, “ જશે, જશે, પરંતુ હવે તે પાછી આવશે નહિ. ”

એકદમ પારીસની સામું કેપ્યુલેટની નજર પડી. પારીસને જોઇને તે રોકાયલો શોક એકદમ ઉછળી પડયો. કેપ્યુલેટ રોતોરોતો બોલ્યો, “ પારીસ, પુત્ર, યમે તમારી જુલિયાને હરણ કરી છે, યમે મારી કન્યાની સાથે વિવાહ કર્યો છે, યમજ મારો જમાઇ છે, યમજ મારા સર્વસ્વનો અધિકારી છે.

વૃદ્ધથી વધારે બોલાયું નહિ.

"હા વિધાતા ! જે દિવસનું મોં દેખાડવા માટે હું આટલી મુદતથી દહાડા ગણુતો હતો, તે દહાડો આજે મને આવો દેખાડયો?" આવું કહીને પારીસ ભીતને પકડીને ઉભો, ઉભો ઉભો બેશી ગયો.

બધાં મૂગાં હતાં ઘણીવાર પછી કેપ્યુલેટની સ્ત્રીનું મુખ ઉઘડયું. માના તે કરૂણ વિલાપથી પેલી પથ્થરની હવેલી પણ પીગળી ગઇ હોય એવું જાણે ભાસવા લાગ્યું.

કેપ્યુલેટ મૃત્યુયાતના ભોગવતો હતો, સ્ત્રીના રોવાથી તેની આંખમાં આંસુ આવ્યાં, તેથી તે બેશી ગયો.

તે વેળાએ પેલો ક્રોધ ગર્વની પ્રતિમૂર્તિ કેપ્યુલેટ રોતાં રોતાં મા વગરના બાળકની પેઠે 'મા, મા' કરીને મરેલી કન્યાને છાતીપર રાખવા ગયો જેઓ સાંત્વના કરવા આવ્યા હતા, તેઓ એક પછી એક ખસી ગયા. મોટો એક રોવાનો રોળ પડી ગયો. જે સાંત્વના કરવા આવતા હતા તે રોઈ પડતા હતા, અને ત્યાંથી નાશી જતા હતા.

બધા શોકાતુર છે, બધા અધીર છે. ફક્ત પાદરી લોરેન્સ અધીર નહોતો, લોકોએ જાણ્યું કે પાદરી પુણ્યશીલ માણુસ છે, સંસારપર વીતરાગ છે, તેની સંસારના શોક દુઃખ તેને અભિભૂત કરી શકતાં નથી.

પછી પાદરી શાંત ધીરજથી, અતિગંભીર ભાવથી કેપ્યુલેટ તથા કેપ્યુલેટની સ્ત્રીને સંસારની દુઃખશીલતા તથા પૃથ્વિની અસારતા પ્રમાણુથી સિદ્ધ કરવા લાગ્યો, પ્રમાણુને માટે ધર્મ શાસ્ત્ર મથીને હજારો ઉદાહરણ આપવા લાગ્યો. તથા આત્માના અમરપણાની વ્યાખ્યા

કરીને કહ્યું " તમારી કન્યા મરી નથી. તેણે નવજીવન મેળવ્યું છે. ક્ષણકાલના અદર્શનને માટે શા માટે નકામા દિલગીર થાઓછો ? વળી તેની જોડે તમારો મેલાપ થશે. હવે મૃતની ઉત્તર ક્રીયા કરીને તેનો પરજીવનનો માર્ગ ઉઘાડો. "

પાદરીના કહેવામાં કંઇક શ્લેષ હતો એવું જણાય છે. પરંતુ કેપ્યુલેટ તથા કેપ્યુલેટની સ્ત્રી તે જાણવા પામ્યા નહિ તેથી આ બોલવાપરથી તેઓને કંઇક શાંતિ મળી એવું જણાતું નથી.

ગમે તેમ હો, શોકનો પહેલો ઉભરો કંઇક નરમ પડતો. કેપ્યુલેટે કંઇક ધીરજ પકડી. હાથ મારીને જે કન્યાનો આજ વિવાહ કરવાનું ધાર્યું હતું તે કન્યાને હમણાં કબરમાં લઇ જવાને ચાલ્યો. વિવાહની ગરબડ કબરમાં લઇ જવાની ગરબડમાં બદલાઇ ગઇ. કેપ્યુલેટે પોતાનાં સગાં વહાલાં સાથે લઇને તે સુવર્ણ પ્રતિમાને વંશની સમાધિના મેદાનમાં ધટી, તેની પેલી ઉત્સવમય પુરી વિષાદથી ડુબી ગઇ. વિહંગ કલરવ પરિપૂરિત મોટું ઝાડ એકાએક વજ્રાગ્નિમાં દગ્ધ થતા ગયું. તેનું સુકું થડ તેનાં સુકાં ડાળાં ઝાંખરા જેવાં જણાવા લાગ્યાં.

---

## પ્રકરણ ૧૬ મું.

---

### ખબર.

રવિ પશ્ચિમમાં નમી પડ્યો છે હજી ડુબ્યો નથી, તડકાનો તાપ નરમ થયો છે. હજી તાઢો થયો નથી. બાળકોએ રમવું ત્યાગ્યું છે, હજી માના ખોળામાં બેઠાં નથી. પક્ષીઓએ ખાવાનું છોડયું છે,

હજી માળામાં પેઠાં નથી. આગો ઉઠી છે પણ હજી ઘર તરફ દોડી નથી. તે વેળાએ મેષણુયામાં નગરના ઝાંપા બહાર જ્યાં વેરોનાનો માર્ગ મેષણુયામાં આવીને મળ્યો છે, ત્યાં એક કદ્દાવર શરીરવાળો સુકુમાર જુવાન ધીરે ધીરે પગલાં ઉપાડતો ચાલે છે. અને કંઇ વિચાર કરે છે ને પોતાના મનની સાથે કંઇ બોલે છે. તે એકવાર વેરોના તરફ જુવે છે. વળી સૂર્યની તરફ તાકે છે. મનની ઉત્કંઠા જાણે જુવાનની આંખમાંથી ખીલીને બહાર નીકળી હોય એમ જણાય છે. એના હાવભાવથી જણાય છે કે કોઇની તે વાટ જોનો વેરોનાના રસ્તા ઉપર ઉભો છે. પરંતુ કોઇ આવ્યું નહિ. તે વેળાએ જુવાન પોતાના મનમાં કહેવા લાગ્યો." મેં શું સ્વપ્નુ જોયું ! શા માટે ઉંઘ ઉડી ગઇ? આવું સુખમય દુઃખનું સ્વપ્નું મારૂં ભાંગી ગયું ! હું મરી ગયો છું, જુલિયાએ શોકથી આવીને મારૂં ચુંબન કર્યું. હું જીવતો ઉઠયો, શા માટે જીવતો ઉઠયો ? મરી રહ્યો હોત તો જુલિયા મને કેટલાં ચુંબન કરત ? કેટલો આદર કરત ? કેટલો સ્નેહ જણાવત ? મરવાથી એ આટલું સુખ છે તો શા માટે માણસ મરવા ચહાતો ન હશે ? આ સુખનું મૃત્યુ મારા ભાગ્યમાં કયારે થશે!"

"હું શા માટે મરૂં નહિ ? તેમ થયાથી જુલિયા દોડતી આવીને કેટલાં ચુમ્બન કરશે ! કેટલી હાંકો મારશે, કેટલો આદર કરશે ? કરશે, પરંતુ હું તો જોઇ શકીશ નહિ ! તે જોઈ નહી શકું, હમણાં તો વીચાર કરી શકું છું, આ વિચાર કરવાના સુખની કીમત પણ આ પૃથ્વીમાં નથી ! ત્યારે હું મરૂં ! નહી, મરવું પડશે નહિ, જુલિયાને મૂકીને મરીશ નહિ. હું મરીશ તો તે બહુ રોશે, ઘણી ગુસ્સે થશે, અને તે પણ મરશે."

યુવક અન્ય મનથી આવો પોતાના મનમાં વિચાર કરે છે

અને ડગલાં ભરતો જાય છે. જોતજોતાં ખેતરનો તડકો ઝાડ ઉપર ઉઠયો. ઝાડ છોડીને ઝાડના ઉપલા ભાગમાં ઉડયો. ઝાડનો ઉપલો ભાગ છોડીને પર્વતના શીખર ઉપર ચઢયો. સૂર્ય દેવે આખા વિશ્વમાં પોતાનાં કિરણ ફેલાવ્યાં હતાં, હમણાં તે સર્વ કિરણો ઝડપથી સમેટીને સૂર્ય પોતાના સ્થાનમાં ગયો. યુવકે ચમકીને જોયું. સંધ્યા આવી છે, વેરોનાનો રસ્તો તાકીને જોયો, જેને માટે આટલો ઉત્કંઠ હતો, તે નોકરને પણ આવતો દીઠો. રોમિયોએ વિજળીના જેવી ત્વરાથી દોડતાં જઈને પૂછ્યું. " શા સમાચાર બોલ નોકર? પિતા માતા સારી પેઠે તો છેને? મારી જુલિયાને કેમ છે?

શેઠની આતુરતા તથા દઢતા જોઇને નોકરને હવે સાધ્ય રહ્યું નહિ કે ખરી વાત છુપાવે. સજળ નેત્રથી ખોખરા અવાજથી તેણે કહ્યું, " જુલિયા હવે નથી. હું તેની કબર જોઇ આવ્યો. "

બ્રહ્માંડ એકદમ જમીનદોસ્ત થઇ ગયું. આકાશ કોચવી પડયું. ગીરિ નદીએ પોતાની જગા બદલી. જગત સંસાર ઉલટપાલટ થઈ ગયું. રોમિયોના મોંમાંથી વાકય નીકળ્યાં નહિ, શૂન્ય મનથી નોકરના મોં સામું જોતો રહ્યો.

નોકર રોતો રોતો બોલ્યો, "ચાકર માત્ર ખબર લાવનારા છે."

તે વેળાએ રોમિયોએ વિચાર કર્યો, પૃથ્વીના હમણાં શા માટે બે ભાગ થતા નથી।" મૃત્યુકાળની એક પળની મૃત્યુયાતના સહન થતી નથી, આ જીવંત મૃત્યુયાતના શું હવે સહન થઇ શકે? રોમિયોનું હૃદય ચીરાઈ જાય છે. રોવાની હવે શક્તિ રહી નહિ. આ શોકથી રોવું આવતું નથી. કેટલીક પળ આવી રીતે ગઇ, એકદમ

ભૂતથી વેરાયલાની માફક ઉઠીને રોમિયો નગરમાં પાછો ચાલ્યો.

નોકર તેની પછવાડે ચાલ્યો. રોમિયોએ પાછા ફરીને કહ્યું "હું હમણાં વેરોનામાં જઇશ, તું જવાની તૈયારી કર. સર્વસ્વ આપીને પણ એક કોદાળી પાવડો લાવ."

ચાકરે આકાશની તરફ આંગળી બતાવીને કહ્યું.

"આ તુફાનમાં ?"

રોમિયોના ગાલપર જરા હસવું દેખાયું, તે હસવું જોઇને નોકર કંપાયમાન થયો. તેણે ફરીથી કહ્યું, "આ વખતે મને સંગ ત્યાગવા શા માટે તું કહે છે ?

રોમિયોએ ચાકરની તરફ ભ્રકુટિ બતાવી. નોકરે વિચાર કર્યો, "આ શેઠ જીવતા છેકે મરેલા ?" તે ભયભીત થઇને ચાલ્યો.

રોમિયો હાય નાખીને બોલ્યો, "જુલિયા, આજે તમારી મેડીની રાત છે, આજ તમારો રોમિયો તમને હ્રદયમાં ધારણ કરશે.

એકદમ મ્યાનમાંથી તરવાર નીકળીને વિજળીની પેઠે ચમકવા લાગી. રોમિઓએ કહ્યું." નહિ, તું આજ નહિ. તું જુલિયાની મેડીને કલંકિત કરશે ત્યારે ઝેર ! ક્યાં ઝેર છે ! ઝેર કયાંથી મેળવું ?

રોમિયોને એકદમ યાદ આવ્યું. "શહેરના અતિ છુપા ભાગમાં એક ગરીબ ઔષધ વેચનારો છે, તે ગરીબને પૈસાની ઘણી જરૂર છે રોમિયોએ મનમાંને મનમાં નક્કી કર્યું "આજે તેની પાસેથી આ મોટું ઔષધ લેવું" તીરના જેવો તે તરફ તે દોડયો, થોડીવારમાં ઔષધ વેચનારની દુકાને જઇ પહોંચ્યો.

દરવાજો ઠોકતાંજ વેચનારાએ આવીને દરવાજો ઉઘાડયો. રોમિયોએ તેને પાંચ સોના મોહર દેખાડીને કહ્યું. "આ મોહર તમારે માટે છે, જો લેવા ચહાતા હો તો આ લ્યો."

વેચનારાએ વ્યાકુલ થઇને પૂછયું, "શું કરવું પડશે ?" રોમિયોએ કહ્યું, "તરત પ્રાણ જાય તેવું તીક્ષણ ઝેર મને એક તોલો વેચાતું આપો."

વેચનારો કોપાયમાન થયો. તરત તે બોલ્યો, "મેષ્ણુયાનો આવો કાયદો નથી. રોમિયોએ કહ્યું, તમે ન ખાધા વગર મરવા બેઠાછો." મેષ્ણુયાનો કાયદો શું તમને ખાવા આપે છે? કોઇ પેટની ખાતર પોતે ઝેર ખાવ છે તેમાં તમારૂં શું જવાનું છે? તમે પારકાને આપવામાં સંકોચ શામાટે કરોછો ? કાયદાની વાત છોડો, રૂપીઆ લ્યો અને ઝેર આપો."

વેચનારે બીજું કંઈ નહિ બોલતાં, તોલો તોલીને ઝેરનું પડીકું રોમિયોના હાથમાં મુકયું. રોમિયોએ નહિ ગણતાં સોનાની મોહરો તેને આપી. ઝેરથી ઝેર બદલાયું. હવે કયાં છે બેલથાજાર ?

તે વેળાએ આ દુર્ગંધ અંધારામાં મોટો વરસાદ માથા ઉપર પડવા લાગ્યો તેવી સ્થિતિમાં ચાકર શેઠ વેરોનાને રસ્તે ચાલતા થયા.

---

આ પુસ્તકમાં ૧૮ મે પેજે નીચેથી બીજી અને ૧૯ મે પેજે નીચેથી અગીઆરમી અને ૨૦ મે પેજે નીચેથી ત્રીજી લીટીમાં "**રોશન**" ને બદલે "**જુલીયા**" સુધારી વાંચવું.

# પ્રકરણ ૧૭ મું.

---

### ભાઇ.

વરસાદ બંધ પડયો છે. ત્રણ ચાર તારાઓ ડોકીયાં મારીને પોતાનું મોં છુપાવે છે. ઘણી શરમ લાગે છે કે આટલા માણસો જોશે, ચંદ્રમા ઉગે છે, પણ ઉઠી શકતો નથી. એકવાર ચાંદરણું આપે છે, વળી મેઘ આવીને તે ઢાંકે છે, વળી ઉગે છે, વળી ઢાંકે છે. તો પણ તે ચંદ્રમાનું લાવણ્ય ખીલીને બહાર પડે છે. તે લાવણ્ય, ઉજ્વળ કે ખાખા કરતું, કે નિર્લજ લાવણ્ય નથી પણ ઢાંકેલું, ઢાંકેલું, છુપું, છુપું રહેતું, રહેતું લાવણ્ય—મોટું મીઠાસવાળું ઘણું મધુર છે.

વેરોના નિદ્રિત, નિસ્તબ્ધ છે. કેવળ લોરેન્સ એકલો જાગે છે. મનમાં મોટી ઉત્કંઠા, અને ઘણી ચિંતા છે. રોમિયો હજી કેમ આવ્યો નહિ? વૃદ્ધ એકવાર ઉઠે છે, એકવાર બેસે છે, એકવાર બહાર જાય છે વળી, ઘરમાં આવે છે. પરંતુ બિછાનાપર શરીર રાખતો નથી. એક તો ઊંઘની જોડે તેની કાઇકાળે ઘણી પ્રીતિ નથી. તેમાં આજે વળી તેની આ અરીતિ જોઇને તે ગુસ્સે થઇને જતી રહી છે.

તે ઊંઘ જતી રહી છે. તે તો ઘણીજ ન્હાની વાત છે. લોરેન્સ વૃદ્ધ છે, ઊંઘની તે ઘણી પરવા રાખતો નથી, જ્યારે તેનું વય હતું, ત્યારે નિદ્રા પોતાની મેળે આવતી હતી તેને કહાડી મૂકયા છતાં પણ તે જતી નહોતી. હમણાં વૃદ્ધાવસ્થામાં તે જરા અભિમાની થઇને જતી રહી છે.

તેને પડતી મૂકો, રોમિયો હજી સુધી આવ્યો નહિ, તેનો હવે

ઉપાય શો ? હવે એક કલાક પછી તો જુલિયા જાગશે, હમણાં તેનો ઉદ્ધાર કરી નહિ શકયાથી તો મોટી ખરાબી થશે. પ્રમાદ, અપ્રમાદ જો પછીની વાત છે, હમણાં પાદરી શું, પોતે ધર્માચાર્ય થઇને એક જીવતા માણુસને કબરમાં દાટીને મારશે ! વૃદ્ધ બહુ ચંચળ થઈ પડયો.

એકવખત તેણે ધાર્યું કે હું એકલોજ જાઉં તેવેળાએ સ્મશાનમાં પેલાં ભૂત પ્રેત પિશાચની વાતો યાદ આવી, તેણે વિચાર કર્યો કે " પિશાચો, જો હાડપીંજરનો હાથ ઉંચો કરીને નાચતાં નાચતાં, મારી સામે આવીને ખડખડ હસે તો શું મારી આ સફેદ દાઢી કે આ ધર્મજ્ઞાન મારી રક્ષા કરી શકશે ? પરંતુ જુલિયા મરે છે તેનો ઉપાય શો ! જેને માટે કર્યું હતું, જેના ભરૂસાથી કર્યું હતું તે તો કયાં આવ્યો છે ! હવે કોની મદદથી હું કામ બજાવું !

વિચાર કરતાં કરતાં વૃદ્ધ ઘેલો જેવો થઈ ગયો. એકદમ કોઇએ આવીને તેનો દરવાજો ઠોકયો, વૃદ્ધને જાણે જુવાની પાછી આવી હોય તે પ્રમાણે તે દેખાયો, ખુશીથી કુદતો ઉઠયો, જલદીથી તેણે પૂછ્યું, " કોણ છે ? રોમિયો ? " બહારથી કંઈ કહેવામાં આવ્યું પણ વૃધ્ધે કંઈ સાંભળ્યું નહિ. ઝડપથી દરવાજો ઉઘાડીને ફરી પૂછ્યું, " તું રામિયો છે ! આવનારે કહ્યું " નહિં !

આ સાંભળીને વૃદ્ધની તે પળની જુવાની તો ચાલી ગઇ, હવે બાકી રહેલું વૃદ્ધાપણ સ્હેવાય એવું નહોતુ, વૃદ્ધે હાંફતાં હાંફતાં પૂછ્યું, " તું જો રોમિયો નથી તો તેનો કોઇ નોકર હોઇશ ! "

આવનારે કહ્યું " તે પણ નથી પણ આપ આટલા વ્યાકુલ કેમ ? વૃદ્ધ વધારે આતુર થઇને બોલ્યા, 'તે ઘણુંજ સારૂં તું જાણે છે, રોમીયો કયાં છે ! મારા કાગળનો કંઇ જવાબ તું લાવ્યો છે,

જલદી આપ તું તેનો ભાઈબંધ લાગેછે. ના, તું તો મારો જાત ભાઇ છું. બીજો પાદરી છું. ભાઇએ પહેલાંથીજ એક પ્રસ્તાવના આરંભ કરતાં કહ્યું ' પહેલાં આપની પાસેથી ગયો. રસ્તામાં બીજા એક ભાઇની જોડે મોલાકાત થઇ. એજણા ઇશ્વરનું સાક્ષાત દર્શન કરતા કરતા જતા હતા. ત્યાર પછી "—

લોરેન્સે તેને અટકાવીને કહ્યું " વાત પછીથી થશે. હમણાં મેષણુયામાં તું ગયો હતો કે નહિ તે કહે.

" આપ તેને માટે આટલા વ્યાકુલ શા માટે થાઓ છો ? આવું કહીને ભાઇએ ફરી આરંભ કર્યો, " ત્યાર પછી રસ્તામાં એક મોટી હવેલી આવી તેમાં એક ઇશ્વરે સર્જેલા આત્માની દુર્ગતિ જોઇને જીવમાં મોટું દુઃખ ઉપજ્યું "—

લોરેન્સે વિચાર કર્યો કે " ભાઇના માથા ઉપર હમણાં વજ્રઘાત કેમ થતો નથી "

" તે આત્મા બની ઠણીને સારાં વસ્ત્ર પહેરેછે, અને મશ્કરી કૌતુકાદી કરે છે. સ્વર્ગના આત્માની આ દુર્ગતી જોઇને આંસુથી બે ભાઇની દાઢીમુંછ ભીની થઇ ગઇ. તેના ઉદ્ધારને માટે બે જણાએ ત્યાં બેસીને ભગવાનની પાસે પ્રાર્થના કરી. જેમ અમારી વાત ભગવાન દરરોજ સાંભળે છે તેમ આજે પણ સાંભળી. બપોરે તેની ઘણી ઉન્નતી થયલી જોઇ. વાળ જેવા તેના, અંગ વસ્ત્રની અસાવચેતી અને મોં ગંભીર જણાયું અને અમને લાગ્યું કે રાતમાંજ તે આત્મા સ્વર્ગના દરવાજા ઉપર હાજર થશે !"

લોરેન્સ હવે રહી શકયો નહી. કંટાળીને તેણે કહ્યું. " તે સ્વર્ગ

કે નરકમાં ગમે ત્યાં રહે, તું મેષ્ણુયામાં ગયો હતો કે નહી? તે કહે"

ભાઇએ કહ્યું. "મેં તો આપને કહ્યું મેષ્ણુયામાં જવાનો વખત કયાં હતો? એક આત્માની દુર્ગતી આંખે જોઇને શું તેને છોડીને જવાય?"

લોરેન્સે ભાઇની વાત પૂરી નહી થતામાંજ પૂછ્યું. "કાગળ ત્યારે મોકલ્યો છે?"

જવાબ શું તું લાવ્યો છું?

ભાઇએ કહ્યું આ મોટા તુફાનમાં અને વરસાદમાં કોઇ જવાને રાજી થયું નહી, પરંતુ આપણા જીવનનું કર્તવ્ય છે તેથી કેવળ કર્તવ્યની ખાતર આજે આ રાત્રિના અંધારામાં તે પત્ર આપને પાછો આપવા માટે આવ્યો છુ."

આવું કહીને ભાઇએ પોતાના કપડામાં પેલો કાગળ શોધવાનું શરૂ કર્યું પણ કાગળ જડયો નહીં.

વૃધ્ધે ખોખરે અવાજે કહ્યું. "સર્વ નાશ થયું છે! આ કાગળની જોડે જીવન મરણનો સંબંધ છે. કેટલા પ્રાણ આજે તેં વિનાશ કર્યા."

ભાઇએ કહ્યું. "જીવન મરણ? તે માટે આપ આટલા શા માટે વ્યાકુળ થાઓછો! દેહનો નાશ એ શું મોટી વાત છે? ઇશ્વરના એક આત્માનું મૃત્યુ આજે અમારાથી રોકાયું છે."

ભાઇના મનમાં તે વેળાએ બીજું એક મોટું કર્તવ્ય જાગતું હતું. હાલમાં એક અનાથ સ્ત્રી સંસારમાં ઘણું દુઃખ પામીને પાદ-

રીના મઠમાં ધર્મ જીવન મેળવવાને આવી હતી. તે આ બે દહાડામાં ધર્મને રસ્તે કેટલી આગળ પડી છે. તેનો વિચાર કરતાં કરતાં ભાઇને આજે અડધી રાત ઉંઘ આવી નહિ. તેની ઇચ્છા હતી કે લોરેન્સ તે વાત પણ હમણાં જાણીને જાય, નાના કર્તવ્યની ખાતર મોટું કર્તવ્ય પાલન કરીને જાય. પરંતુ તે હવે થયું નહિ.

વૃદ્ધ ચકિતના પ્રમાણે એકદમ ઉભો થયો અને ભાઇને તરત ઘરમાંથી બહાર જવાનો હુકમ આપ્યો. ભાઇની મૂર્તિ તેની આંખે ભિષણ યમદૂતની મૂર્તિના જેવી જણાતી હતી. ભ્રાતા તેને અનિચ્છાથી પ્રણામ કરીને ચાલ્યો.

પછી લોરેન્સ પહેલેથી રાખેલા કોદાળી ને પાવડો ખભા ઉપર લઇને દોડતો કેપ્યુલેટોની કબરની જગાપર જવા લાગ્યો.

---

## પ્રકરણ ૧૮ મું.

## પ્રેમી પુષ્પોની વિદાય.

તે રાતે, તે નિસ્તબ્ધતામયી, ભીષણતામયી રાતે, તે નરક કાળમય કબરસ્થાનમાં બે માણસ ઉભા છે, એક યુવાન છે, બીજો બાળક છે. બાળકના હાથમાં દીવો પૈશાચિક પ્રકાશના જેવો ઝાંખો બળે છે. અંધારી સ્મશાન ભૂમિએ પ્રકાશથી વધારે ભીષણ મૂર્તિ ધારણ કરી છે. મનુષ્ય મૂર્તિ બે છે, પિશાચ મૂર્તિના જેવી સ્થિર ઉભી છે. એઓ શું માણસ છે કે પિશાચ? તે જગદીશ્વર જાણે, એઉના

હાવભાવ જોયાથી જણાય છે કે યુવક શેઠ અને બાળક ચાકર હોવો જોઇએ.

શેઠે નોકરને થોડે છેટેના ઝાડની તળે રહેવાને કહ્યું, કેટલાંક પુષ્પ પોતાના હાથમાં લઇને તે કબ્રસ્થાનની તરફ ચાલ્યો. નોકર જમીન ઉપર પડીને જમીનપર કાન રાખીને સુતો.

તે ભીષણપુરીમાં એકદમ વળી માણુસનાં પગલાં સંભળાયાં. ત્યાં દરવાજો નહોતો, ત્યાંથી દિવાલ ઓળંગીને બીજા બે માણુસો અથવા પિશાચ તે પિશાચપુરીમાં પેઠા. એકના હાથમાં કોદાળી તથા પાવડો હતો. બીજાએ હાથની મુઠી વાળેલી હતી, જેના હાથમાં કોદાળી ને પાવડો હતો તેણે પોતાના સાથીને કહ્યું," હવે તારી મને જરૂર નથી. તું છેટે જઇને ઉભો રહે જે કાગળ તને આપ્યો છે તે તુ કાલે પિતાને પાછો આપજે. ખરી વાત એ છે કે જુલિયાનું મૃત મોં હમણાં એકવાર જોયા શીવાય હું રહી શકતો નથી. કબર ખોદીને તે મોં એકવાર હું જોઇશ. વળી તેની આંગળીપરની તેની વહાલી વીંટી કાઢીને જેટલા દહાડા હું જીવીશ તેટલા દહાડા સુધી હું તે વીંટી પહેરીશ. આવી ઇચ્છા છે. તું છેટે ઉભો રહે. હું શું કરું છું તે તું જોવા ઇચ્છીશ નહિં. જોવા આવીશ નહિ. દેવતાના સોગન છે કે તું એક ડગલું પણ આગળ વધીશ તો તારા શરીરના હું ત્રણ કકડા કાપીને અહિં દાટીને જતો રહીશ."

બીજો ત્યાંથી જતો રહ્યો. પરંતુ મનમાં ને મનમાં તેને બહુ ડર ઉત્પન્ન થયો. મોટો સંદેહ આવ્યો.

પહેલો કબ્રસ્થાનની તરફ જતો રહ્યો વિચાર કરીને ગયો. "સામાન્ય એક પથ્થરને માટે લોકો સાગરમાં ઝંપલાય છે, ગિરિ ગહવ-

રમાં પ્રવેશ કરે છે, હું આજે કબર ઉઘાડીને અમૂલ્ય રત્ન મેળવવા જાઉં છું. ”

જે બાળક જમીન પર કાન મૂકીને સૂતો હતો તે ભયથી આટલી વાર સુધી જડના જેવો થઇ ગયો હતો. હવે આવનાર છેટે ગયો તેથી તેને જરા હિંમત આવી, ધીરે ધીરે ઉઠીને તેણે ચેતવવાનો અવાજ કર્યો.

શેઠે જાણ્યું કે કંઇ વિપત્તિ આવી પડી છે. તે વેળાએ ખોદવાનો અવાજ તેવા કાનમાં ગયો. જુવાન તે તરફ દોડયો. તેણે જઇને જોયું કે એક માણસ જુલિયાની કબર ખોદે છે. ખોદવું પૂરૂં થયું છે, હમણાં કબરના પેટા ઉઘાડે છે.

ખોદનારના હાથમાંના દીવાનું અજવાળું તેના ગોં ઉપર આવીને પડ્યું. જુવાને જોઇને ઓળખ્યો. તે મોં રોમિયોનું છે ? ” વળી રોમિયો ! અહિં પણ રોમિયો ? જુવાન ગુસ્સાથી ગર્જી ઉઠયો, કર્કશ અવાજથી બોલ્યો, “ દુરાત્મા .માંટેગ્યુ તે પોતાના હાથથી ટાઇબોલ્ટનો વધ કર્યો .છે. તે દુઃખથી વ્હાલી જુલિયાએ પોતાનો જીવ આપ્યો છે. તે છતાં તારી તરસ મટી નથી ? હમણાં વળી તેનું મૃતદેહ કલંકિત કરવા આવ્યો છે ? સબુર કર રાક્ષસ, સબુર કર, નજર ફેંક, તારી સામે યમદુત ઉભો છે ? તારૂં મરણ આવ્યું છે ! ”

મરણ આવ્યું છે તેથીજ જુવાન રોમિયો ઘણો ગભરાઇને અતિ નિરાશાવાળા અવાજથી બોલ્યો, તેથીજ જુવાન, અહિં આવ્યોછું, મૃત્યુને માટેજ આ મૃત્યુની પુરીમાં આવ્યોછું. જે મરવા આવ્યો છે, જે મરવા બેઠો છે, તેને ખીજવતો ના જુવાન ? અહિંથી ચાલ્યો જા. મારો ત્યાગ કર નહિતો અહિં જે સુતેલાં છે તે પ્રમાણે તમે

પણ સુશો. તમને દિલગીર થઇને કહું છું કે, આ વખતે તમે તમારા માથા ઉપર પાપનો બોજો ઉપાડશો ના, આજે હું પોતે પોતાનો દુશ્મન થઇને આવ્યો છું, તમારો શત્રુ મને કરશોના વળી અહિં ઉભા રહેશો ના નાસીને તમે તમારો જીવ બચાવો, ઉન્માદનું કહેવું સાંભળો. ઉન્માદની દયા ગ્રહણ કરો પછીથી એના ઉનમાદને માટે તમે ધન્યવાદ આપશો. ”

ક્રોધાયમાન જુવાન રોમિયોનાં આ વાકયો સાંભળીને વધારે ક્રોધાયમાન થયો અને એકદમ મ્યાનમાંથી તરવાર કાઢીને રોમિયોને ઉગામી ”

“ મૂર્ખ ? હું જોઉં છું કે મૃત્યુજ તારી ઇચ્છા છે. ” આવું કહીને રોમિયોએ પણ તેને તરવાર ઉગામી. તે વેળાએ મૃત્યુના ઘરમાં મૃત્યુની સામે મૃત્યુની રમત ગમત આરંભ થઇ.

બાળક છેટેથી આ બનાવ જોઇને સિપાઇને ખબર આપવા માટે દોડતો શહેર તરફ ગયો.

જે મરવા ચાહે છે, તેને જોઇને મૃત્યુ નાશી જાય છે. જે મારવા માટે દઢ સંકલ્પ કરીને આવે છે, તેની પાસે મોટો લઢવાઇઓ પણ ઉભો રહી શકતો નથી. આથી રોમિનું બળ અસીમ થયું હતું. તે બળ તે યુવાન સહન કરી શકયો નહિ. રોમિયોની તરવારના ઘાથી તે જખમી થઇને જમીન ઉપર પડી ગયો. તરત તે મરણ પામ્યો. મૃત્યુકાળે તે કહીને મર્યો, “શત્ર જાણીને જો દયા કરો, તો હે શત્રુ, અંતિમમાં આ મિત્રનું કામ કરજો. 'જુલિયાનો દેહ અને આ દેહ એક કરીને એકઠાં કબર કરજો. ”

મરવા પડેલા માણસથી હવે કંઇ બોલાયું નહી. જુલિયાનો

વીચાર કરતો કરતો તે આ લોક છોડીને ગયો. બધાં દુઃખ, બધી યંત્રણા હવે પૂરી થઇ !

"પોતે મરવા આવીને બીજાને માર્યો ?" રોમિયોના હૃદયમાં મોટી દીલગીરી થવા લાગી." કોણ મર્યું ? મેં કોને માર્યો ? જોવા માટે તે વેળાએ રોમિયોએ મરણ પામેલાના મોં તરફ દીવાનું અજવાળું પાડયું. તેણે ઓળખ્યો, 'પારીસ !'

એકદમ વીજળીના સ્રોતના પ્રમાણે તેને યાદ આવ્યુ, 'આજે પારીસની જોડે જુલિયાનો વિવાહ થનાર છે. એવું નોકરે તેને કહ્યું હતું ?'

વળી તેણે પોતાના મનમાં વિચાર કર્યો, 'નહી તે સ્વપ્નું નથી ? હું સ્વપ્નું જોતો હોઇશ ? મૃત્યુકાળે પારીસ ત્યારે આ નામ કહેતો શા માટે મર્યો હશે ? સ્વપ્નુ નથી, સ્વપનાની વાતજ સ્વપ્નું છે ? તેજ ખરૂં છે. ત્યારે આવ પારીસ, તારા કપાળથી આજે મારૂં ભાગ્ય વાંચું. તારા મુખથી આજે મારી મુખછબિ જોઉં. આજે હું તમારા અન્તિમના મિત્રનું કામ કરૂં "

આવું કહીને પેલા ઉમ્મત્તે પારીસનું લોહીવાળું શરીર પેલા કબરના ખાડમાં મૂકયું. વળી મૃત્યુના મોં સામું જોઇને બોલ્યો. "આજે જે કબરમાં તને મેં સમાહિત કર્યો છે પારિસ ! તે કબર તિમિરાચ્છ નથી. કાલની કરાળ છાયાથી વીભીષિકામય નથી. પ્રકાશમય, સુખમય, સૌભાગ્યમય છે ! મને કોઇએ આ કબરમાં દાટયો નહી ? હાય !'

આવું કહીને ઉન્મત્તે, બરાબર ઉન્મત્તની પેઠે થઇને પેટી ઉઘાડી. તે વેળાએ જીવનનું જીવન, જીવ વગરની જુલીયાને જોઇને તે મુઝાયેલું

ચિત્ત, નિર્વાણોન્મુખ પ્રદીપના પ્રમાણે થોડી પળોને માટે ઘણું આ-નંદિત થઇ પડયું. તેણે જોયું કે તે માધુરી જેમની તેમ રહેલી છે. તે સુંદર ગાલ જેવા ને તેવા ગુલાબી દેખાય છે, તે હોઠ તેવા લાલ ખીલી રહ્યા છે? ગાંડા રોમિયો એકીવારે ગાંડો થઇ ગયો. ગાંડાની પેઠે તે બોલ્યો. "પ્રાણાધિકે જુલિયા, મૃત્યુએ તમારો મધુર શ્વાસથી ગ્રાસ કર્યો છે, પરંતુ તમારૂં માધુર્ય તે હરણ કરી શકયું નથી. ટાઇબોલ્ટ ભાઇ, તમારી પ્રતિહિંસા આજે ફેડવામાં આવી છે. જે હાથથી તમારો વધ કરવામાં આવ્યો છે, તે હાથથી આજે તમારા શત્રુનો હું નાશ કરીશ. કિંતુ જુલિયા તમે મરી ગયા છતાં પણ આટલાં સુંદર શા માટે રહેલાં છો? પ્રાણાધિકે? પાપ મૃત્યુ એ શું તમારા ભુવન મો-હન રૂપથી મુગ્ધ થઇને તમને અહિંયાં આ અંધારામાં લાવીને છુપાવી રાખ્યાં છે! નહિ. તે હું આવવા દઇશ નહિં. તમારો રક્ષક થઇને હું તમારીજ પાસે રહું છું. તમને છોડીને જઇશ નહિ. સ-ર્વદા હું તમારી પાસેજ રહીશ.

આંખ, આ છેલ્લીવાર તું જોઈ લે! હાથ, તું છેલ્લીવાર સ્પર્શ કરી લે. બાહુ! તું છેલ્લીવારે ભેટીલે! હોઠ, શ્વાસનો તું દરવાજો! એક ચુંબનથી તે દરવાજો બંધ કર! હવે નહિ? ખારવા! હારો મછવો ડુબ્યો છે! જુલિયા પ્રાણાધિકે હું આવું છું."

આવું બોલીને રોમિયોએ અમૃત સમજીને પેલું તીક્ષ્ણ ઝેર અતિ સ્વાદથી ખાધું. જ્યારે ઝેરે પોતાનું કામ શરૂ કર્યું ત્યારે "ઔષધ વેચનાર. તમને હું ધન્યવાદ આપું છું! વ્હાલી જુલ આ છેલ્લું ચુંબન લે!' આના કરતાં તેનાથી વધારે બોલાયું નહિ. બીજુ કંઇ કહેવાને જીભ ઉપડી નહિ. તે મોંનું ચુંબન પણ હવે થયું નહિ તે મોંમાંજ રહ્યું. રોમિયો છાતીપર પડયો.

હાંફતો હાંફતો પાદરી લોરેન્સ કબ્રસ્થાનના દરવાજા ઉપર આવ્યો. નોકર બેલથાઝેર દરવાજા બંધ કરીને ઉભો હતો. તેણે પાદરીને જોઇને ઓળખ્યો. ઓળખીને તેણે રસ્તો છોડયો.

પાદરીએ ગભરાઇને પૂછ્યું 'તું કોણ છું ?'

તેણે કહ્યું. 'હું આપનો ઓળખીતો અને નોકર છું.'

વૃધ્ધે એક શ્વાસે પૂછ્યું. 'કબ્રસ્થાનમાં દીવો શામાટે છે ? શેનો દીવો ? કોણ લાવ્યું છે ?

નોકરે કહ્યું 'મારો શેઠ આ ઠેકાણે છે.'

લોરેન્સે પૂછ્યું 'તેનું નામ શું ?'

નોકરે કહ્યું. 'રોમિયો.'

લોરેન્સે રોકાયેલા શ્વાસથી કહ્યું 'રોમિયો ! કેટલીવાર થયાં અહિં રોમિયો આવેલો છે ?'

નોકરે કહ્યું 'અડધો કલાક થયો હશે.'

"જલદી મારી જોડે આવ," આવું કહીને વૃધ્ધ પેલા કબ્રસ્થાનની તરફ ચાલ્યો.

નોકરે કહ્યું, 'દાસનો અપરાધ ક્ષમા કરો. શેઠની મનાઇ છે. હું તમારી સાથે આવી શકતો નથી.

'ત્યારે રહે' આવું કહીને વૃદ્ધ જલદીથી પગલાં ભરતો ભરતો પગથીઆં ચઢવા લાગ્યો. આશું ? પગથિયાં ભીનાં શામાટે ? આ પગથીઆં શાથી ભીનાં થયાં હશે ? આ શું ? લોહીનો સ્ત્રોત કબ્રમાંથી વહીને પગથિયાંપર પ્રવાહિત થતો હશે ? કોનું આ લોહી છે ? આશું ! આ શાંતિના મકાનમાં આ કોનું હથિયાર પડેલું હશે ! વૃદ્ધ રોકાયેલા શ્વાસથી કબ્રસ્થાનમાં ગયો, ગભરાયેલા અવાજથી બોલ્યો, 'રોમિયો'

કોઇએ જવાબ આપ્યો નહિ.

પાછા પગ ચાલવા માંડયા નહિ. હવે આંખે જોવાને ચાહ્યું નહિ. હવે હૃદય ખસ્યું નહિ. રોમિયો મરી ગયો છે! જુલિયાની છાતીપર તે હમેશને માટે સૂતો છે!

વદ્ધ બુમ પાડી ઉઠયો.

તે બુમ રોમિયોએ સાંભળી નહિ. પણ જુલિયાએ સાંભળી તેથી જુલિયા જાગી. આંખ ઉઘાડીને જોયું તો પોતાની સામે લોરેન્સ ઉભો છે ગભરાતી બોલી, પિતા, આપતો આવ્યા છો પણ મ્હારો રોમીયો ?'

વળી રોમીયો!

લોરેન્સ ગદગદ કંઠથી બોલ્યો, 'ઉઠીને આવો બહેન, ઉઠીને આવો વીચાર કર્યો હતો કે એક પણ વિધિએ બનાવ્યું છે બીજુ, જુઓ બહેન તમારો સ્વામિ તમારી છાતીપર છે! આવો બહેન, હું તમને પવિત્ર તપસ્વિની વ્રતમાં દીક્ષિત કરૂં. ઉઠીને આવો.' જુલીયા ઉઠીને બેઠી, પોતાના સ્વામીનું માથું ખોળે લઇને સ્વામીના મોં સામું જોતી રહી.

વૃદ્ધ ફરી બોલ્યો, "આવો બહેન, હવે વાર ન લગાડો. જગા બહુ ભયાનક છે."

બાલીકા પહેલાના પ્રમાણે જોવા લાગી.

વૃદ્ધ ગભરાતો ગભરાતો બોલ્યો, 'પહેરેદાર આવવામાં છે! હવે વાર ન લગાડો બહેન, ઉઠો આવો.'

તે વેળાએ બાલીકા અતી સ્પષ્ટ અવાજથી બોલી, 'ક્યાં જાઉં? કોની પાસે જાઉં! શામાટે તમે મને સ્વામીસંગ ત્યાગવાને કહો છો!'

લોરેન્સે જોયું કે બાલીકા ઉઠી નહી. તે વેળાએ બેલથાવરની મદદથી તેનો ઉદ્ધાર કરવો એવું ધારીને જલદીથી ત્યાંથી નીકળ્યો.

તે વેળાએ બાલીકાએ સ્વામીનું શરીર છાતીપર લીધું. તેણે સ્થિર દ્દષ્ટી કરીને તેના હાથમાં ખાલી ડબી જોઇને બાલીકા બોલી. ' હાય સખ્ત ! તમારી જુલિયાને માટે જરાપણ રાખી ગયા નહી ?

તે વેળાએ જે હોઠપર એક દહાડો કેવલ એક દહાડો સુધાપાન કર્યું હતું, આજે ઝેરની આશાથી તે હોઠપર તેણે ચુંબન કર્યું. પરંતુ ઝેર તો મળ્યું નહીં વળી ચુંબન કર્યું તોપણ ઝેર મળ્યું નહીં. આજે શું આ હોઠપર પડીને ઝેર અમૃત થઇ ગયું છે ! હોઠના સ્પર્શથી જાણ્યું કે હોઠ તે વેળાએ ગરમ છે. બાલીકા રોતી રોતી બોલી, કેટલો વખત પ્રાણાધીક ! કેટલો વખત ?

એવામાં શહેરના પહેરદારો આવીને તે કબરસ્થાનમાં હાજર થયા. બહાર ઘણી ગડબડ સંભળાઇ.

તે વેળાએ " હવે નહી ! રોમાયોના હથીયારથી આજે જુલીયાના દુઃખનો છેડો લાવ ! "

આવું કહીને બાલીકાએ ઝડપથી સ્વામીની કમરમાંથી હથીયાર લીધું, ને હથીયાર તે કોમળ હાથમાં અતી મજબુત પકડીને પેટમાં ભોક્યું. લોહીનો પ્રવાહ નીકળ્યો. જીવનનો સ્રોત અટક્યો જુલીયા રોમીયોની છાતી ઉપર ઉંધી ગઇ, બધું પુરું થયું.

તે અરસામાં લોરેન્સ પાછો આવી ચઢ્યો ,આવીને તેણે જોયું, દંપતી એકમેકને ગાઢ આલિંગન કરીને ગાઢી નિદ્રામાં અભિભૂત થયાં છે, આંખ તેની ફરી નહિ. લોરેન્સે વચાર કર્યો, આ શું સ્વ-

શાન છે? નહિ, સર્વદા લોકોની પાસે જે સ્વર્ગની વ્યાખ્યા હું કરતો આવ્યો છું તે સ્વર્ગ છે?

વૃદ્ધ વિચારમાં પડ્યો.

## પ્રકરણ ૧૯ મું.

### છેવટે વેરનો અંત સુખી સમાધિ.

થોડીવારમાં તે શોકની ખબર ચારે તરફ ફેલાઇ ગઇ. નગરના માણસો નગર છોડીને શોકભૂમિમાં આવીને હાજર થયાં. તે વેળાએ પાદરીની વાતથી જુલિયાની દાઇની વાતથી, રોમિયોના કાગળથી બધી હકીકત જાણવામાં આવી. વેરોનામાં રોવાનો અવાજ ઉઠ્યો.

સુખની વેળાએ, સંપતની વેળાએ જેઓ એકો એકનાં મોં જોતા નહોતા. તે માંટેગ્યુ અને કેપ્યુલેટ આજે એકમેકને આલિંગન કરીને ધુલમાં પડીને રોવા લાગ્યા. પિતા માતાનું મૃત્યુ થયાથી બે સગા ભાઇઓ જેમ ગળે વળગીને રૂવે છે તેમ રોવા લાગ્યા તે રોવું જોઇને વેરોનાના રહેવાસીઓ પણ રોઇને વ્યાકુલ થયા.

બે મિત્ર માંટેગ્યુ અને કેપ્યુલેટે તે વખતે રોતાં રોતાં પેલી બે સોનાની પ્રતિમા, માતા વસુધરાના ખોળામાં છુપાવી અને બીજી બે સોનાની પ્રતિમા ત્યાં સ્થાપિત કરી.

વેરોનાવાસીઓ તે યુગલમૂર્તિ દેવમૂર્તિ સમજી તેની પૂજા કરીને રોતાં રોતાં ઘર તરફ પાછાં ફર્યાં.

સમાપ્ત.

# જીનતાન.

## અદ્ભુત પૌષ્ટિક દવા.
## મુખશુદ્ધિ માટે અપુર્વ મુખવાસ.

## એક વખત વાપરી જુઓ.

ઉદાસી અને કંટાળો લાગતો હોય ત્યારે, દીવસે ગરમીમાં પગે અથવા ગાડીમાં ફરવા જાઓ ત્યારે, દારૂ અથવા બીડી પીધા પહેલાં નાટકશાળા અથવા કોઇ ગરદીવાળી જગ્યાએ હો ત્યારે, ગાયન અથવા ભાષણ શરૂ કરવા પહેલાં, જ્યારે રોગચાળો ચાલતો હોય ત્યારે, ઇશ્વર ભક્તિ વખતે શ્વાસોશ્વાસ શુદ્ધ કરવા માટે, ન્હાતી વખતે વધુ પ્રફુલ્લિત અને ચૈતન્ય આણવા માટે, એવા સર્વ વખતે **જીનતાન**નો ઉપયોગ કરવો. **બે ત્રણ ગોળી પાનમાં હમેશાં ખાઓ.** દરેક પેકેટ સાથે તે કેમ વાપરવું તે બદલની સુચનાનો કાગળ જોડેલો હોય છે.

**ખાસ ફાયદા**—માથુ દુખવું, અપચનતા, અરૂચી, મરડો, ચક્કર આવતી, ઉલટી, દરીયો લાગવો, દમ તથા દારૂના છાકટાપણા ઉપર. **કીંમત:**—૩૦ ગોલીઓનુ એક પડીકુ ૦-૧-૬. ૬૫ ગો૦ કીં. ૩ આ. ૧૯૫ ગો. ટિન કેસમાં ૦-૮-૦ ૪૫૫ ગો૦ ફેનસી કેસમાં રૂ. ૧

**બનાવનારાઓ:**—મોરોશીતા કંપની, ઓશાકા-જાપાન.

**એજન્ટ—શાહ બ્રધર્સ. એન્ડ. કં. નં. ૪૫૮**

**રીચીરોડ—અમદાવાદ.**

**દવા વેચનારી સઘળી દુકાને જીનતાન મળે છે.**

---

તા૦ ક૦ અમારી દુકાનેથી દરેક જાતની ચાહ, કોફી, પરફ્યુમરી, પેટંટ દવાઓ, હોઝીયરી, કટલરી, સ્ટેશનરી, સુગંધીદાર તેલો, અત્તરો, સેન્ટો, સાબુઓ વિગેરે માલ છુટક તથા જથાબંધ કીફાયત ભાવે મળશે.